આવતી
કાલનાં
નાગરિકોનું
માસિક

કુમાર

સંસ્થાપક
સ્વ. રવિશંકર રાવળ

વર્ષ ૫૭મું

અંક ૭મો

જુલાઈ
૧૯૮૦


સળંગ
૬૭૯
મો અંક


તંત્રી
બચુભાઈ
રાવત

ઉપતંત્રી
બિહારીલાલ ટાંક

જાલસૌંદર્ય
અત્યારના સમયમાં
ગૃહશોભન માટે કરેલી
કાષ્ઠકોતરણી

કરનાર
રતિલાલ
નાયક
(જુઓ આ અંકની 'કલાવાર્તા')





સ્વ. શ્રી બચુભાઈ રાવત
છબિ-ચિત્રકાર: એલ. સી. સોની · ભુજ
બ્લૉક્સ · શ્રી રામસિંહજી રાઠોડના સૌજન્યથી

'કુમાર'ના પાનેપાને જેમની બહુમુખી પ્રતિભા પડઘાતી ને પ્રતિબિંબિત થતી રહી, સંખ્યાબંધ કવિ લેખકો અને કલાવંતોથી ગુજરાતને પરિચિત બનાવવા સાથે અનેક અવનવા વિષયોનું જ્ઞાનજળ સિંચીને જેમણે ગુજરાતનાં સંસ્કાર-સૌરભ ચોદિશ પ્રસારી, 'કુમાર' સાથેના જેમના અદ્વૈતે આદર્શપૂત અને ઉપાસનારત જીવનનું એક ગૌરવભર્યું દૃષ્ટાંત પ્રસ્થાપિત કર્યું એ, ગુજરાતની ત્રણ પેઢીના ઘડવૈયા અને ઉચ્ચ અભિરુચિયુક્ત પત્રકારત્વના અગ્રયાયી.

કુમાર   જુલાઈ ૧૯૮૦ • અંક ૬૭૯

તંત્રી : બચુભાઈ રાવત ૧ ૭   ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત • મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ • વાર્ષિક લવાજમ : રૂ. ૨૪-૦૦; પરદેશ : રૂ. ૪૮ અથવા પાઉન્ડ ૩ અથવા ડૉ. ૬-૦૦; છૂટક નકલ : રૂ. ૨-૫૦

સુલભ મેઘાણી-સાહિત્ય : સંપુટ ૩

સૌરાષ્ટ્રની રસધાર

સુવર્ણ જયંતી આવૃત્તિ

[પાંચ ભાગ : ૧૧૦૦ પાનાં : પાકાં પૂઠાં : ઉત્તમ મુદ્રણ]



અરધી સદી સુધી હજારો વાચકોને ડોલાવનાર શૌર્ય–સ્વાર્પણ–પ્રેમની એકસો કથાઓ. વર્તમાન ધોરણે આ પાંચ પુસ્તકોની કીમત રૂ. ૭૫ હોય, પણ તા. ૧૦-૮-૮૦ સુધીમાં આગોતરા ગ્રાહક થનારને

માત્ર રૂ. ૨૫માં મળશે.

એ પછી રૂ. ૫૦ની છાપેલી કીમતે મળશે.

માત્ર ૧૧,૦૦૦ નકલ છપાઈ રહી છે, અને ૮૪મી મેઘાણી જયંતીએ, તા. ૨૮ ઑગસ્ટ ૧૯૮૦એ બહાર પડશે.

✤ પ્રકાશક પાસેથી રૂબરૂ : રૂ. ૨૫

✤ રજિ૰ ટપાલમાં ઘેરબેઠાં : રૂ. ૨૯.

✤ દસ કે વધુ સેટ: સંયોજક પોતાના ખર્ચનો સંપુટ દીઠ રૂ. ૧ કાપીને રૂ. ૨૪ લેખે મોકલે. રેલ્વે/એસ. ટી. પારસલ-ખર્ચ માફ.

✤ કોઈને ભેટ આપવા ઇચ્છો તો આપના નામની ભેટ-પત્રિકા મૂકીને આપના વતી મોકલવાની વ્યવસ્થા છે.

વિશેષ લાભ

૧૯૭૮માં સુલભ મેઘાણી-સાહિત્યનો બીજો સંપુટ બહાર પડેલો : 'કાળચક્ર', 'સમરાંગણ' (નવલકથાઓ) ને 'વિલોપન' (વાર્તાસંગ્રહ) : કુલ ૬૪૦ પાનાંનાં આ ત્રણ પુસ્તકોની કીમત આજે રૂ. ૪૦ હોય, છતાં છાપેલી કીમત રૂ. ૨૨ છે, અને 'રસધાર'ના પહેલા ૨,૦૦૦ આગોતરા ગ્રાહકોને તો એ માત્ર રૂ. ૧૫માં જ મળશે.

જોઈતા સંપુટની રકમ મ. ઑ. કે ડ્રાફ્ટથી આ જાહેરાત વિસરાઈ જાય એ પહેલાં મોકલો.

('કુમાર' અંક ૬૭૯ - જુલાઈ ૧૯૮૦)

પ્રસારનાં નવાં પ્રકાશનો

લેખક : ઝવેરચંદ મેઘાણી

સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં

લોકસાહિત્યની શોધ માટે ખેડેલા પ્રવાસની કથા. રૂ. ૧૦

ચારણો અને ચારણી સાહિત્ય

૧૯૪૨માં આપેલાં વ્યાખ્યાનો. રૂ. ૧૬

સોરઠી ગીતકથાઓ

૪૫૦ દુહાઓમાં વણાયેલી ૧૩ કરુણ પ્રેમકથાઓ. રૂ. ૧૨

સોરઠી સંતો

સંતોની લોકકથાઓ. રૂ. ૭

હાલરડાં

લોકગીતોનું સંપાદન. રૂ. ૩

રવીન્દ્ર-વીણા

કાવ્યસંગ્રહ. રૂ. ૧૫

યુગવંદના

કાવ્યસંગ્રહ રૂ. ૧૦

સિંધુડો

આઝાદીનાં શૌર્યગીતો. રૂ. ૧

✤

અગાઉ બહાર પડેલાં

કાળચક્ર (નવલકથા)	રૂ. ૪
તુલસી-ક્યારો (નવલકથા)	રૂ. ૧૬
સમરાંગણ (નવલકથા)	રૂ. ૮
પુરાતન જ્યોત (સંતોની લોકકથાઓ)	રૂ. ૬
સંત દેવીદાસ	રૂ. ૩-૫૦
વિલોપન (વાર્તાસંગ્રહ)	રૂ. ૧૦

પ્રસાર

'સુલભ મેઘાણી-સાહિત્ય'ના પ્રકાશક
૧૮૮૮ આતાભાઈ એવન્યુ, ભાવનગર ૩૬૪૦૦૧

ક્યારે ? / અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

- ગાન -

હો સંત, થશે મ્હેક મ્હેક ક્યારે ફૂલવાડી ?

વાયરાની લેરખી એકે ન હોય
તો ય સરવરનાં નીર ચડે હેલે;
સૂરજનાં કિરણોથી અદકેરું તેજ
મારાં નયણાંની નિંદરને ઠેલે.

ભીતર નાચંત એક અણજાણ્યો કંપ
જાય સૂતેલી વીણા વગાડી.

હો સંત, હવે મ્હેક મ્હેક ક્યારે ફૂલવાડી ?

વણસુણ્યા સૂરની જોઉં છું વાટ
જે નદીઓનાં નીરનેય ભીંજવે;
ઘેલી ઈડાને ઘેલીઘેલી હો પિંગળા,
બેય કાંઠાંનાં તરુવરને રીઝવે !

તેજ અને સૂર અને મ્હેકનાંય પૂર–
જાય રોમ રોમ સુરતા જગાડી !

હો સંત, મારી મ્હેક મ્હેક ક્યારે ફૂલવાડી ?

એ ખબર નથી / અમૃત 'ઘાયલ'

- ગઝલ -

એ રેણ છે કે સંધ મને એ ખબર નથી,
શું ચીજ છે સંબંધ મને એ ખબર નથી.

ફૂલોની સિદ્ધિનું જ બીજું નામ છે સુગંધ,
બાકી શું છે સુગંધ મને એ ખબર નથી.

આ આમ કટકે કટકે અર્પે જાઉં છું સતત,
હું ખુલ્લો છું કે બંધ મને એ ખબર નથી.

દોરું છું અન્ય ને કદી દોરાઉં છું સ્વયં,
છું દેખતો કે અંધ મને એ ખબર નથી.

આ જેને જોરે જોઉં છું હડસેલતો મને,
એ હાથ છે કે સ્કંધ મને એ ખબર નથી.

મિત્રો ગઝલ ગઝલ છે ગઝલ એટલે ગઝલ
એ રંગ છે કે ગંધ મને એ ખબર નથી.

'ઘાયલ'–હું એને ચ્હાઉં છું સંપૂર્ણ ચ્હાઉં છું,
છે કિન્તુ શો સંબંધ મને એ ખબર નથી.

અમે નાવ રે ધકેલી / નિરંજન યાજ્ઞિક

- ભજન -

અમે નાવ રે ધકેલી ઊંડાં નીરમાં હો...જી...

સૂરજનાં કિરણો જેમ ભીંતને ઉજાળે એવું જીવતર અજવાળતાં ના આવડ્યું,
પિંજરમાં સાત સાત રંગો પૂર્યા ને તો ય ટહુકાને પાળતાં ના આવડ્યું,
અમે ટીપાંમાં સમદર જોઈ વિરમ્યા હો જી રે...
અમે નાવ રે ધકેલી ઊંડાં નીરમાં હો...જી...

અમને શોધ્યા રે અમે આયખું આખ્ખું જેમ દર્પણમાં ચલ્લી શોધે જાતને,
અવસરની રાહે અમે ઝૂર્યા, ઉજાગરાનાં તોરણથી શણગારી રે જાતને,
અમે કંચન ને ખોળિયાં કથીરનાં હો જી રે...
અમે નાવ રે ધકેલી ઊંડાં નીરમાં હો...જી...

◐ ક્યારે ? : પ્રભાનુભૂતિના–વિમાસણના–આ ગાનમાં ધ્રુવ પંક્તિમાં જ અનુભવી સંતને ઉદ્દેશીને નિજની અમૂંઝણ અભિવ્યક્ત થઈ છે ફૂલવાડી ક્યારે મ્હેક મ્હેક થશે–ની. આ ફૂલવાડી તે જ આ જીવન એવો સંદર્ભ સમજતાં વાર લાગશે નહિ, કારણ કે પરંપરાની ભજનબાનીનો એને આશ્રય સાંપડી ચૂક્યો છે. વળી, બીજા અંતરાના યૌગિક પરિભાષાના શબ્દો–ઇડા અને પિંગલા દ્વારા પણ એનું સૂચન સ્પષ્ટ થઈ જાય છે. પણ આ અનુભૂતિનો અણસારો આવી રહ્યો છે તેની વાત ગીતના બંને અંતરામાં કરવામાં આવી છે–વિવિધ પ્રતીકોથી. વાયરો નથી છતાં ય નીર હેલે ચડ્યાં છે ! ભીતર અણજાણ્યાં સ્પંદ છે, જે સૂતેલી જીવનવીણા વગાડી જાય છે. (સુન્દરમ્‌ની પંક્તિ 'મારી વીણાની વાણી જગાડી તું જા.'નો પડઘો કળાય તો નવાઈ નહિ.) એમ જ બને છે બીજા અંતરામાં વણસુણ્યા નાદની વાટ જોવાય છે. આ બધું અજ્ઞાત અનુભવાય છે, પણ દૂરથી એને આ જીવનમાં ઉતારવું છે. માટે સ્તો મૂંઝવણ છે આ ફૂલવાડી ક્યારે મ્હેક મ્હેક થશે એની! અગમ અગોચરના અણસારાનો પ્રાકટ્યોત્સવ ઝંખતા ઉત્સુક જીવના આ છે ઉદ્‌ગારો. ◐ એ ખબર નથી : પરંપરાની પીઠિકા પર બેઠેલી આ ગઝલ એની સહજતા અને સરલતાને લીધે આકર્ષક અને આસ્વાદ્યક્ષમ બની આવી છે. 'એ ખબર નથી' જેવી રદીફથી અનાયાસ બન્યે જતી ઘટનાઓની સાહજિકતાનો ધ્વનિ આબાદ રીતે ઊઠી રહે છે. 'મિત્રો ગઝલ ગઝલ છે ગઝલ એટલે ગઝલ' કહેનાર ગઝલકારની આ ગઝલ પણ અસલ મિજાજની ગઝલ છે એ કૈં ઓછું છે ? ◐ અમે નાવ રે ધકેલી : નીરમાં નાવ તો મૂકી, પણ વિરમ્યા તો ટીપામાં સમદરની અનુભૂતિ કરીને. અહીં આ સંસારે ઝંપલાવ્યા પછી પણ જાણે જીવતર જીતતાં ના આવડ્યું એનો વસવસો બીજી પંક્તિમાં ઉપમા દ્વારા સૂચવાઈ ગયો છે. અને વધુ ગહન વાત—જીવનના મર્મશોધનની વાત—પછીના અંતરામાં જાતને શોધવામાં આખું આયખું ગાળ્યાના ઉલ્લેખમાં સ્પષ્ટ બનીને આવે છે. એ જ ભાવને 'જેમ દર્પણમાં ચલ્લી શોધે જાતને' જેવી નવીન ઉપમા દ્વારા રસકોટિ સુધી પહોંચાડવાનો પ્રયાસ થએલો જોઈ શકાશે. અને આ વેદના આખરે દેહ આત્માની વિષમ દ્વૈતાનુભૂતિમાં—'અમે કંચન ને ખોળિયાં કથીરનાં હો જી રે—'માં ચોટથી અભિવ્યક્ત થએલી માણી શકાશે.

—ધી. પ.

કદરદાની

બહાદુરશાહ પંડિત

પ્રખ્યાત પીઆનોવાદક રૂબિન્સ્ટાઈન સંગીતનો કાર્યક્રમ આપ્યા બાદ એટલા બધા થાકી જતા કે એ કોઇને પણ હસ્તાક્ષર આપતા નહોતા. એ રીતે એક વાર કાર્યક્રમમાં જાહેર કરવામાં આવ્યું કે પીઆનો વગાડીને રૂબિન્સ્ટાઈનના હાથ દુ:ખી જતા હોવાથી કોઇએ એમની પાસે હસ્તાક્ષર માગવા નહિ. આમ છતાં જેવા તેઓ પીઆનો વગાડીને બહાર નીકળ્યા કે એક નાની સુંદર કન્યાએ એમની સામે પોતાની હસ્તાક્ષરપોથી ધરી. રૂબિન્સ્ટાઇને નારાજ થઇને એ કન્યા સામે જોયું, એટલે એ બોલી: 'મને ખબર છે કે પીઆનો વગાડીને તમારા હાથ દુ:ખે છે, પણ એમ તો અમારા હાથ પણ દુ:ખે છે–તાળીઓ પાડીને'.

રૂબિન્સ્ટાઇને એ બાળકીની નોટમાં તરત જ પોતાના હસ્તાક્ષર પાડી આપ્યા એ સ્પષ્ટતા કરવાની ભાગ્યે જ જરૂર રહે છે.

કદરદાની એ 'માસ્ટર કી' (ગુરુ ચાવી) છે. ગમે તેવા કઠોર હૃદય-તાળાને પણ આ ચાવીથી ખોલી શકાય છે. નાના બાળકથી આરંભી ૯૦ વર્ષની વયના વૃદ્ધ સુધીના તમામ માણસો પોતાના કામની કદર થાય એમ ઇચ્છતા હોય છે. કદરનો એકાદ શબ્દ કે કોઈ વાર તો નાનોસરખો ઈશારો માત્ર માણસના ચિત્તને પ્રફુલ્લિત બનાવી એના અસ્તિત્વને હર્ષવિભોર બનાવી દે છે. બાળકને ઊંઘાડતી વખતે મા હાલરડું ગાય છે:

ભાઈ મારો ડાહ્યો, પાટલે બેસી નાહ્યો;
પાટલો ગયો ખસી, ભાઈ પડ્યો હસી.

આમાં બાળકની કદર કરવામાં આવી છે. એ કદરયુક્ત પ્રશંસા સાંભળી બાળક રડવાના બદલે ઘોડિયમાં ઊંઘી જાય છે. એ જ રીતે દિવસમાં એક જ વાર જમતા વૃદ્ધ પિતા અંગે પુત્ર મિત્રો આગળ એમ કહે કે, 'મારા પિતાજી જબરા સંયમી છે. ૬૦ની વયે પહોંચ્યા પછી એમણે દિવસમાં એક જ વાર જમવાનો નિયમ કર્યો છે. છેલ્લાં દશ વર્ષમાં એ નિયમ કદી તૂટ્યો નથી'. તો એ સાંભળી પિતાનો નિયમ વધારે મજબૂત બને છે.

અબ્રાહમ લિંકનની માતાએ મરતી વખતે એમને પાસે બોલાવી કહ્યું હતું: 'બેટા, તું હજી બાળક છે, પણ તારી શક્તિઓ જોતાં મને લાગે છે કે તું મહાન બનીશ'. અને કદરદાનીના આ શબ્દોએ લિંકનને મહાન બનવાની પ્રેરણા નહિ આપી હોય એમ કોણ કહી શકે?

સોલોમને કહ્યું છે કે, 'A word fitly spoken is like apples of gold in a setting of silver' યોગ્ય સમયે ઉચ્ચારાયેલો એક શબ્દ ચાંદીના સેટમાં સોનાના સફરજનની ગરજ સારે છે.

કદરદાનીની કલા પાશ્ચાત્ય પ્રજાએ સહજ રીતે સિદ્ધ કરી છે. અંગ્રેજી શબ્દ 'થૅંક યુ' કદરદાનીની ચશકલગી જેવો છે. રસ્તા પર સામે આવતો માણસ સહેજ ખસીને જગા આપે તો પણ અંગ્રેજ વ્યક્તિ એનો આભાર માનશે.

પણ કદરદાની અને ખુશામત વચ્ચે ફેર છે. અલબત્ત એ બે શબ્દો વચ્ચેની ભેદરેખા એટલી પાતળી છે કે ઘણી વાર કદરદાનીના નિખાલસ શબ્દોમાંથી ખુશામતની બદબૂ આવતી લાગે છે તો કોઈ વાર ખુશામત આવી ચાલાકીથી કરવામાં આવે છે કે એ સાંભળનારને સાચી કદરદાની લાગે છે.

કદરદાની અને ખુશામતનો ભેદ સાંભળનાર વ્યક્તિના પક્ષેથી નહિ, પણ બોલનારના પક્ષેથી કરવો જોઇએ. કારકુન જ્યારે રજાની અરજી ટેબલ પર મૂકી સાહેબની નિયમિતતાની પ્રશંસા કરે ત્યારે એ કદર નથી પણ ખુશામત છે. કારણ કે એમાં રજા મંજૂર કરાવવાનો સ્વાર્થ ભળેલો છે. આમ, કદરદાની એટલે નિ:સ્વાર્થ ને નિખાલસ પ્રશંસા. એમાં સો ટકા સત્ય હોય છે. પ્રશંસામાં સ્વાર્થ ભળે ત્યારે સત્યનું પ્રમાણ ઘટે છે. અને એ કદરદાની ખુશામત બને છે.

પણ કદર કરવાની શક્તિની સાચી કસોટી તો જ્યારે દુશ્મનની પ્રશંસા કરવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે થાય છે.

એક શાળાના આચાર્યમિત્ર આવી કસોટીમાંથી પાર ઊતર્યાનો હું સાક્ષી છું. એમની શાળામાં કૉલેજમાંથી ફાજલ થએલા એક અધ્યાપક જોડાએલા. એમને આ આચાર્યની અમુક નીતિરીતિ સામે રોષ ચઢ્યો ને એમણે શાળાના શાસન સામે ખુલ્લો બળવો પોકાર્યો. બંને પક્ષે એકબીજા પર આક્રમણ શરૂ કર્યું ને મામલો છાપે ચઢ્યો અને શિક્ષણખાતા સુધી પહોંચ્યો. આખરે સમાધાન થયું અને થોડા સમય બાદ પેલા ફાજલ અધ્યાપક તો પોતાની કૉલેજમાં પાછા ચાલ્યા ગયા. ત્યાર બાદ પેલા આચાર્યમિત્ર મળ્યા. એમના ઝઘડાની વાત નીકળતાં એ બોલ્યા. 'એ અધ્યાપકે મને ખૂબ હેરાન કર્યો એટલે મને એના પર ગુસ્સો છે, પણ એક વાત કહું? મને એની બુદ્ધિ અને કાર્યદક્ષતા માટે ખૂબ માન થયું છે.'

ગમે તેવા કટ્ટર દુશ્મનના ગુણની તટસ્થ ને બિનઅંગતપણે પ્રશંસા કરવી એ સાચી કદરદાની છે. પણ પ્રશંસા કરીને અટકી જવા કરતાં એને લાયક એવી જગા એને આપવી એ તો કદરદાનીની પરાકાષ્ઠા છે.

એક વાર ફ્રાન્સના મહાન સમ્રાટ નેપોલિયને એક ઊંચા હોદ્દા પર એક માણસની નિમણૂંક કરી. આ હોદ્દો બહુ મહત્ત્વનો હતો અને ગમે તે માણસને એ જગ્યાએ નીમવો એ ભયભરેલું હતું. એથી નેપોલિયનના કેટલાક સાથીદારો એની પાસે જઈ કહેવા લાગ્યા: 'એ માણસ તમારા સંબંધમાં સારું બોલતો નથી. માટે એવા માણસને આવા હોદ્દા પર નીમવો એ આપણને જ જોખમમાં મૂકવા બરોબર છે!'

એ સાંભળીને નેપોલિયને કહ્યું: 'એ પોતાનું કામ યોગ્ય રીતે કરી શકતો હોય તો મારા સંબંધમાં એના વ્યક્તિગત વિચારો ગમે તેવા હોય એની મને ચિંતા નથી. મને તો એના કામ સાથે નિસ્બત છે.

જીવનના સામાન્ય વ્યવહારમાં કદરયુક્ત પ્રશંસા, સાંભળનારને કેટલો બધો આનંદ આપે છે, એની પ્રતીતિ આપણને ઘરમાં જ થાય છે. સ્વાદિષ્ટ રસોઈ જમતાં પતિ કે ઘરનાં અન્ય માણસો ગૃહિણીની પ્રશંસા કરે તો રસોઈ કરતાં લાગેલો બધો થાક તરત જ અદૃશ્ય થઈ જાય છે. એકથી પાંચ નંબરની અંદર પાસ થએલા પુત્રની પીઠ થાબડવામાં આવે તો એને અભ્યાસ કરવાની કેવી ધાનક લાગે છે? અરે, વાસણ માંજનાર ઘરઘાટીને પણ 'તારું કામ ખૂબ ચોખ્ખું' એમ કહેવામાં આવે તો એને કેવો પોરસ ચડે છે?

સાચી પ્રશંસા કરવામાં કશી શરમ નથી. એવી પ્રશંસાનાં બે વાક્યો વાપરીને આપણે સામી વ્યક્તિના જીવનને ભર્યુંભર્યું બનાવી દઇએ છીએ. એના કામમાં એનો રસ ને નિષ્ઠા વધે છે અને ફરી વાર એ વ્યક્તિ મળે ત્યારે આપણી સાથે હસીને વાત કરવાની એને ઇચ્છા થાય છે.

કોઈ પણ રાષ્ટ્રને મહાન બનાવનાર ત્રણ વસ્તુ છે. (૧) ઈશ્વર તરફનો અનુરાગ, (૨) માણસોમાં વસેલું સત્ય અને (૩) સ્ત્રીઓની પવિત્રતા–શીલની સાચવણી. આ ત્રણ વિનાનું રાષ્ટ્ર –પછી ગમે તેવું મોટું કેમ નથી હોતું–નાશ પામવાનું જ. તેનો ધનવૈભવ, તેની રાજસત્તા, નાશને બચાવી શકવાનાં નથી જ. અજ્ઞાન અને સ્વચ્છંદી માણસો મારા આ કથન ઉપર હસશે–મજાક ઉડાવશે. પરંતુ સૂર્ય જેમ દિવસને સર્જે છે, તેમ આ ત્રણ ચીજો જ પ્રજાના સનાતન અસ્તિત્વને સર્જે છે.

—મેરી કોરેલી



આયુર્વેદાચાર્ય

યાદવજી ત્રિકમજી આચાર્ય

લેખક · વિજયગુપ્ત મૌર્ય

આયુર્વેદ-ઉત્કર્ષ માટેના ભેખધારી, સરસ્વતીના ઉપાસક ઋષિ અને ધન-કીર્તિ પ્રત્યે સદાય નિર્મોહી 'યાદવજી મહારાજ'

કેટલાક અબુધ લોકો કોઈ વાર પૂછે છે કે આ જમાનામાં ઋષિઓ હોય છે ખરા?

હા, ખરેખર હોય છે. પણ હવે તેમને શોધવા માટે હિમાલયમાં જવાની જરૂર નથી. ઋષિઓ વિદ્યાના પ્રવર્તકો હતા. આજે મુંબાઇ, પૂણે, બૅંગલોર, કલકત્તા, મદ્રાસ વગેરે નગરો વિદ્યાનાં ધામ છે. આથી આ જમાનાના ઋષિઓ અહીં સરસ્વતીની તપશ્ચર્યા કરતા હોય છે. તેઓ પોતાનું જીવન વિદ્યા અને વિજ્ઞાનને અર્પણ કરી દે છે. આ કથા આવા એક મહર્ષિની છે, જેમણે આયુર્વેદ, શાસ્ત્રો અને સંસ્કૃતિના અભ્યાસને પોતાનું જીવન અર્પણ કર્યું હતું.

ત્રણ દાયકા પહેલાંનો એક પ્રસંગ મને યાદ આવે છે. તે સમયે છેક બદરીનાથ અને કેદારનાથ સુધી બસની સગવડ ન હતી. અમે પહેલાં કેદારનાથ જઈને ત્યાંથી પગરસ્તે પહાડો ચડતા-ઊતરતા મોડી સવારે બદરીનાથ પહોંચ્યા ત્યારે ખૂબ જ થાકી ગયા હતા. સ્નાનાદિ નિત્યકર્મથી પરવારીને અમે આરામ કરવા પડયા, ત્યાં આ મહર્ષિએ કહ્યું: 'જુઓ, આ ભૂમિ યક્ષોની છે. અલકનંદાની પેલે પાર યક્ષરાજ મણિભદ્રની રાજધાની હતી. હવે ત્યાં માણા નામનું ગામડું છે. યક્ષોનો રાજા કુબેર હતો, અને તે દેવોના રાજા ઇન્દ્રનો કોષાધ્યક્ષ હતો. આપણા દેશમાં માત્ર બદરીનાથમાં કુબેર પૂજાય છે. અહીં સુધી આવ્યા છીએ તો ચાલો અલકનંદાને સામે પાર માણા જોઈ આવીએ. થાક તો બહુ લાગ્યો હતો પણ કંઈક નવું જોવાની જિજ્ઞાસાથી હું ઊભો થઇ ગયો. આ વયોવૃદ્ધ પંડિત માટે પાલખી જેવી એક દાંડી કરી હતી. પરંતુ તે ઊંચકનારા ગઢવાલી મજૂરો પણ થાકી ગયા હતા તેથી તેમણે આવવાની ના પાડી દીધી. પરન્તુ આ વિદ્વાન તેથી નિરાશ થાય તેવા ન હતા. મને કહે: 'ચાલો, હું પણ ચાલી નાખીશ.'

ભારત અને તિબેટની સરહદ ઉપર માણાઘાટ છે. તેના મુખ ઉપર માણા નામનું ગામ વસેલું છે. બપોરે અમે ચાલવા લાગ્યા. ૧૧,૦૦૦ ફૂટની ઊંચાઈ, પાતળી હવા, છાતી સોંસરવો નીકળી જાય તેવો સુસવાટા મારતો ઠંડો પવન, સર્વત્ર પાણા, પાણી અને બરફ. વનસ્પતિમાં માત્ર ઝાડી-ઝાંખરાં. કારણ કે આટલી ઠંડીમાં આટલે ઊંચે વૃક્ષો ઊગે નહિ. તડકો હતો પણ તેની હૂંફ લાગે નહિ. સ્વચ્છ હવાના કારણે આકાશનો ઘુમ્મટ પણ સુંદર નીલ રંગે શોભતો હતો.

અમે એકાદ માઈલ ચાલ્યા હોઈશું. ભારતમાં શિયાળો ગાળીને પાછાં ફરતાં વિવિધ પક્ષીઓને ઓળખવામાં મારું ધ્યાન હતું ત્યાં આ નિર્જન, સૅંકાર, પહાડી વગડામાં પાછળથી કોઈનો આતુરતાપૂર્ણ સાદ સંભળાયો. 'મહારાજ......' અમે પાછળ જોયું, એક માણસ દોડતો આવતો હતો. આવી પાતળી ઠંડી હવામાં ચાલતાં પણ થાક લાગે, ત્યાં તે દોડતો આવતો હતો. આથી અમે ઊભા રહી ગયા. તે આવી પહોંચ્યો અને ખૂબ હાંફતાંહાંફતાં મને પૂછ્યું. 'મૈંને સુના કિ બંબઈ સે યાદવજી મહારાજ આયે હૈ...' મેં કહ્યું: 'જી હાં, આપ હૈ યાદવજી મહારાજ.' તેણે ભક્તિભાવ અને મુગ્ધતાથી ધરતી પર પડીને યાદવજી મહારાજને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. તે પણ બદરીનાથનો એક યાત્રી હતો, અને ત્યાં યાદવજી મહારાજના આગમનની જાણ થતાં માત્ર તેમનાં દર્શન કરવા માટે આવા વિકટ પ્રદેશમાં અને આવા કઠોર હવામાનમાં દોડતો આવ્યો હતો. આ દેશમાં ધર્મગુરુઓ પ્રત્યે લોકોની શ્રદ્ધા અને અંધશ્રદ્ધા મેં જોઈ છે. રાજકીય નેતાઓ અને સત્તાધીશો પાસે ખુશામત કરતા માણસોને જોયા છે. આયુર્વેદાચાર્ય યાદવજી ત્રિકમજી આચાર્ય ધર્મગુરુ ન હતા, રાજકીય નેતા કે સત્તાધીશ ન હતા, તેઓ કેવળ વિદ્વાન હતા. આથી તેમની વિદ્યા પ્રત્યે આ માણસનો આટલો ભક્તિભાવ જોઈ મને આનંદ થયો.

અમે આગળ ચાલ્યા. દૂર વસુધારા નામનો એક ધોધ પડી રહ્યો હતો, અને પવન એવા જોરથી વાતો હતો કે ધોધ નીચે પડે તે પહેલાં તેનું પાણી ઊડી જતું હતું. ત્યાં જવા અમારી ઉત્કટ ઇચ્છા હતી, પરંતુ તેની દિશા જુદી હોવાથી એ આકર્ષણ જતું કરવું પડયું. માણા જતાં વચ્ચે અલકનંદાનું કોતર આવે છે. તે ઊતરવું પડે અને લાકડાના એક ખખડધજ પુલ વડે નદી પાર કરીને સામે કાંઠે ચડવું પડે. તે પછી માણા ગામ આવે. વયોવૃદ્ધ યાદવજી મહારાજ માટે આટલો પરિશ્રમ અશક્ય હતો. તેથી તેમણે કહ્યું: 'હું આ ધાર પર બેઠો છું, તમે સૌ માણા જાઓ, બધું જુઓ, તસ્વીરો અને ફિલ્મ લો અને તમે શું જોયું તેનું મારી પાસે વર્ણન કરજો. તેમને અહીં એકલા છોડી જવા મારું મન માનતું ન હતું. પણ હું તેમની માનસિક હિંમત પર મુગ્ધ થઈ ગયો હતો. અમે નમતી સાંજે પાછા ફર્યા ત્યાં સુધી તેમણે વનસ્પતિશાસ્ત્રી

તરીકે અહીંની વનસ્પતિનો અભ્યાસ કરવામાં સમય ગાળ્યો હતો.

યાદવજી મહારાજ ધન અને પ્રસિદ્ધિ પ્રત્યે વૈરાગ્ય ધરાવતા હતા તેથી આયુર્વેદ અને બીજા તબીબી વિજ્ઞાનની બહારનાં ક્ષેત્રોમાં તેઓ જાણીતા ન હતા. છતાં જેમણે તેમની વિદ્વત્તા અને તેમનું અણીશુદ્ધ ચારિત્ર્ય બંને જોયાં હતાં તેઓ તેમના પ્રત્યે અનન્ય ભક્તિભાવ ધરાવતા હતા અને હજી યે તેમને યાદ કરે છે. તેમના પ્રશંસકોમાં સ્વ. પં. મદનમોહન માલવિય અને પં. સુખલાલજી જેવા વિદ્વાનો, બિરલા, દાલમિયા વગેરે ઉદ્યોગપતિઓ અને પ્રથમ પંક્તિના ડૉક્ટરોનો સમાવેશ થતો હતો.

આયુર્વેદને વરેલા વૈદ્યોના કુળની પરંપરામાં યાદવજી મહારાજ જન્મ્યા હતા. તેમના પૂર્વજો સિંધમાંથી કચ્છમાં લખપત અને ભૂજ થઈને સૌરાષ્ટ્રમાં આવ્યા અને પોરબંદરમાં વસ્યા હતા. ગોવર્ધન વૈદ્યના ચાર પુત્રો : ગંગાધર, નારાયણ, ત્રિકમજી અને લક્ષ્મીરામ. પહેલા બે પોરબંદરમાં જ રહ્યા. બીજા બે મુંબઈ આવ્યા. યાદવજીએ પોરબંદરમાં સંસ્કૃતથી વિદ્યાભ્યાસ શરૂ કર્યો હતો અને મુંબઈ આવીને વિદ્યાભ્યાસમાં આગળ વધ્યા હતા. પોરબંદરમાં હરિહર શાસ્ત્રી તેમના પહેલા ગુરુ હતા. મુંબઈમાં તેમણે વિવિધ વિદ્યાશાખાઓ માટે ઘણા ગુરુઓ કર્યા તેમાં પં. ગૌરીશંકર નાથુરામ, શાસ્ત્રી ખીમજી વાલજી વાસુ, પં. ઘેલારામ વગેરેનો સમાવેશ થતો હતો. પં. ઘેલારામ પ્રત્યેનો ઋણભાર તેમણે તેમના પુત્રને વિદ્યાભ્યાસમાં પ્રોત્સાહન આપીને ચૂકવ્યો હતો. તે પુત્ર તે ડૉ. ડી. જી. વ્યાસ. આંખોના સ્પેશિયાલિસ્ટ તરીકે તેમ જ કળા અને સંસ્કૃતિના અભ્યાસી વિવેચક તરીકે તેઓ પ્રખ્યાત થયા હતા.

સંસ્કૃતનું ઊંચું જ્ઞાન મેળવીને યાદવજી પિતાની પાસે આયુર્વેદ શીખવા લાગ્યા. પરંતુ તેમના દુર્ભાગ્યે માત્ર ૧૮ વર્ષની વયે તેમણે પિતાનું છત્ર ગુમાવ્યું. લક્ષ્મીરામકાકાએ તેમને ઓથ આપી, તેમ છતાં હવે તેમણે આપસૂઝથી અને આપબળે પોતાનું ઘડતર પોતે જ કરીને સંસારમાં આગળ વધવાનું હતું. અને અછત, ગરીબી તથા મુશ્કેલીઓ વચ્ચે પુરુષાર્થો વડે તેઓ આગળ વધતા રહ્યા.

આજે પોતાના ઘરમાં પોતાનું કામ પણ ન કરતા, વર્તમાનપત્ર પર નજર ફેરવીને તેની ઘડી પણ નહિ કરતા આપણા યુવાનોને હું જોઉં છું ત્યારે મને યાદવજી મહારાજના શબ્દો યાદ આવે છે. વૈદ્ય તરીકેની કારકિર્દીના આરંભમાં તેઓ પોતાના હાથે ઔષધો ખાંડતા ને વાટતા હતા. આવા પરિશ્રમ અને વ્યવસાય વચ્ચે સમય કાઢીને વિવિધ વિદ્યાઓ શીખવા ગુરુઓને શોધતા હતા અને ગુરુ-પ્રણાલિકા પ્રમાણે તેમની પણ સેવા કરતા હતા. યુનાની વૈદક શીખવા તેમણે ઉર્દૂ ભાષા શીખી લીધી અને હકીમ રામનારાયણજીના ઘરે જઈ તેમની પાસેથી યુનાની વૈદક શીખતા હતા. તેમના ગુરુઓમાં હિંદીભાષી અને સંસ્કૃતભાષી પંડિતો પણ હતા. સંસ્કૃત અને હિંદી તેમની માતૃભાષા જેવી બની ગઈ. મરાઠી અને બંગાળીમાં પણ આયુર્વેદ વિષે ઘણું સાહિત્ય છે એ જાણી તેમણે આ ભાષા પણ શીખી લીધી, અને અંગ્રેજી વિના તો ચાલે જ કેમ? સંસ્કૃત સિવાયની બધી ભાષાઓ તેઓ આપસૂઝથી શીખ્યા હતા.

યાદવજી મહારાજ બુદ્ધિજીવી હતા. આયુર્વેદના ગ્રંથોમાં આયુર્વેદના નામે ઘણું ઉટપટાંગ સાહિત્ય પણ ઘુસાડી દેવામાં આવે છે અને ઘણાં ઔષધીય દ્રવ્યોના ગુણોની અતિશયોક્તિ કરતાં વર્ણનો ભરી દેવામાં આવે છે. યાદવજી મહારાજ આ બધું સ્વીકારી લેવા તૈયાર ન હતા. તેમણે પ્રત્યેક આયુર્વેદિક અને યુનાની દ્રવ્યો વિષે વિવિધ ભાષાઓમાં અધ્યયન કર્યું અને તેના ગુણધર્મોની કસોટી કરી. આમ વૈદ્ય તરીકે તેમનો વ્યવસાય કમાવાનો ધંધો ન હતો, પણ અભ્યાસ અને સંશોધનનો-વિષય હતો. તેઓ વિવિધ રોગોમાં વિવિધ ઔષધીય દ્રવ્યો, સ્વતંત્ર રીતે અને મિશ્રણ કે સંયોજિત રૂપે અજમાવતા જાય અને તેમનાં પરિણામ નોંધતા જાય. તેમાં વનૌષધિ, ખનિજ ઔષધિ અને પ્રાણીજ ઔષધિ પણ આવી જાય. આમ દાયકાઓના અનુભવના નીચોડ રૂપે તેમણે 'સિદ્ધયોગ સંગ્રહ' નામનું પુસ્તક હિંદીમાં લખ્યું, જેમાં વિવિધ રોગોના ઉપચાર માટે વિવિધ ઔષધિઓનું નિર્માણ કર્યું. ચરક, સુશ્રુત, વાગ્ભટ્ટ વગેરેનાં ઔષધનિર્માણમાં સુધારાવધારા કર્યા.

આયુર્વેદનું સંશોધન કરીને યાદવજી મહારાજે અનેક ગ્રંથો લખ્યા છે. મુંબઈના નિર્ણયસાગર પ્રેસમાં તેમનાં પુસ્તકો અને પુસ્તકોની પુનરાવૃત્તિ છપાતાં જ હોય. એમના કર્મયોગની નિયમિતતા ઘડિયાળ અને પંચાંગ (કૅલેન્ડર) જેવી હતી. બ્રાહ્મ મુહૂર્તમાં પાંચ વાગ્યે ઊઠીને નિત્યકર્મ પતાવીને પછી લેખન-વાચનમાં પ્રવૃત્ત થઈ જાય. ત્યાર બાદ દેશ અને દુનિયાના બનાવોથી પરિચિત રહેવા વર્તમાનપત્રો વાંચી જાય. કોઈ વાર રાજકારણની ચર્ચા કરવા મને બોલાવે. તેમની બધી પ્રવૃત્તિ ઘડિયાળના કાંટા પ્રમાણે થાય. ઔષધોનું નિર્માણ અને ઉત્પાદન પોતાની દેખરેખ નીચે કરાવે. બપોરે ભોજન કરીને આરામખુરશીમાં જરા ઝોકું ખાઈ લે, અને પછી થોડી જ વારમાં અધ્યયનમાં ઓતપ્રોત થઈ જાય રાત્રે દવાખાનેથી આવીને ફરીથી લેખન-વાચન શરૂ કરે. દર્દી પૈસા આપે, ન આપે, ઓછા આપે, કિંમતી ભેટ ધરી જાય એ બધા પ્રત્યે એમને વૈરાગ્યભાવ, તે કહેતા કે આયુર્વેદ માનવસેવાનું એક ક્ષેત્ર છે. આ વિદ્યા અને ઔષધો વેચવા માટે નથી. રોગીને વ્યાધિમાંથી મુક્ત કરવા માટે છે. તેમ છતાં સંસારમા રહેવું છે. કૌટુંબિક જવાબદારીઓ ઉઠાવવી છે, ઔષધીય દ્રવ્યો ખરીદવાં પડે છે. તેથી વૈદકને ધંધો બનાવવો પડે છે, પરંતુ તે આયુર્વેદના સિદ્ધાંતથી વિરુદ્ધ છે.

ધન પ્રત્યે આવી નિર્મોહી બીજી કોઈ વ્યક્તિ મેં જોઈ નથી. આમ કહેવામાં હું મારા વડીલ પ્રત્યે પક્ષપાત કે અતિશયોક્તિ નથી કરતો. ધર્માર્થે ચાલતાં દવાખાનાઓમાં તેઓ વિનામૂલ્યે અને જાતે પારસેલ-ખર્ચ ભોગવીને ઔષધો મોકલતા હતા. લક્ષ્મી પ્રત્યે આટલા નિસ્પૃહી હોવાથી ઈશ્વરે તેમને વિદ્યા અને કીર્તિ ઉપરાંત સ્વકમાઈનું ધન પણ આપ્યું અને તેમણે ઉદાર હાથે તે સારાં કામોમાં વાપર્યું.

જડીબુટ્ટી અને નુસખાના મોહક નામે ઓળખાતાં ઘણાં ઔષધોની યાદવજી મહારાજે સ્વાનુભવથી કસોટી કરી હતી અને ઉત્તમ ઔષધોનું નિર્માણ પણ કર્યું. કેટલાક તબીબો અને શોધકો પોતાની શોધ ગુપ્ત રાખે છે, તેના પૅટન્ટ મેળવે છે ને તેમાંથી લાખો રૂપિયા કમાય છે. યાદવજી મહારાજને કદી આવી તૃષ્ણા થઈ ન હતી. જે અનુભવ થયા તે સાર્વજનિક લાભાર્થે લખી ગયા. આજે ઘણા વૈદ્યો અને ઘણી ફાર્મસીઓ યાદવજી મહારાજે કરેલાં સંશોધનોના આધારે પુષ્કળ કમાય છે, તેમની હયાતીમાં પણ કમાતા હતા. યાદવજી મહારાજને તેનો આનંદ હતો કે રોગીઓની વ્યથા દૂર કરવા તેમના પરિશ્રમનો સદુપયોગ થાય છે.

આયુર્વેદાચાર્ય તરીકે યાદવજી મહારાજની કીર્તિ સમગ્ર દેશમાં વૈદકીય ક્ષેત્રે પ્રસરી. દેશના ખ્યાતનામ વૈદ્યો, હકીમો ને ડૉક્ટરો તેમના મિત્ર અને પ્રશંસક બન્યા. તેમાં બંગાળના મહામહોપાધ્યાય પંડિત ગણનાથ સેન, મહારાષ્ટ્રના ડૉ. વામન દેસાઈ, ગુજરાતના ડૉ. પ્રાણજીવન મહેતા (જામનગર રાજ્યના ચીફ મેડિકલ ઑફિસર), વનસ્પતિવિજ્ઞાની જયકૃષ્ણ ઇન્દ્રજી દવે વગેરેનો સમાવેશ થાય છે.

વિદ્યા પ્રચાર માટે અને લોકોના કલ્યાણ માટે છે, મનમાં સંઘરી રાખવા માટે નથી, એવી યાદવજી મહારાજની માન્યતાની એક વાર આકરી કસોટી થઈ. પંડિત મદનમોહન માલવિયે તેમને બનારસ હિંદુ યુનિવર્સિટીમાં આયુર્વેદના શિક્ષણનું ખાતું સંભાળી લેવા આગ્રહ કર્યો. કોઈની નોકરી નહિ કરવામાં અને સ્વતંત્ર જીવન જીવવામાં માનતા યાદવજી મહારાજ માટે આ એક આકરી કસોટી હતી. સંશોધન અને ધંધાકીય કામગીરીની આટલી બધી પ્રવૃત્તિ સમેટી લઈને દૂર વારાણસીના મર્યાદિત ક્ષેત્રમાં કેમ પુરાઈ રહેવું? તેમ છતાં આ પણ આયુર્વેદના

શિક્ષણ અને પ્રસારનું કામ હતું. આથી તેમણે મર્યાદિત સમય માટે બનારસ હિંદુ યુનિવર્સિટીને પોતાની સેવા આપવાનું સ્વીકાર્યું. ત્યાં તેઓ (સ્વ.) પંડિત સુખલાલજીના સમાગમમાં આવ્યા, અને બન્ને વિદ્વાનો મિત્ર બની ગયા. એક દિવસ સુખલાલજીએ પોતે મારી પાસે એ સુખદ મૈત્રીનાં સંસ્મરણો વર્ણવ્યાં હતાં.

આયુર્વેદના સંશોધન માટે અને વૈદકીય વ્યવસાયના શુદ્ધિકરણ માટે યાદવજી મહારાજે દેશવ્યાપી પ્રવૃત્તિ કરી હતી. અનેક અખિલ ભારતીય આયુર્વેદિક સંમેલનો અને પરિષદોના અધ્યક્ષ તરીકે ચૂંટાયેલા યાદવજી મહારાજે સદીઓથી આયુર્વેદ પર ચઢી ગયેલાં જાળાં ઝાટકી નાખી, તેને એક વિજ્ઞાનના સ્વરૂપે રજૂ કર્યો. સદીઓથી તેનું સંશોધન અટકી ગયું હતું. સદીઓથી તે વિજ્ઞાન અને સેવાકાર્ય મટીને પેટ ભરવાનો ધંધો બની ગયો હતો. વિજ્ઞાન હમેશાં સંશોધન અને વિકાસ માગી લે છે. પશ્ચિમી તબીબી વિજ્ઞાનમાં છેલ્લાં ત્રણસો વર્ષ દરમિયાન સંશોધન અને પ્રગતિ થયાં ન હોત, તો આજે માનવજાતની શી દશા હોત? કેટલીક સદીઓથી આપણા દેશમાં અંધાધૂંધી પ્રવર્તતી હતી. તેથી આયુર્વેદમાં સંશોધન અટકી પડયાં, અને બ્રિટિશ શાસને તેના પ્રત્યે ઓરમાયું વર્તન રાખ્યું હતું. ડૉક્ટરો તેને હસી કાઢતા હતા, વૈદ્યો ઊંટવૈદ્ય પણ કહેવાતા હતા. આ દશામાંથી આયુર્વેદનો ઉદ્ધાર કરીને આજે તેને પ્રતિષ્ઠા આપવામાં આવી છે તેમાં ગણનાથ સેન, યાદવજી મહારાજ, ડૉ. પ્રાણજીવન મહેતા વગેરેનો ફાળો બહુ મોટો છે, દેશમાં ઘણે ઠેકાણે આયુર્વેદિક વિદ્યાલયો અને આયુર્વેદિક દવાખાનાં ધર્માર્થે સ્થાપવામાં અને ચલાવવામાં તેઓ નાણાંકીય સહાય પણ આપતા. જામનગરમાં ગુલાબકુંવરબા આયુર્વેદિક મહાવિદ્યાલય સ્થાપવામાં તેમની પ્રેરણા હતી અને તેના પ્રધાનાચાર્ય તરીકે તેમણે પોતાની સેવા પણ આપી હતી. આજે જામનગર આયુર્વેદનું એક વિદ્યાધામ છે. તેનો યશ યાદવજી મહારાજને પણ ઘટે છે. યાદવજી મહારાજે અને તેમના મિત્ર હરિપ્રપન્ન આચાર્યે સાથે મળીને મુંબાઈ આયુર્વેદ વિદ્યાલયની સ્થાપના કરી અને તે ૨૨ વર્ષ સુધી ચલાવ્યું. બ્રિટિશ શાસનને આયુર્વેદમાં શ્રદ્ધા ન હતી. તેથી રાજ્યાશ્રય વિના આ વિદ્યાલય ચલાવવું પડયું. દેશના બીજા પ્રાંતોમાંથી પણ વિદ્યાર્થીઓ આવતા હતા, તેથી દેશમાં ઘણે ઠેકાણે યાદવજી મહારાજના શિષ્યો પ્રથમ પંક્તિના વૈદ્યો તરીકે પંકાયા.

ઈ. ૧૯૨૭માં બનારસ હિંદુ યુનિવર્સિટીમાં આયુર્વેદ વિભાગ સંભાળવા ઉપરાંત યાદવજી મહારાજે આયુર્વેદ ફૅકલ્ટીના ડીનનું સ્થાન પણ બે વર્ષ સુધી સંભાળ્યું હતું અને જીવનના અંત સુધી ફૅકલ્ટીના સભ્યપદે રહ્યા હતા. આયુર્વેદ માત્ર ડોશીમાનું વૈદું નથી, તે વિજ્ઞાનના આધાર પર રચાયેલું શાસ્ત્ર છે એમ પ્રતિપાદન કર્યું તે માટે પં. મદનમોહન માલવિયજીએ કાશીમાં વિદ્વાનોની એક પરિષદ યોજી હતી. યાદવજી મહારાજના અધ્યક્ષપદ નીચે કે તેમના સહકારથી દેશમાં ઠેકાણેઠેકાણે આયુર્વેદિક પરિષદો ભરાતી હતી. તે માટે સમગ્ર દેશમાં વારંવાર જવાનું થતું. તેથી તેમના પ્રવાસનો સામાન હમેશાં બાંધેલો જ રહેતો. આયુર્વેદિક ચિકિત્સા સોંઘી, સચોટ અને નિર્દોષ છે એવી લોકોને શ્રદ્ધા બેસે અને આયુર્વેદ તેના શુદ્ધ વૈજ્ઞાનિક સ્વરૂપે વ્યક્ત થાય, એ બે હેતુ સિદ્ધ કરવા માટે તેઓ આટલો પરિશ્રમ ઉઠાવી રહ્યા હતા. તેઓ એમ માનતા કે આ દેશની પ્રજાને આ દેશની વનૌષધિ, ખનિજ ઔષધિ વગેરે અનુકૂળ આવે. મોંઘી વિદેશી દવાઓ આ દેશની ગરીબ પ્રજાને ન પાલવે. આયુર્વેદના મોટા ભાગનાં ઔષધો નિર્દોષ છે, અને પારો, બીજી ધાતુઓ, સોમલ વગેરે જોખમી રસાયણોને પણ આયુર્વેદના રસાયણવિજ્ઞાને નિર્દોષ બનાવી આપ્યાં છે. આથી બગદાદના ખલીફ હારૂન અલ રશીદે બગદાદમાં સંસ્કૃત અને અરબી ભાષાના વિદ્વાનોને એકઠા કરી આયુર્વેદના ગ્રંથોનું અરબીમાં ભાષાંતર કરાવ્યું હતું. આજે પણ યુનાની ઔષધ પદ્ધતિમાં મોટા ભાગનાં ઔષધો આયુર્વેદિક હોય છે. પશ્ચિમી ઔષધવિજ્ઞાનમાં પણ આયુર્વેદનાં ઔષધીય દ્રવ્યો પર પ્રક્રિયા કરીને તેને વિપુલ પ્રમાણમાં વાપરવામાં આવે છે. તે માટે અહીંથી આયુર્વેદનાં કાચાં દ્રવ્યો મોટા પ્રમાણમાં પશ્ચિમમાં નિકાસ થાય છે.

યાદવજી મહારાજ અને તેમના સાથીઓએ આયુર્વેદ માટે આજીવન જે કામ કર્યું તેનું પરિણામ એ આવ્યું કે જ્યારે આવી રહેલા સ્વાતંત્ર્યનાં નગારાં વાગતાં હતાં, ત્યારે મુંબઈ સરકારે આયુર્વેદ વિષે વિચારવા ડૉ. ગઢસકરના અધ્યક્ષપદ નીચે એક સમિતિ નીમી. તેમાં યાદવજી મહારાજને પણ સભ્ય તરીકે લેવામાં આવ્યા. તે પછી ૧૯૫૫માં આયુર્વેદ રિસર્ચ બોર્ડ રચાયું તેમાં પણ મુંબાઈ સરકારે યાદવજી મહારાજની સેવા મેળવી. ઉત્તર પ્રદેશની સરકારે પણ એક સમિતિ નીમી. કેન્દ્ર સરકારે પણ જામનગરમાં આયુર્વેદ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી અને યાદવજી મહારાજને તેના સભ્યપદે નીમ્યા. બિહાર, રાજસ્થાન, સૌરાષ્ટ્ર વગેરે રાજ્યોએ પણ હવે આયુર્વેદને મહત્ત્વ આપ્યું.

આયુર્વેદની મોટાભાગની ઔષધિઓ વનૌષધિઓ છે. આથી યાદવજી મહારાજ દેશના વિવિધ પ્રદેશોની વનસ્પતિનો અભ્યાસ કરવા કાશ્મીર અને નેપાળથી કન્યાકુમારી સુધી અને કરાંચીથી આસામ સુધી સમગ્ર ભારતખંડમાં ફરી વળ્યા અને મળી એટલી વનૌષધિઓના ગુણધર્મ વિષે પ્રયોગો કર્યા. નેપાળના વનસ્પતિ વિજ્ઞાની મહામહોપાધ્યાય ભગીરથ સ્વામીએ તેમને નેપાળની વનૌષધિઓનો અભ્યાસ કરવા નેપાળમાં નોતર્યા હતા. વનૌષધિઓની શોધમાં તેઓ છેક ખૈબરઘાટ સુધી જઈ આવ્યા હતા. તેમણે ઘણું હસ્તલિખિત પ્રાચીન સાહિત્ય તથા અનેક અલભ્ય પુસ્તકો મેળવ્યાં હતાં. હિમાલય માટે તેમને અનન્ય પ્રેમ હતો. હિમાલય માટેની મારી મુગ્ધતા જોઇને તેમણે હિમાલયનાં વૃક્ષો અને પક્ષીઓ વિષેનું એક અલભ્ય અંગ્રેજી પુસ્તક મને આપેલું. હિમાલયમાં મેં તેમની સાથે બે લાંબા પ્રવાસ કર્યા હતા ત્યારે મને તેમની શોધક અને અભ્યાસી પ્રકૃતિનો પરિચય થયો હતો. ઘણી પ્રતિષ્ઠિત સંસ્થાઓએ તેમનું સન્માન કર્યું હતું; પરંતુ તેમને માન-સન્માનનો મોહ ન હતો.

આયુર્વેદના ઉત્કર્ષ માટે આજીવન અર્પણ કરનાર આયુર્વેદાચાર્ય યાદવજી મહારાજનો દેહ પણ આયુર્વેદની ચર્ચા દરમ્યાન જ પડયો. તેઓ વાદવિવાદમાં ઘણી વાર ઉત્તેજિત અને ઉગ્ર પણ બની જતા. મેં એક વાર તેમને વિનયપૂર્વક કહ્યું હતું કે આવી ઉત્તેજના ક્યારેક શરીરને નુકસાન કરે એવો મને ભય છે. તેમણે જવાબ આપ્યો : 'તમારી વાત સાચી છે, પણ જે કહેવાનું છે તે કહી નાખું છું તેથી મને શાંતિ થાય છે, નહિ તો અજંપો રહે.'

યાદવજી મહારાજમાં ગુણ તો ઘણા હતા. એક ગુણ એ હતો કે કોઈના પ્રત્યે તેઓ અસહિષ્ણુતા ન સેવે, બીજો ગુણ એ હતો કે ગમે તેવો ક્રોધ ભભૂકી ઊઠયો હોય તો પણ એક-બે મિનિટમાં તદ્દન શાંત થઈ જાય, જાણે કશું બન્યું જ ન હોય. શેક્સપિયરે એક ઠેકાણે પોતાના પાત્રને ચકમક સાથે સરખાવ્યું છે, જે એક ક્ષણમાં તણખો ઝારીને બીજી ક્ષણે ઠંડો પડી જાય છે. પરંતુ યાદવજી મહારાજનો તણખો તેમની ચિતા સળગાવી ગયો. જામનગરમાં ડૉ. પ્રાણજીવન મહેતાને ઘેર દેશના પ્રતિષ્ઠિત વૈદ્યો વચ્ચે વાદવિવાદ ચાલતો હતો. તેમાં યાદવજી મહારાજ પોતાનું મંતવ્ય રજૂ કરવામાં ઉત્તેજિત થઈ ગયા. તેના પરિણામે તેમના મગજમાં રક્તસ્રાવ થયો. તેઓ બેશુદ્ધ થઈ ગયા, અને બેશુદ્ધિમાં જ તા. ૭ માર્ચ ૧૯૫૬ના રોજ તેઓ અવસાન પામ્યા. સવારે ડૉ. ડી. જી. વ્યાસે ટેલિફોન પર મને કહ્યું કે એક બહુ ખરાબ સમાચાર આપવાના છે.

એ સમાચાર સાંભળતાં જ હું ભાંગી પડયો. મને વધુ ખેદ એ થાય છે કે તેમના નાના પુત્ર વિષ્ણુદત્ત એમ. એસ. થઈ કૅન્સરની સર્જરીના નિષ્ણાત બન્યા, એ જોવા યાદવજી મહારાજ જીવ્યા નહિ. પણ સાત પેઢીથી ચાલતી આવતી વૈદ્ય-પરંપરા તો ચાલુ રહી. □

સીડની


લેખક · પ્રા. ડૉ. રમણલાલ ચી. શાહ


સીડનીના સ્ટોર્સ

યુરોપ-અમેરિકાનાં મોટાં શહેરોની જેમ સીડનીમાં પણ નાનીનાની દુકાનોના બદલે મોટા ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ વધતા જાય છે. પરાંઓમાં પણ આવા સ્ટોર્સ હોઈ ખરીદી માટે લોકોને બહુ દૂર જવું પડતું નથી. એક જ સ્ટોરની નજીકની કે દૂરની શાખાઓમાં ભાવ પણ એકસરખા જ હોય છે. જો કે મોટા સ્ટોર્સમાં ભાવતાલ તો કરવાના હોતા નથી, અને આર્થિક સમૃદ્ધિ વધવાથી લોકો પણ એવી માથાકૂટમાં ઊતરતા નથી. અલબત્ત, આનો વિશેષ લાભ તો સ્ટોરવાળાને જ થાય છે, કારણ કે તેઓ ઘણો મોટો નફો રાખીને માલ વેચતા હોય છે. સીડનીમાં રોઝ લૅન્ડ્સ, બૅંક્સ ટાઉન સ્ક્વેર વગેરે વિસ્તારોમાં આવા મોટામોટા સ્ટોર્સ છે, જે વરસે દહાડે કરોડો રૂપિયાનું વેચાણ કરે છે. રોઝ લૅન્ડ્સ એ પરાનું નામ પણ 'રોઝ લૅન્ડ્સ' નામના સ્ટોર પરથી પડ્યું છે. સીડનીનો આ એક મોટામાં મોટો સ્ટોર છે, જે ભવ્ય, વ્યવસ્થિત અને આકર્ષક છે. ત્યાં ગ્રાહકોની અવરજવર એટલી બધી રહે છે કે લોકોને રસ્તો ઓળંગવો ન પડે એવી રીતે એક સ્ટોરમાંથી બીજા સ્ટોરમાં જવા માટે પાંત્રીસ કરોડ રૂપિયાના ખર્ચે 'સેન્ટર પૉઈન્ટ' નામની યોજના કરવામાં આવી છે (કેટલાક અવિકસિત દેશોમાં તો પાંચદસ લાખ રૂપિયાનો પુલ બાંધવાના પૈસા હોતા નથી!) એમાં આચ્છાદિત પુલ કે ભૂગર્ભ માર્ગ દ્વારા લોકો એક બાજુથી બીજી બાજુ જઈ શકે છે. આની અંદર પણ હારબંધ દુકાનો લાગી ગઈ હોય છે એટલે તેની વચ્ચેથી પસાર થતાં ખબર પણ ન પડે કે તમે ક્યાંથી ક્યાં જઈ રહ્યા છો. અને રસ્તો કઈ બાજુએ નીકળવાનો છે. એ જાણવા માટે તો નીશાનીવાળાં પાટિયાં જોવાં જ પડે.

આવા મોટા સ્ટોર્સનું આયોજન ખાસ નિષ્ણાતો પાસે કરાવવામાં આવે છે. ખરીદી કરવા આવનાર લોકો કેવી રીતે પ્રભાવિત થાય અને તેમની કેવીકેવી જરૂરિયાતો હોય છે તેને લક્ષમાં રાખીને આરામદાયક બેઠકો, રેસ્ટોરાં બગીચા જેવું કુદરતી વાતાવરણ, પસંદગી માટે મબલખ ચીજો, લિફ્ટ, બાથરૂમ વગેરે તમામનું આયોજન એમાં હોય છે.








ઉપર : જેના નામ પરથી સીડનીના એક પરાનું નામ પડ્યું છે એ ત્યાંના અત્યંત વિશાળ 'રોઝ લૅન્ડ્સ' સ્ટોરનો એક વિભાગ. વરસે દા'ડે લગભગ ચાર કરોડ ડૉલરનું ત્યાં વેચાણ થાય છે. (નીચે) ડાબી બાજુ : અજાણ્યા ઑસ્ટ્રેલિયા ખંડની પશ્ચિમ કંઠારે દેશપાર થએલા ગુનેગારોની વસાહત તરીકે ઈ. ૧૮૭૭માં જેની સ્થાપના થએલી એ સીડની આજે દક્ષિણ ગોળાર્ધના એક સુંદર મહાનગર તરીકે વિખ્યાત બની ગયું છે. બાર હજાર ચોરસ કિલોમીટરમાં વિસ્તૃત આ મહાનગરમાં ઑસ્ટ્રેલિયાની ચોથા ભાગની વસ્તી વસે છે. શહેરના ઉત્તર દક્ષિણ ભાગને જોડતો સીડનીનો જંગી હાર્બર બ્રિજ શહેરના ઓળખ ચિહ્ન સમો બની ગયો છે. એક જ વિશાળ લોખંડી કમાનવાળા પુલોમાં આ હાર્બર બ્રિજ દુનિયાભરમાં મોટામાં મોટો પુલ છે. ઈ. ૧૯૨૩માં એ બંધાવો શરૂ થયો અને ૧૯૩૨માં એ ખુલ્લો મુકાયો. સીડનીવાસીઓમાં 'ધ કૉથેન્જર' તરીકે ઓળખાતા આ પુલની કુલ લંબાઈ ૧૧૪૮ મીટર છે, જેમાં ૫૦૩ મીટર જેટલી લંબાઈમાં તેની વિશાળ કમાન છે. આ કમાનની ટોચ દરિયાના પાણીથી ૧૩૪ મીટર ઊંચી છે. એના પર રંગનો એક જ હાથ મારવામાં ૩૨૦૦૦ લીટર જેટલો રંગ વાપરવો પડે છે. પગપાળા જવા-આવવાની પથથી ઉપરાંત, બે રેલમાર્ગ અને આઠ મોટરમાર્ગ ધરાવતા આ વિશાળ પુલ પરથી વરસે દા'ડે પાંચ કરોડ જેટલાં વાહનો આવજા કરે છે. જેમ આ પુલ તેમ સીડનીનું 'ઓપેરા હાઉસ' (નીચે, જમણી બાજુ) પણ વિશ્વવિખ્યાત છે. સીડની બ્રિજની નજીકમાં જ દરિયો પૂરીને બાંધેલું આ ઓપેરા હાઉસ સ્થાપત્યક્ષેત્રે માનવ-કલ્પનાનો એક અદ્ભુત વિજય છે. સામે તેનાં બે બીજાં ચિત્રો આપ્યાં છે.



△ દુનિયાભરમાં એક અદ્ભુત સ્થાપત્ય તરીકે વિખ્યાત સીડનીના ઓપેરા હાઉસનું વિહંગ દૃશ્ય. (જમણી બાજુ) ઓપેરા હાઉસનો ભવ્ય કૉન્સૅર્ટ હૉલ. ૨૭૦૦ શ્રોતાઓ અહીં એક સરખું સંગીત માણી શકે તેવી તેની રચના છે. આ ઉપરાંત, ઓપેરા થીએટર, નાટ્યગૃહ, સિનેમા અને સંગીતગૃહની પણ ઓપેરા હાઉસમાં અલગ રચના છે.



ખરીદીનું કેન્દ્ર બનવા ઉપરાંત, આવા સ્ટોર્સનો મિલનસ્થાન તરીકે પણ ઉપયોગ થાય છે. કોઇને સમય આપીને મળવું હોય તો આવાં સ્થાન બહુ અનુકૂળ આવે છે. વળી, શિયાળા કે ઉનાળામાં બહારની અસહ્ય ઠંડી કે ગરમીથી થોડો વખત બચવું હોય તો લોકો અંદર એકાદ આંટો મારી લે છે. સમય પસાર કરવા યા દુનિયાની છેલ્લામાં છેલ્લી નવીનતાઓ જોવા માટે પણ લોકો અહીં આવે જાય છે.

આ વિસ્તારમાં જ સમશેરની ઑફિસ હતી. એટલે તેઓ મને ત્યાં લઈ ગયા. રવિવારની રજા હતી, એટલે મકાનના ચોકીદાર પાસેથી ચાવી લઈ એમણે ઑફિસ ખોલાવી. જોયું કે નવમે માળે આવેલી એ ઑફિસ અત્યંત વિશાળ, વ્યવસ્થિત ને આધુનિક સગવડોવાળી હતી.

મૂળ તો શમશેર પૂર્વ આફ્રિકામાં દારેસલામમાં વકાલત કરતા હતા. પરંતુ ટાન્ઝાનિયામાં ભારતીય લોકોની સ્થિતિ બગડવા લાગી તે વખતે એમણે અહીં આવીને એક ઑસ્ટ્રેલિયનની સાથે વકાલત ચાલુ કરી અને આજે એ ધમધોકાર કમાય છે.

ઑફિસ જોયા પછી નજીકમાં જ સમશેર અગાઉ જ્યાં રહેતા હતા તે મકાનમાં અમે ગયા. ત્યાં સત્તરમા માળે એમનો ઍપાર્ટમેન્ટ હતો. હજીય તે ખાલી જ હતો. ઘણું વિશાળ અને ચારે બાજુ સુંદર દૃશ્યવાળું એ ઘર હતું. અમે એ મકાનની અગાશી પર પણ ગયા. ત્યાંથી આખું સીડની બહુ ભવ્ય દેખાતું હતું. આટલી ઊંચાઇએ પવન પણ ઠંડો હતો. બાવીસમા માળે એ અગાશીમાં તરવાનો સુંદર હોજ પણ હતો! ઑસ્ટ્રેલિયનો તરવાના એટલા રસિયા છે કે જે મકાનમાં તરવાની સગવડ ન હોય તો તેને માટે જલ્દી ભાડૂતો ન મળે.

ધ રૉક્સ

હાર્બર બ્રિજ પાસે આવેલો ખડકોવાળો એક વિસ્તાર 'ધ રૉક્સ' નામે જ ઓળખાય છે. સીડનીમાં વસવાટ ચાલુ થયો ત્યારે તેની શરૂઆત આ ઊંચા ખડકાળ વિસ્તારમાં થએલી. લગભગ દોઢસો વર્ષ જૂના આ વિસ્તારની ઐતિહાસિકતાને જાળવી રાખવા માટે સીડનીના સત્તાવાળાઓ સતત પ્રયત્નશીલ રહે છે. વિધવિધ પ્રવૃત્તિથી ધમધમતા શહેરના મધ્યભાગમાંથી અહીં આવતાં જ જાણે કોઈ જૂના નગરમાં પ્રવેશતા હોઈએ તેવી શાંતિનો અનુભવ થાય છે. અહીં વાહનોનો ઘોંઘાટ નથી. ગલીઓ એટલી સાંકડી છે કે તેમાંથી મોટાં વાહનો પસાર પણ ન થઈ શકે. આ વિસ્તારનાં મકાનોને વારંવાર મરામત કરીને એના અસલ સ્વરૂપમાં સાચવી રાખવામાં આવ્યાં છે. ઈ. સ. ૧૮૧૬માં ઑસ્ટ્રેલિયામાં વિદેશીઓએ બાંધેલું પહેલું પાકું મકાન 'કૅડમૅન્સ કૉટેજ' હજી પણ એમનું એમ સચવાયું છે. અહીં આર્ગાઇલ પ્લેસ, ગૅરિસન ચર્ચ, સેન્ટ પેટ્રિક ચર્ચ, પોલીસ સ્ટેશન, બૅંકનું મકાન, સ્ટોર હાઉસ, મ્યૂઝિયમ વગેરે હજીયે ભૂતકાલીન બાંધણી અને નગરરચનાનો ખયાલ આપે છે.

નાટક, સંગીત વગેરે જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો કે મોટીમોટી મહેફિલો માટે પણ આ વિસ્તાર જાણીતો છે. જો કે આરંભમાં તો અહીં દારૂનાં પીઠાં તથા ખલાસીઓ અને ગુનેગારોના અડ્ડા ચાલતા. પરંતુ ૧૮૩૦ પછી ધીરેધીરે સારાસારા વેપારીઓ, સરકારી અમલદારો વગેરેનો વસવાટ વધવા માંડતાં અહીંનું વાતાવરણ બદલાઈ જઈ આજે તો એ શહેરનો એક પતિષ્ઠિત અને મહત્ત્વનો ભાગ ગણાય છે.

ધ રૉક્સમાં ચક્કર લગાવી અમે શહેરનાં બીજાં પરાંઓમાં થઈને સમશેરના નવા ઘેર પહોંચ્યા. હાર્બર બ્રિજની બીજી તરફ એક શાંત વિસ્તારમાં એમનું પોતાનું આલીશાન ઘર છે. ગાડી પાર્ક કરીને ગૅરેજમાંથી જ ડ્રૉઇંગ રૂમમાં જઈ શકાય તેવી તેમણે ગોઠવણ રાખી હતી.

સમશેરનું કુટુંબ નાનું છે. પોતે, પત્ની અને એક નાનો પુત્ર–ત્રણ જ જણ. એમનાં માતાપિતા અને બીજા ભાઇઓ દારેસલામમાં રહે છે. ઘરમાં બધાં ગુજરાતી બોલે છે.

સમશેરનાં પત્નીએ ગુજરાતી રસોઈ જમાડી. પરદેશમાં ગુજરાતી રસોઈ મળે કે યજમાનને સ્વદેશનો મહેમાન મળે એ તો અત્યંત આનંદની વાત. સમશેર કહે : 'ધંધાને કારણે અહીં આવ્યાં છીએ, પણ દારેસલામ જેટલી મઝા અહીં નથી. પોતાનો આખો દિવસ તો ઑફિસમાં પસાર થઈ જાય, પણ ઘેર પત્નીને મુશ્કેલી પડે. જો કે ધીમેધીમે પડોશીઓ સાથે સંબંધો બંધાશે પછી કદાચ વાંધો નહિ આવે.'

જમીને અમે બધાં સાથે નીકળ્યાં. તેઓ મને હોટેલ પર મૂકી ગયાં. રૂમ પર મારા નામે એક પૅકેટ આવ્યું હતું. તેમાં ઑસ્ટ્રેલિયા વિષે કેટલુંક સાહિત્ય અને જુદીજુદી નિમંત્રણ-પત્રિકાઓ હતી. રોજરોજ જુદીજુદી સંસ્થાઓ તરફથી અમારા માટે સ્વાગતના જે કાર્યક્રમો યોજાયા હતા તેનાં એ નિમંત્રણો હતાં. આ બધી જ પત્રિકાઓમાં મારું નામ

પક્ષીતત્ત્વ

મૂળ લેખક: સુબોધ ઘોષ
અનુવાદક: સુકન્યા ઝવેરી

લોકો આકાશ ભણી નજર નાખી જે દેખાય, યા જે જોવા માગે, તે મહેશબાબુને દેખાય પણ નહિ અને તેઓ એ જોવા પણ ન માગે.

લોકોને દેખાય કે શરતકાળનું આકાશ કેટલું નીલ! શ્રાવણના આકાશમાં કેવી શ્યામલ મેઘની ઘટા અને કેવો સુંદર વીજળીનો ચમકારો! પણ એ બધાં દશ્ય મહેશબાબુની નજરે ય ન પડે, અથવા તેઓ જાણી જોઈને જ આકાશની શોભા ન જુએ.

આકાશ ભણી જોઈ મહેશબાબુને કેવળ દેખાય–પંખી. ક્યારેક ટોળાબંધ, ક્યારેક જોડીજોડી, અને ક્યારેક સાવ એકલું, વિવિધ રંગનાં અને આકારનાં પંખીઓ આકાશમાં ઊડી જાય. મહેશબાબુ મુગ્ધનેત્રે જોઈ રહે. કેવો સુંદર દેખાવ! સફેદ ફૂલની ઊડતી માળા જેવી બગલાંની હાર ઊડતી ચાલી જતી હોય! કેટલે ઊંચે, લગભગ વાદળના ખોળા પાસે આસ્તેઆસ્તે અને આરામથી તરતી હોય એમ એકલી ઊડી જાય સમડી.

લોકો ઝાડ ભણી જુએ–ફૂલફળ કે પાંદડાંની શોભા–બહાર જોવા માટે, પણ મહેશબાબુ વૃક્ષ ભણી નીહાળે, કેવળ પક્ષી જોવા માટે. જામફળો પર પાકાં જામફળ ભણી જોવાની એમના મનમાં હોંશ નહિ. તેઓ કેવળ મુગ્ધ નયને જોયા કરે, કેવા અદ્ભુત બે પોપટ–લીલા રંગનાં પીંછાં અને લાલ ચાંચવાળા, ઝાડની ડાળે અને પાંદડાંના ઝુંડમાં બેઠા છે! ગુલાબના છોડ ભણી, ગુલાબ ભણી નહિ, મહેશબાબુ જોઈ રહે નાનકડા એકાદ પંખી ભણી. કેવું અબાધ આનંદે ટક ટક કરતું ફુદતુંફુદતું ગુલાબની પાંદડીઓને ચાંચ વડે કોતરતું નાનકડું રંગીન પંખી. 'કેમ, મહેશબાબુ, તમે આટલા મુગ્ધ બની કેવળ પંખીઓ જ કેમ જોતા રહો છો?' ઘણા લોકો આ પ્રશ્ન પૂછે અને બધાંને મહેશબાબુ પાસેથી એક જ જવાબ મળે; 'પંખીડાં જ સુખી. તેથી એમને જોવાં ગમે.'

'કેમ, એવું તમે શી રીતે ધારી શકો?'

મહેશબાબુ કહે: 'એ ધારણા મારી આજની થોડી છે ભાઈ! અને એ તો છપ્પન વર્ષ પહેલાં જ્યારે હું ચાર વર્ષનો આવડો અમથો હતો, ત્યારથી હું સમજી ગયો છું કે આ દુનિયામાં પક્ષીઓ જ સુખી છે.'

'એવડી અમથી ઉંમરે તમે શી રીતે માન્યું કે પંખીઓ જ સુખી છે?

મહેશબાબુ કહે: 'ઘરની ચારે કોર ઊંચીઊંચી વંડી, દરવાજાના બારણાને માથે નાનકડો આગળો. વંડી ઠેકી જવાની ત્રેવડ નહિ. આગળો ઉઘાડવાની યે ત્રેવડ નહિ. ચાર વર્ષના છોકરાનો નાનકડો હાથ પહોંચે નહિ એટલે ઊંચે.' 'એટલે કંઈ પંખીઓ સુખી કહેવાય?'

'કહેવાય જ ને! હું ચાર વર્ષનો એક છોકરો આખો દિવસ ઘરમાં પુરાઈ રહું અને મારા કરતાં નાનકડું પંખી આખો દિવસ મનફાવે ત્યાં ઊડતું ફરે. મારી ચાર વર્ષની વયનું દુઃખ તમે સમજી શકો છો?'

'હા મહેશબાબુ,'

'એ ચાર વર્ષની વયે જ સમજી ચૂક્યો હતો કે પંખીડાં જ સુખી, એમને ઘરમાં પુરાઈ રહેવું ન પડે—આખો દિ',

'પણ એ તો ચાર વર્ષની વાત. એ પછી પણ એ જ માન્યતા શાને?'

'એ પછી તો વધુ સારી રીતે સમજ્યો કે પંખી જ સુખી?' 'કેમ?'

મહેશબાબુ: 'હું જ્યારે સોળ વર્ષનો હતો. પરીક્ષાનું વાંચતો હતો. મૅટ્રિકની પરીક્ષા. પરીક્ષાને દસ દિવસ વાર, ત્યારે મારા મનની સ્થિતિ કલ્પી શકો છો? એ કેટલો ઉદ્વેગ? ઇતિહાસનું એક પાનું યે મોઢે ન હતું. ઍલજિબ્રાની બધી ફૉર્મ્યુલા ભુલાઈ જતી હતી. કાકા કહે. ન-પાસ થયો તો ઑફિસમાં પ્યુન બનાવી બેસાડી દઈશ.'

'પણ એમાં પંખી ક્યાં આવ્યું?'

'આકાશ ભણી જોઈ થતું—કેવા અગાધ આનંદે નિશ્ચિંત જીવે પંખીની ટોળી ઊડતી હતી? ઝાડની ડાળ પર મનના આનંદે પંખી કલરવ કરે. પંખી સુખી. એને મૅટ્રિકની પરીક્ષા નહિ. કોઈ પરીક્ષા જ નહિ.'

'પણ તેથી કંઈ સુખી! એમને શું કંઈ દુઃખ નથી હોતું? એમને ય વાવાઝોડાનો ડર. વરસાદમાં ભીંજાઈને ધ્રૂજે'.

'એ તો હું ય ધ્રૂજું ને તમે ય ધ્રૂજો. વાવાઝોડામાં રાતે ઝાડ નીચે પડયા હો તો તમે ય ડરો ને હું ય ડરું. એ કંઈ દુખ કહેવાય! બધાં જ કંપે. એ કંઈ દુઃખ નહિ'.

'પણ તમારી પરીક્ષાનો ડર તો ક્યારનોય નીકળી ગયો હશે!'

'હા જ્યારે બી. એ. પાસ થયો ત્યારે હું એકવીસ વર્ષનો હતો.'

'પછી? પછી શું થયું? પંખી શાનાં સુખી?'

મહેશબાબુ: 'પચીસનો થયો પહેલાં નોકરીએ લાગ્યો સવારે દસથી સાંજના પાંચ, કોઈ વાર રાતના આઠ સુધી યે બેસી રહેવું પડે ઑફિસના ખૂણે. સવારે નવ ન વાગે ત્યાં જેમતેમ ડૂચા મારી દોડવું પડે. પહોંચતાં એક મિનિટ મોડું થાય તો મોટા શેઠ કહેશે—'પગાર કાપી લઈશ, મોડા પડયા તો!' 'એમાં પંખી ક્યાં આવ્યાં?'

મહેશબાબુ: 'હું જ્યારે એક મિનિટ મોડા પડવાના ડરે નવ વાગ્યાની ટ્રામ પકડવા છત્રી બગલમાં મારી દોડું, ત્યારે જોઉં પાંચ છ ચકલીઓ છાપરાની કાર્નિસ પર બેઠી આંખો બંધ કરી આરામથી ઝોકાં ખાય. પક્ષીઓને કામની ઉતાવળ નહિ, નોકરી નહિ કરવાની. એ જ સુખી.'

'—પણ તમે તો બે વર્ષથી રિટાયર્ડ થયા છો. આરામ કરવાની તક છે હવે શું? હવે શું કામ પંખી જુઓ છો!'

'પંખીઓને દીકરી પરણાવવાની ફીકર નથી હોતી.' □

કંઈક જુદું લખાયું હતું. રમણલાલ શાહના શાહમાં 'એસ એચ'ના બદલે 'સી એચ' સ્પેલિંગ હતો. આવી ભૂલ કેમ થઈ હશે! અને તે બધી જ નિમંત્રણ પત્રિકાઓમાં! ભાષાવિજ્ઞાન ભણાવતો હોવાથી અનુમાન કર્યું, અને તપાસ કરતાં તે સાચું પણ પડયું કે, 'સીએચ'નો ઉચ્ચાર પણ અહીં 'શ' થાય છે. પ્રતિનિધિઓનાં નામ ટેલિફોન પર લખાવાએલાં. એટલે લખનારે શાહની જોડણી 'સી એચ એ એચ' કરેલી. અને એ રીતે તૈયાર થએલી યાદી સીડની અને મેલ્બર્નમાં બધે જ મોકલાએલી. એટલે અહીં જેટલાં સત્તાવાર નિમંત્રણો મળ્યાં એ બધાંમાં આ જ સ્પેલિંગ હતો. આજે સાંજે ઓપેરા હાઉસમાં પેન કૉંગ્રેસના પ્રતિનિધિઓનું પહેલું ઔપચારિક મિલન હતું. ત્રણ બસમાં અમે બધા પ્રતિનિધિઓ ગોઠવાયા. ત્યાં સૌથી પહેલો કાર્યક્રમ હતો ઓપેરા હાઉસ બતાવવાનો. એ માટે ગાઈડની વ્યવસ્થા હતી.

ઓપેરા હાઉસ

સીડનીનું નામ પડતાં જ પ્રથમ યાદ આવે ત્યાંનો હાર્બર બ્રિજ, અને પછી તુરત આ ઓપેરા હાઉસ. હવે તો એ જાણે સીડનીનું પર્યાયવાચક નામ જ બની ગયું છે. અને ખરેખર એ યથાર્થ છે.

સીડની શહેરનું એ એક ભવ્ય સ્થાપત્ય છે. એની રચના અને એના માટે થએલી સ્થળની પસંદગી પણ ગૌરવ આપે એવી છે. જોતાંની સાથે જ તેના પર નજર ખોડાઈ જાય એવો એનો દેખાવ છે. એનો અદ્વિતીય મૌલિક આકાર અને એની પ્રભાવકતા એક વખત નજરે કે ચિત્રમાં જોયા પછી અવિસ્મરણીય બની રહે તેવાં છે.સાગરજળમાં ખીલેલા વિરાટ શુભ્ર શ્વેત કમળ જેવું આ ઓપેરા હાઉસ એક અદ્વિતીય સ્થાપત્ય છે.

સર્ક્યુલર ક્વેને સામે કિનારે હાર્બર બ્રિજની પાસે બેનેલૉંગ પૉઇન્ટ આગળ આ ઓપેરા હાઉસનું બાંધકામ દરિયામાં (અનુ. પૃ. ૨૩૦)

તેજાબી વરસાદ

લેખક • ડૉ. સુશ્રુત પટેલ


હવા, સમુદ્ર, અવાજ અને માઇક્રોવેવ*નાં પ્રદૂષણો પછી એક નવા પ્રકારના પ્રદૂષણનો ભય સમગ્ર પૃથ્વી સમક્ષ ખડો થયો છે, એ છે વરસાદનું પ્રદૂષણ. વરસાદના પાણીએ પોતાનું 'પાણીપણું' ગુમાવ્યું છે. આકાશમાંથી પાણી નહિ, તેજાબ (ઍસિડ) વરસે છે. આથી આને 'ઍસિડ રેઈન' અર્થાત્ તેજાબી વર્ષા કહેવાય છે. આ વરસાદે કોઈનેય મહાલે જાળવ્યો નથી. તરબૂચથી માંડી તાજમહાલ અને સૂક્ષ્મજંતુથી માંડી સાગના વૃક્ષને એ જફા પહોંચાડી શકે છે.

આમ તો આ પ્રદૂષણ કાંઈ તદ્દન નવું નથી. જ્યારે જ્યારે કોઈ મોટો જ્વાળામુખી ફાટે છે (યાદ છે? 'સુફાની', 'દેવો પાપલ' અને કકતાવ ટાપુ), ત્યારે એમાંથી નીકળતા સલ્ફર ડાયૉક્સાઈડ તેમ જ હાઇડ્રોજન સલ્ફાઈડ જેવા વાયુઓ વરસાદને તેજાબી બનાવે છે. એ જ રીતે સૅન્દ્રિય વિઘટન (decomposition) જેવી કુદરતી ક્રિયાઓને પરિણામે ઉદ્ભવતો નાઇટ્રોજન ઑક્સાઈડ પણ આ માટે કારણભૂત મનાય છે. પણ આ તો ઊંટના મોંમાં ચપટી જીરું મૂકવા જેવું છે. આપણી કહેવાતી ઔદ્યોગિક ક્રાંતિએ સલ્ફર ડાયૉક્સાઈડ તેમ જ રસ્તા પર દોડતાં વાહનોએ નાઇટ્રોજન ઑક્સાઈડના ધુમાડાના ગોટેગોટ એટલા છોડયા છે કે કુદરતી પરિબળો તો એની આગળ વામણા જ લાગે!

આ બંને વાયુઓ હવામાં ઊંચે ચઢે છે, કેટલાય માઇલોમાં પ્રસરી રહે છે, જ્યાં તે પાણીની વરાળ સાથે સંયોજાઇને કેટલીક જટિલ રાસાયણિક પ્રક્રિયાઓમાંથી પસાર થઇને આખરે સલ્ફ્યુરિક ઍસિડ અને નાઇટ્રિક ઍસિડમાં રૂપાંતરિત થાય છે, જે વરસાદ રૂપે નીચે આવે છે. આમ, મુખ્યત્વે આ બે વાયુઓ અને એમાંથી નીપજતા આ બંને ઍસિડ તેજાબી વર્ષા કે હિમ (snow) માટે જવાબદાર છે.

કોઈ પણ દ્રાવણમાં હાઇડ્રોજનના આયન (ion)ની સંકેન્દ્રિતતા કેટલી છે તે પરથી એની ઍસિડિટી (અમ્લતા) નક્કી કરાય છે. આ નક્કી કરવા માટે શૂન્યથી આરંભી ૧૪ સુધીના આંક દર્શાવતા માપક્રમ(સ્કેલ)નો ઉપયોગ થાય છે, જે 'પીએચ' (PH)માં દર્શાવાય છે. જો પાણીમાં ઍસિડ ઉમેરીએ તો એમાં હાઇડ્રોજનના આયનની સંખ્યા વધશે, પણ પીએચનું મૂલ્ય ઘટશે. સ્કેલમાં સાતનો આંકડો મધ્યમાં હોઈ એ દ્રાવણની તટસ્થતા દર્શાવે છે. એનાથી ઓછા એટલે કે શૂન્ય તરફના આંકડા પ્રવાહીની ઍસિડિટી દર્શાવે છે. આથી ઊલટું, ૧૪ તરફના આંકડા આલ્કલીયતા (alkalinity) દર્શાવે છે.

સૌપ્રથમ ૧૯૨૦માં સ્કૅન્ડિનેવિયામાંનાં કેટલાંક જળાશયોનું પાણી ઍસિડિક બન્યાનું શોધાયું હતું. એ પછી ૧૯૫૦માં અમેરિકાના ઈશાન ક્ષેત્રનાં જળાશયોમાં માછલીઓની સંખ્યામાં ધરખમ ઘટાડો નોંધાયો, જો કે ત્યારે એની પાછળનું ખરું કારણ કળાયું ન હતું, પણ પછી ૧૯૬૦-માં વરસાદની વધેલી ઍસિડિટી તરફ વૈજ્ઞાનિકોનું ધ્યાન દોરાયું.



પીએચ સ્કેલ. અગાઉ વરસાદનું પીએચ મૂલ્ય ૫.૬ની આસપાસ રહેતું હતું, આજે એ મૂલ્ય ઘટીને ૪ કે એથી પણ ઓછું થઈ ગયું છે. આ દર્શાવે છે કે વરસાદના પાણીમાં ઍસિડિટીનું પ્રમાણ ૫૦ ગણું વધી ગયું છે.

બસો વર્ષ અગાઉની વાત જવા દઈએ તો પણ આજથી માત્ર ૩૦ કે ૪૦ વર્ષ પહેલાંનો વરસાદ નિષ્યંદિત પાણી જેવો શુદ્ધ હતો. આજે એ ૫૦ ટકા ઍસિડિક બની ગયો છે. ૧૯૭૪માં સ્કૉટલૅન્ડમાં વરસેલા વરસાદની અમ્લતા તો એટલી બધી (PH ૨.૪) હતી કે એને સરકો (વિનેગર) જ કહેવો પડે! વરસાદના પાણીનું પીએચ મૂલ્ય એકસરખું જળવાઈ રહે તે માટે કુદરતમાં ઘણાં પરિબળો કાર્યરત તો છે જ, પણ આપણા અવિચારીપણાએ એમાં હરકતો પેદા કરી છે.

શુદ્ધ હવામાં રહેલો કાર્બન ડાયૉક્સાઈડ પાણીની બાષ્પ સાથે સંયોજાઇને કાર્બોનિક ઍસિડ બનાવે છે. આ કાર્બોનિક ઍસિડ એ મંદ પ્રકારનો તેજાબ જ છે, જે સામાન્ય સંજોગોમાં વરસાદને થોડોઘણો ઍસિડિક રાખે છે; એટલે કે સામાન્યતઃ પીએચનું મૂલ્ય ૫.૬ જેટલું જળવાઈ રહે છે. વ્યાખ્યા આપવી હોય તો કહી શકાય કે આ મૂલ્યથી ઓછા પીએચવાળા વરસાદને તેજાબી વરસાદ કહી શકાય. કાર્બન ડાયૉક્સાઈડનું વધતું પ્રમાણ પણ ઍસિડ રેઈન માટે જવાબદાર હોઈ શકે.

સદ્ભાગ્યે વરસાદના તેજાબીકરણ સામે કેટલાંક કુદરતી પરિબળો ટક્કર લઈ શકે છે. આ ઉપરાંત, વરસાદના પાણીની અમ્લતા, વરસેલા વરસાદનો કુલ જથ્થો, જ્યાં પડયો હોય તે જમીનમાંના ખનિજોના પ્રકાર વગેરે જેવાં ઘટકો મહત્ત્વનો ભાગ ભજવે છે. મીઠા પાણીના જળાશયોમાંના કાંપની કેટલીક ઝેરી ધાતુઓ સામાન્ય સંજોગોમાં નિષ્ક્રિય પડી રહે છે, પણ તેજાબને કારણે કેટલીક પ્રક્રિયાઓથી તે છૂટી પડે છે, જે માછલીઓ માટે ઘાતક નીવડે છે. માછલીઓ પર નભતાં પંખીઓ તથા માનવી પર એની આડકતરી અસરો જોવા મળે છે. જળાશયોની લીલ પણ એનો ભોગ બને છે.

તેજાબી વરસાદ વનસ્પતિ તેમ જ પ્રાણીજીવન ઉપર ઘાતક અસરો નીપજાવે છે. જેમ કે બીજના અંકુર ફૂટી નીકળવાની ક્ષમતામાં ઘટાડો તેમ જ પ્રકાશસંશ્લેષણની ક્રિયામાં વિઘ્ન આવે છે. પાંદડાં ખવાઈ જાય છે, અને વિવિધ રોગો સામે પ્રતિકારની ક્ષમતા ઘણી ઘટી જાય છે. સફેદ દેવદારના વૃક્ષ ઉપર સહુથી માઠી અસર નોંધાઈ છે. સ્કૅન્ડીનેવિયાના વૈજ્ઞાનિકોના દાવા મુજબ આ તેજાબી વરસાદે ત્યાંના ઈમારતી લાકડા-માં ૨૫ ટકા ઘટાડો કરી નાખ્યો છે. વટાણા ને સોયાબીન જેવા છોડવાઓની નાઇટ્રોજન-સ્થિરીકરણની ક્ષમતામાં પણ ભારે ઘટાડો નોંધાયો છે.

સસ્તન પ્રાણીઓના રુધિરમાં જળવાઈ રહેતા કૅલ્શિયમના સંતુલનમાં વિક્ષેપ ઉપસ્થિત કરે છે અને હરણ જેવાં પ્રાણીઓની વૃદ્ધિ પણ અવરોધાતી જણાઈ છે. છીછરા કૂવા કે મીઠા પાણીનાં જળાશયો આનો વધુ ભોગ બને છે. આવું ઍસિડયુક્ત પાણી આપણી પીવાના પાણીની

* રેડિયો, રડાર, ટેલિવિઝન, કૃત્રિમ ઉપગ્રહો સાથેના તથા અન્ય દૂર-સંદેશ-વ્યવહારમાં આશીર્વાદરૂપ ઠરેલાં અદૃશ્ય માઇક્રોવેવ્ઝ–સૂક્ષ્મ-તરંગો શરીરના કોષોને નુકસાન કરે છે. આજે આપણે રેડિયો, ટીવી વગેરે ઉપરાંત; હૃદયને ધબકતું રાખનાર પેસમેકર, માઇક્રોવેવ ઑવેન–(કોઈપણ જાતના બળતણ વિનાની ભઠ્ઠીઓ) વગેરે જેવાં ઇલેક્ટ્રૉનિક ઉપકરણોના સતત સંસર્ગમાં રહેવાથી આંખમાં મોતિયો થાય છે, ચામડી દાઝી જાય છે ને શરીરની રાસાયણિક ક્રિયાઓ પર માઠી અસર થાય છે. આ પ્રકારની નવીનવી શોધો આશીર્વાદરૂપ હોવા સાથે અભિશાપ પણ બની રહી હોવાનું જાણવા મળ્યું છે. આ પણ એક જોખમી પ્રદૂષણ છે.

'ઍસિડ' શબ્દ કેવી રીતે આવ્યો ?

ગળપણ, ખારાશ, કડવાશ અને ખટાશ આ ચાર મુખ્ય સ્વાદ છે. વધુ પડતાં કાચાં તથા કેટલાંક પાકેલાં ફળોમાં આ ચાર સ્વાદ પૈકી ખટાશ અનુભવાય છે. કદાચ ફળોને ખાવાથી જ આદિમાનવને 'ખટાશ'-નો પરચો થયો હશે. આ ઉપરાંત, દૂધ જેવાં કેટલાંક પ્રવાહી થોડા સમય માટે એમ ને એમ રાખી મૂકવામાં આવે તો એ અખરાઈ જઈ તેમાં ખટાશ આવે છે. આ સત્ય છેક પ્રાગૈતિહાસિક કાળથી જાણમાં હતું. ફળોના રસને મૂકી રાખવામાં આવતાં એમાં ઊભરો આવતો પણ એમણે એ વખતે જોયો હશે, જેને આજ આપણે વૈજ્ઞાનિક ભાષામાં આથો, ખમીર કે કિણ્વન (fermentation) તરીકે ઓળખીએ છીએ. આ ઊભરાને પરિણામે માદક પીણું-દારૂ બનતો. જો આવી રીતે મેળવાએલા પીણાને પણ થોડા સમય સુધી મૂકી રાખવામાં આવે તો એય આંબટ યા ખાટું થઈ જાય. આવા 'ખાટા શરાબ'ને પ્રાચીન ફ્રાંસવાસીઓ પોતાની બોલીમાં 'વિન એગર' (Vin egre) કહેતા. લૅટિનમાં–Vinum એટલે શરાબ, aigre એટલે ખાટો. આ પરથી જ અંગ્રેજી શબ્દ વિનેગર Vinegar ઊતરી આવ્યો છે, જેને ગુજરાતમાં આપણે 'સરકો' કહીએ છીએ. આ 'સરકો' એ પણ ફારસી 'સિરકા'નું ગુજરાતી રૂપ છે.

'ખાટું હોવું' માટે લૅટિન ભાષામાં એસેરે (acere) શબ્દ છે. (પ્રાચીન ફ્રેન્ચમાં agre એનું જ રૂપ છે). આ 'એસેરે' શબ્દમાંથી અન્ય બે શબ્દોની વ્યુત્પત્તિ થઈ. ઍસિડસ (acidus) અર્થાત્ ખાટું અને ઍસિટમ (acetum) અર્થાત્ સરકો (vinegar).

મધ્યયુગીન રસાયણશાસ્ત્રીઓ ખાટા પદાર્થોમાં બહુ રસ લેતા હતા. જલદ (તેજ) સરકામાં ઘણી બધી ધાતુઓ પર આક્રમણ યા ક્ષરણ (corrode) કરવાની ક્ષમતા હતી. વળી એની હાજરીમાં બીજા કશાથી ન થઈ શકે એવા કેટલાક રાસાયણિક ફેરફાર પણ થઈ જતા. સરકાથી પણ જલદ એવાં અન્ય અનેક રસાયણો પણ અસ્તિત્વમાં આવ્યાં. આ રસાયણોથી ધાતુઓ તથા અન્ય પદાર્થો સરકા કરતાં બહુ સહેલાઈથી દ્રાવણરૂપમાં ફેરવાવા લાગ્યા. વસ્તુતઃ તો એ એક પ્રકારની રાસાયણિક ક્રાંતિ જ હતી. આ બધાં સંયોજનોના સૌથી આગળ તરી આવતા 'ખટાશ'ના ગુણધર્મને અનુલક્ષીને એમને 'ઍસિડ' (તેજાબ) નામ અપાયું. વિનેગર (ઍસિટમ)માં રહેલા વિશેષ ઍસિડને ઍસિટિક ઍસિડ (acetic acid) નામ આપવામાં આવ્યું. આમ સ્વાદને આધારે ઍસિડ શબ્દ બન્યો.

પરંતુ, જેમ ઘણા બધા કિસ્સાઓમાં થયું છે તેમ આધુનિક વિજ્ઞાને આ શબ્દને આજે તો ખોટો પાડયો છે. આધુનિક રસાયણશાસ્ત્રીઓને મન ઍસિડની પરખ માટે એના સ્વાદનું કશું મહત્ત્વ નથી. અનેક ઍસિડ એવા પણ છે કે જે સ્વાદે ખાટા હોતા જ નથી!

અદ્યતન રસાયણશાસ્ત્રની વ્યાખ્યા મુજબ ઍસિડ એક એવું સંયોજન (compound) છે, કે જેમાં એક પ્રોટોનને મુક્ત કરવાનું વલણ હોય છે. અર્થાત્ એક પ્રોટોનને છૂટો કરવાનો ઍસિડનો સ્વભાવ છે. બીજા શબ્દોમાં કહીએ તો ધાતુ સાથે પ્રક્રિયા કરી એમાંથી હાઇડ્રૉજન છૂટો કરે, કે દ્રાવણમાં હાઇડ્રૉજન–આયન મુક્ત કરે અને નીલા (ભૂરા) લિટમસ પેપરને લાલ કરે, વધતે ઓછે અંશે સ્વાદમાં ખાટો હોય, તે ઍસિડ.

આમ, જો કોઇ સંયોજનમાં પ્રોટોન મુક્ત કરવાની વૃત્તિ વધુ પ્રમાણમાં હશે તો એ ઍસિડ સ્વાદમાં ખાટો હશે, પરંતુ જો એ વૃત્તિ ઓછી હશે તો એ સ્વાદમાં ઓછો ખાટો હશે યા ખાટો નહિ હોય, પણ એ સંયોજન ઍસિડ તો કહેવાશે જ!

—ડૉ. સુશ્રુત પટેલ

પાઇપોમાંથી પસાર થતાં એમાંથી કેટલાંક ઝેરી તત્ત્વો છૂટાં પડી પાણીને વધુ દૂષિત બનાવે છે.

ખુલ્લામાં રહેતી મોટરોનાં પતરાં, ઘરનાં પતરાંનાં છાપરાં, આરસ કે પથ્થરની પ્રતિમાઓ, સ્મારકો, જાણીતાં સ્થાપત્યો વગેરે પણ આવા તેજાબી વરસાદથી ખવાઈ જાય છે.

બળતણમાં ખાસ જાતના કોલસા પ્રયોજવા, સલ્ફર ડાયૉક્સાઇડ જેવા દૂષિત વાયુઓને સ્ક્રબર (Scrubber) જેવા ઉપકરણોથી ૯૦ ટકા સુધી શુદ્ધ કરી નાખવા, ધૂમાડો ઓકતી ચીમનીઓને વધુ ઊંચી કરવી, જળાશયોમાં તેજાબી અસરને નાબૂદ કરવા એમાં ચૂનાનું ઉમેરણ કરવું, તેજાબીકરણનો વિરોધ કરી શકે એવાં વૃક્ષોની તેમ જ માછલીઓની નવી જાતિઓ વિકસાવવી વગેરે જેવા ઉપાયો અજમાવાયા છે, પણ એક તો એ બધા કાયમી નથી અને બીજું, એમાંનાં કેટલાંક કારગત નીવડવાને બદલે ઊલટાનું નુકસાન કરતા હોવાનું જણાયું છે.

પ્રકૃતિમાં પ્રત્યેક ચીજ એકમેકની સાથે સંકળાએલી હોવાનું સૃષ્ટિ સંતુલનશાસ્ત્ર (Ecology) નામનું વિજ્ઞાન કહે છે. પરસ્પર મર્યાદામાં અને સહયોગથી રહેવાનું આ વિજ્ઞાન કહે છે. इशावास्यमिदम् सर्वम् એ માત્ર પોથીમાંનો સિદ્ધાંત નથી, પણ એક વૈજ્ઞાનિક સત્ય છે. એ સમજીને અમલમાં મૂકવાનો સમય આવી પહોંચ્યો છે. □

સીડની (અનુ. પૃ. ૨૨૮થી) પુરાણ કરીને તેની ઉપર કરેલું છે. આથી એની આજુબાજુ કોઈ મોટી ઈમારતો બંધાય ને તેથી આડશમાં તે ઢંકાઈ જાય તેવો સંભવ જ નથી. આસપાસની બધી બાજુએથી તે દેખાય છે. વળી, નીચે સાગરજલ અને ઉપર ખુલ્લા આકાશ સહિતના પ્રકૃતિના વાતાવરણનો બધો લાભ તેને મળે છે. વહેલી સવારે, મધ્યાહ્ને, સાંજે કે રાત્રે ગમે ત્યારે જુઓ. દરેક વખતે એની ભવ્યતા અનોખી લાગશે. સૂર્યોદય કે સૂર્યાસ્ત વખતે તો વળી એનું આકર્ષણ ઓર વધી જાય છે.

ડેનિશ સ્થપતિ જોન ઉત્ઝોની આ ઓપેરા હાઉસની ડિઝાઈન આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં વિજેતા નીવડી હતી. ઑસ્ટ્રેલિયાના ન્યૂ સાઉથ વેઈલ્સની સરકારે જ્યારે આ ઓપેરા હાઉસ બાંધવાની દરખાસ્ત મંજૂર કરી ત્યારે તેના ખર્ચનો અંદાજ એક કરોડ વીસ લાખ ડૉલરનો હતો, પરંતુ દરિયામાં પુરાણ કરીને તેના પર એ બાંધતાં વીસ વર્ષ લાગ્યાં. ખર્ચ તો સતત વધતો જ ગયો. વચ્ચે તો બાંધકામ અટકાવી દેવાનું પણ વિચારાયું. પરંતુ છેવટે એક અબજ ને વીસ લાખ ડૉલરના ખર્ચે તે કામ પૂરું થયું. લગભગ બાર અબજ રૂપિયા જેટલું! એક નાટ્યગૃહ–થીએટર–ઓપેરા હાઉસ માટે દુનિયામાં ક્યાંય આટલો–ખર્ચ થયો જાણ્યો નથી.

આ કહેવાય છે ઓપેરા હાઉસ, પરંતુ તેમાં ચાર વિશાળ વિભાગ છે. એમાં મુખ્ય છે કૉન્સર્ટ હૉલ, જેમાં ૨૭૦૦ બેઠકોની સગવડ છે. એની રચના પણ એવી છે કે કોઈ શ્રોતાને પોતે રંગમંચથી દૂર બેઠો છે એમ લાગે નહિ. બીજો વિભાગ છે ૧૫૫૦ બેઠકોવાળા ઓપેરા થીએટરનો. ત્રીજું ડ્રામા થીએટર ૫૫૦ બેઠકો ધરાવે છે અને ચોથા મ્યૂઝિક રૂમમાં ૪૨૦ બેઠકો છે. આ ઉપરાંત, રેકૉર્ડિંગ હૉલ, એક્ઝિબિશન હૉલ, રેસ્ટોરાં, બાર વગેરે તો છે જ. આમ, એક જ સ્થળે બૅલે, ઓપેરા, નાટક, ચલચિત્ર, વિવિધ સંગીત, પ્રદર્શન ને સભાઓ વગેરે યોજી શકાય છે. એક જ સમયે તેના બધા જ વિભાગોમાં કાર્યક્રમો ચાલતા હોય ત્યારે પ્રેક્ષકો, શ્રોતાઓ અને કલાકારો તથા અહીંના કર્મચારીઓ વગેરે મળીને લગભગ દસ હજાર માણસો અહીં એકઠા થઈ જાય તો યે કંઈ ગેરવ્યવસ્થા કે ભીડ જેવું ન લાગે તેવી રચના, સગવડ ને વ્યવસ્થાવાળું આ જ એક ઓપેરા હાઉસ છે. એ એટલું મોટું છે અને એની રચના એવી છે કે એનો વિગતે ખ્યાલ આપવા માટે અહીં ભોમિયાની ખાસ સગવડ પણ રાખવામાં આવી છે. સીડનીનું આ ઓપેરા હાઉસ એ 'કૉંક્રિટમાં કવિતા' કહેવાય છે તે સર્વથા યથાર્થ છે.

(ચાલુ)



અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ

લેખક · પ્રો. ડૉ. મધુસૂદન પારેખ

મુંબાઇની કૉલેજમાં અંગ્રેજી કેળવણી પામતા યુવાન નર્મદમાં સમાજસુધારાની દષ્ટિ ઉદય પામવા માંડી હતી. આરંભમાં તો એના ચિત્તમાં સુધારાનો અર્થ સંપ રાખવો, ઉદ્યોગ કરવો, નિબંધો વાંચવા ને દેશનું ભલું કરવું એટલો જ હતો. પણ ૧૮૫૯ની સાલથી, નર્મદ લખે છે તેમ: 'હું ધર્મ સંબંધી વહેમોમાંથી મુક્ત થયો. સંસ્કારી સુધારાવાળો થયો.' (મારી હકીકત, ૧૯૩૪, પૃ. ૬૭) નર્મદના પિતા લાલશંકર દવેને પણ સુધારાના વિચાર ગમતા હતા. નર્મદના જાતિભેદ વિશેના સુધારાવાદી વિચારો સાંભળીને તે સાવધાનીપૂર્વક તેને સલાહ આપતા: '૨૫ જણ જુદા પડે તો તું સામેલ થજે.' નર્મદના પુનર્વિવાહ અંગેના વિચારોથી અકળાઇને લાલશંકર આગળ તેની નિંદા કરનારને તે કહેતા: 'ભાઈ, જેવો જેનો વિચાર; તે કહે છે તે ખોટું શું છે? તે તો મને પણ કહે છે કે તમે પુનર્વિવાહ કરો.' (એજન, પૃ. ૧૮)

નર્મદ બુદ્ધિવર્ધક સભામાં સુધારા અંગે વ્યાખ્યાન આપવા જતો ત્યારે પિતા પણ તેને પ્રોત્સાહન આપવા તે ભાષણમાં હાજરી આપતા. નર્મદમાં સુધારકને છાજે તેવી નીડરતા હતી, સચ્ચાઈ હતી અને સુધારા માટેનો પ્રચંડ 'જોસ્સો' હતો. અંગ્રેજી વિદ્યાએ તેનામાં વ્યક્તિ સ્વાતંત્ર્યની ભાવના રોપી હતી. વિધવાઓના પુનર્વિવાહ એ તે જમાનાનો એક સળગતો સવાલ હતો. દુર્ગારામ જેવા પ્રગતિશીલ મહેતાજીએ એ અંગે ઝુંબેશ ઉઠાવી, પણ નર્મદે તો બે વિધવાઓને પોતાના ઘરમાં આશ્રય આપ્યો. અલબત્ત, એમાં સુધારાવૃત્તિ જ કારણભૂત હશે કે એની રંગીલી પ્રકૃતિએ પણ ભાગ ભજવ્યો હશે તે કહેવું મુશ્કેલ છે. તેમ છતાં સમાજના પ્રબળ વિરોધનો પ્રતિકાર કરીને પણ પોતાનો નિર્ણય આચારમાં મૂકવાની નૈતિક હિંમત તેનામાં હતી એ તો સ્પષ્ટ વાત છે. સુધારાના ઉત્સાહમાં તેણે એક વિધવા બ્રાહ્મણીના ગણપત નામના બ્રાહ્મણ સાથે પુનર્લગ્ન કરાવવામાં પણ ભાગ ભજવ્યો હતો. એ પ્રયોગનું પરિણામ સારું નહિ આવેલું. નર્મદ એ હકીકતનો એકરાર કરીને નોંધે છે: 'પ્રથમ પ્રયોગ એવા જ હોય છે. લોકો કહે છે કે પ્રથમ ઊંચી પ્રતનું જોડું નિકળવું જોઇએ, પણ એ વાત ન બને તેવી છે. જેટલા સુધારા થાય છે તે, ઘણાક મધ્યમ પંક્તિના લોકથી અને થોડાક મૂરખ ફાટેલા લોકથી પણ.'

વૈષ્ણવોના ધર્માચાર્ય જદુનાથજી મહારાજ સામે પણ તેને બાખડવાનું થયું હતું. પુનર્વિવાહના વાદ અંગે જદુનાથજીએ તેને મળવા બોલાવ્યો હતો. એના મિત્રો એ પ્રસંગમાં રહેલું જોખમ સમજતા હતા. પણ નર્મદે હિંમતપૂર્વક ઉદ્ગાર કરેલા કે 'લ્યુથરે તો એમ કહ્યું હતું કે મોહોલનાં જેટલાં નળિયાં છે તેટલા મારા દુશ્મનો હશે તો પણ હું મારુ મત કદી છોડવાનો નથી, પણ હું તો કહું છું કે તે નળિયાં ભાંગ્યાથી ન્હાની ન્હાની જે કકડીઓ થાય તેટલા મારા દુશ્મનો હશે તો પણ હું મહારાજની દરકાર રાખવાનો નથી.' (એજન, પૃ. ૬૨)

અને નર્મદે જદુનાથજીના વૈષ્ણવ પક્ષકારોની ભરસભામાં જીવનનું જોખમ ખેડીને તેમનાં કાળાં કર્મો ઉઘાડાં પાડયાં હતાં. તેમાં નર્મદને ખૂબ વીત્યું. સુધારક મિત્રો પણ ખસી ગયા. તેમ છતાં નર્મદ આંતરિક શૌર્યથી ઝળહળતો અડગ રહ્યો. સમાજમાં ચાલતાં પાખંડ, અન્યાય અને જુલમ સામે તેને ભારે રોષ હતો. અસત્ય પ્રત્યે તેને ભારે ચીડ હતી. એના 'અવસાન સંદેશ' કાવ્યમાં એણે પંકિત લખી છે: 'વીર સત્ય ને રસિક ટેકીપણું અરિ પણ ગાશે દિલથી.' નર્મદ પોતાના એ ઉત્તમ ગુણો વિશે સભાન જ નહિ બલ્કે મગરૂર હતો. મહીપતરામ વિલાયતથી પાછા ફર્યા ત્યારે પણ બંદર પર જઈ તેમને સત્કારવામાં અને તેમની પડખે રહેવામાં તે આગળ હતો.

નર્મદ સુધારાની બાબતમાં લગભગ અંતિમવાદી (Extremist) હતો. એને દલપતરામની ધીરેધીરે સુધારાની વાત ઇષ્ટ નહોતી. એનો ઊછળતો ઉત્સાહ ચાહોમ કરીને પડવામાં સાર્થક્ય જોતો હતો. તેની સુધારા-પ્રવૃત્તિ હમેશાં જાહેર રીતે થતી હતી. તેણે કદી એ બાબતમાં બેવડાં ધોરણ અપનાવ્યાં નથી. દંભ સેવ્યો નથી. તેણે સુધારા વિશેના પોતાના ઉત્સાહ વિશે લખ્યું છે: '૧૮૬૦–'૬૧માં સુધારા સંબંધી મારો જોસ્સો ઘણો જ હતો. છૂપાં જે કામ થાય તેમાં ઈશ્વરના ને લોકના ચોર થવાય છે. માટે જે કરવું તે જાહેરમાં કરવું એવો જોસ્સો તે વખત હતો.' (એજન, પૃ. ૭૫-પાદટીપ) નર્મદના વ્યક્તિત્વની વિશેષતા જ એ હતી કે તેને જે સમયે જે સાચું લાગતું તે કહેતો અને કરતો. તેણે કદી પોતાના સારાનરસા વિચારો છુપાવ્યા નથી.

સુધારાની પ્રવૃત્તિ અને પ્રગતિ માટે તેણે કવિતાના વાહનનો વિપુલપણે ઉપયોગ કર્યો; એની સુધારાવાદી કવિતાએ તત્કાલીન સમાજમાં ઊહાપોહ મચાવી દીધો. નર્મદને સમાજસુધારાનો અગ્રણી બનાવવામાં તેની કવિતાએ મોટો ફાળો આપ્યો છે. તેણે રૂઢિચુસ્ત જનસમાજને જગાડવા, તેમને સુધારાનો ધક્કો લગાડવા જોસ્સાદાર ભાષણો કર્યાં, તમતમતા લેખો લખ્યા, બળકર વાણીમાં નિબંધો લખ્યા, લોકો પર જુલમ કરતા, અન્યાય આચરતા ને લાંચ લેતા રાજકર્તાઓ ને અધિકારીઓનાં કરતૂકો 'ડાંડિયો' પત્ર દ્વારા પ્રકટ કર્યાં. નર્મદના પૂર્વજીવનની પ્રવૃત્તિ સુધારાની દિશામાં વેગથી વહી રહી. નર્મદે આ હિંમતની ભારે કિંમત પણ ચૂકવી. એના પૂર્વજીવનમાં નર્મદ ખૂબ ગાજ્યો અને વરસ્યો પણ. તેમ છતાં નર્મદનો પ્રતાપ અને તેનો પુરુષાર્થ સુધારક મિત્રો માટે પણ જીરવવો મુશ્કેલ હતો. બુદ્ધિવર્ધક સભાને પણ નર્મદનું નેતૃત્વ દઝાડવા લાગ્યું. અને તેમનો સહયોગ અકારો લાગવા માંડયો. નર્મદને હજુ તો હિંદુ મિશન કાઢવું હતું, ગામેગામ સુધારાનો ઉપદેશ કરવો હતો. સુધારો ઝટ ઝટ કરી નાખવાની તેની તમન્નાનું ચિત્ર તેણે મનસુખરામ સુરજરામ અને રણછોડભાઈ ઉદયરામ સમક્ષ પોતાના વિચાર રજૂ કર્યા તેમાં મળે છે: 'છુટથી વિચાર કરતાં ને છુટથી તે વિચારો અમલમાં આણતી વેળાએ મુખીઓ હદથી બાહાર, અને તેથી લોકમાં સુધારો થયાને બદલે વખતે બગાડ થયલો ને થતો માલમ પડે તો તેથી પેલા મુખીઓએ નઠારુ કામ કીધું ને સુધારાને બદલે બગાડો કર્યો એમ હું તો નહીં કહું. ચોમાસામાં અંધારૂં, તોફાન થાય છે તો પછી શરદમાં ખેતરો પાકથી આંખને ટાહાડી કરે છે.

'હિંદુઓ ધર્મપાશથી તથા સંસારપાશથી એટલા વિંટલાયલા છે કે, જ્યાંહા સુધી કેટલાએક શૂરવીરો મરણીયા થઈ લાગ ફાવે તેમ (પછી

અનીતિ કહેવાએ તો પણ) બંધન નહિ તોડે ને સાહસપણે એકદમ ગડબડ કરી મોટો ફેરફાર નહિ કરી નાખે ત્યાંહાં સુધી ખરો સુધારો થવાનો નથી,—સાહસથી જ કંઈ થવાનું છે, પછી તેનાં પરિણામો થોડાં દહાડા નઠારાં થાએ તો શું થયું?...

'હાલ જુદ્ધનો—વ્હેમ તથા સુધારાની વચ્ચે ચાલેલાં જુદ્ધનો પ્રસંગ છે; નીતિશાસ્ત્ર શિખવવાનો નથી ને જુદ્ધની નીતિ જુદી હોય છે—એમાં સામ, દામ, ભેદ, દંડ એ ચારેને કામે લગાડવાં પડે છે. લુટફાટ બંડોમાંથી નવાં રાજ્યો મંડાય છે.' (એજન, પૃ. ૯૩–૯૪).

નર્મદના પૂર્વજીવનમાં ઉદ્‌ભવતા તરંગો તોફાની પણ ડહોળા છે. સુધારાના ઉન્માદમાં તે સાધ્યને જ લક્ષમાં રાખે છે. સાધનાની શુદ્ધતા માટે તેનો આગ્રહ નથી, નીતિશાસ્ત્રને ભોગે પણ સુધારાશાસ્ત્ર તેને ઈષ્ટ છે.

નર્મદનું ઉત્તર જીવન

પૂર્વજીવનનો આ ઉન્મત્ત, છીછરો, સાહસિક, ચંચળ નર્મદ ઉત્તર જીવનમાં સ્થિર, ધીર, સંયમી ને શાંત બની રહેતો દેખાય છે. જીવન સામે સતત ને સખત ઝૂઝતો રહેલો નર્મદ ઉત્તર વયમાં 'હાર્યો જોદ્ધો' દીસે છે. સુધારાની પ્રવૃત્તિના મધ્યવહેણમાં પડેલા નર્મદને સ્પષ્ટ દેખાય છે કે સુધારકો માત્ર તીરે ઊભા તમાશો જોનારા છે. જદુનાથજી સાથે પુનર્વિવાહ અંગે વાદ કરવા જવા નર્મદ તત્પર થાય છે ત્યારે મિત્રો તેને ન જવાની શાણી સલાહ આપે છે. કોઈના પણ સાથ વિના નર્મદ એકલો જિંદગી હોડમાં મૂકે છે. જદુનાથજી સાથે વાદવિવાદમાં નર્મદ 'શાસ્ત્રો ઈશ્વરકૃત નથી' એમ સ્પષ્ટ વિધાન કરે છે ત્યારે સુધારકો તેની હિંમતની કદર કરતા નથી, એના ઊધડા લેવાનો રસ માણે છે. ઈ. ૧૮૬૪–૬૫ના ગાળામાં શૅરબજારનો મૅનિયા ફાટી નીકળે છે. નર્મદ હાથ ઊંચા કરી કરીને લોકોને એમાં નહિ સપડાવાના પોકારો કરે છે. પણ કેટલાય સુધારાવાદીઓ સુધારો પડતો મેલીને સટ્ટાના પ્રલોભનમાં સપડાય છે. નર્મદને કાળજે ઘા લાગે છે. સુધારકોની દાંભિક વૃત્તિ તેને પારાવાર અકળાવી મૂકે છે. સુધારાવાળામાં લોકવિચારની સામે ખુલ્લી રીતે પડવાની હિંમત નહિ હોવાનો તેને કટુ અનુભવ થાય છે. ધીમેધીમે એના પોતાના ચિત્તમાં પણ ભ્રાન્તિ પેદા થવા માંડે છે કે સુધારાની આ બધી પ્રવૃત્તિ લોકમાન્ય કદી થશે ખરી? નર્મદ દ્વિધામાં કેટલોક કાળ વિતાવે છે. સુધારો એને હૃદયથી પસંદ છે, પણ એની સાર્થકતા વિશે હવે એને શંકા થવા માંડે છે. તેનું ચિત્ત હવે ઇતિહાસના અભ્યાસમાં પરોવાય છે. વિશ્વના વિવિધ દેશોના ઇતિહાસનું પરિશીલન કરતાં તેને નવો પ્રકાશ મળે છે કે કોઈ પણ દેશની પ્રજાની મનોદશા કે પરિસ્થિતિ દીર્ઘ સમયના પ્રયત્નો પછી જ પલટાઈ શકે છે. તેને ધર્માંધ દેશમાં સુધારો અશક્યવત્ લાસે છે. સુધારકોની જુદી ન્યાત રચવાની મૂર્ખાઈ તેને સમજાય છે. ઇતિહાસના અધ્યયને નર્મદને પોતાની સુધારા પ્રવૃત્તિને વિશ્વના વિશાળ પરિપ્રેક્ષ્યમાં જોવાની દૃષ્ટિ આપી. નર્મદને એ અભ્યાસ પછી લાગવા માંડયું કે પોતે અત્યાર સુધી દેશહિત માટે જે જે પ્રયત્નો કરેલા તે બધા ઊંધા માર્ગના જ હતા, અને એવા માર્ગે દેશનું કદી શ્રેય થઈ શકે જ નહિ. ઇતિહાસના પરિશીલને નર્મદને કાળમાહાત્મ્ય સમજાવ્યું. દલપતરામની ધીરેધીરે સુધારાના સારની રીતનું તથ્ય તેને મનમાં વસ્યું. યાહોમ કરીને પડવાનો પોકાર કરનાર નર્મદે 'રણ તો ધીરા ધીરાનું...' એ રીત સ્વીકારી. ઉત્તર જીવનમાં તેનાં બે પુસ્તકો 'પૂર્વરંગ' અને 'ધર્મવિચાર' નર્મદની વિચાર-પરિપક્વતા દર્શાવે છે. નર્મદનું પૂર્વજીવન એટલે કવિજીવન, ઉત્તર જીવન એટલે ઇતિહાસ-જીવન એમ કવિ નાનાલાલે સાચું કહ્યું છે.

નર્મદની નૈતિક હિંમતને કોણ આંબી શકે? સુધારા વિશે પોતાના વિચારો બદલાયા એટલે એ જાહેર કરવા જ જોઇએ એમ તેને સતત લાગવા માંડયું. એ જાણતો હતો કે એમ કરવાથી સુધારાના સાથીદારોમાં તે અળખામણો થશે, મિત્રો તેને કાયર ગણશે, સનાતનીઓ તેની હાંસી ઉડાવશે. તેમ છતાં નર્મદે નીડરપણે પોતાના બદલાયેલા વિચારો પ્રકાશમાં મૂક્યા. પોતાની ભૂલનો તેણે નિખાલસપણે એકરાર કર્યો, 'ભૂલ્યા રે ભાઈ ભૂલ્યા!' નર્મદાશંકર પર ચોતરફથી ટીકા–નિંદાની ઝડીઓ વરસી. એની બુદ્ધિ ક્ષીણ થઈ હોવાનો અભિપ્રાય સુધારકોએ પ્રસાર્યો. પણ નર્મદના આત્માના શૌર્યનો એ આખો પ્રસંગ દ્યોતક છે. વિવેચક નવલરામ પંડયા નર્મદે અપ્રામાણિક અને ભીરુ રહેણીકરણી ના રાખી તે માટે તેને અભિનંદે છે અને ઉદ્‌ગાર કરે છે: 'એના જેવા અભિમાની માણસે પોતાના બોલ પોતાની મેળે જાહેરમાં પાછા ખેંચવા એ ખરેખરા સ્વાપર્ણનું જ કામ હતું. પણ અભિમાન તથા કીર્તિલોભ જઇને આ વેળા નર્મદાશંકરના મનમાં શુદ્ધ દેશહિતની જ બુદ્ધિ રહેલી હતી અને તેથી એને જે દેશહિતનો માર્ગ હાલ ખરો ભાસ્યો તે દેશીઓને પોતાનું ખાસ કર્તવ્ય સમજીને જણાવ્યો.' ('કવિજીવન', પ્રથમ આવૃત્તિ, ઈ. ૧૯૬૬, પૃ. ૪૯)

નર્મદનું સમગ્ર જીવન એક સંગ્રામ રૂપે જ વ્યતીત થયું. પ્રકૃતિથી જ એ ઊર્મિલ. કોઈ પણ પ્રકારના આવેગમાં ધસડાવાનું જ એને ગમે, પછી એ આવેગ પ્રેમનો હોય કે સંસારસુધારાનો. એનું વ્યક્તિત્વ રંગીલું છતાં તેજસ્વી, સત્યપ્રિયતા તો તેની જ. સત્યને સ્પષ્ટપણે પ્રગટ કરી દેવાની જ તેની પ્રકૃતિ. તેના કેટલાક ઉમદા ગુણોને કારણે જ તેને વ્યક્તિઓ સાથે અને સમાજ સાથે સંઘર્ષમાં ઊતરવાનું થયું. દંભ સામે એનો પારાવાર રોષ. એ દંભો જ્યાં દેખ્યા ત્યાં એણે તેના પર્દા ચીર્યા. યુવાવસ્થામાં તેણે પ્રવેશ કર્યો ત્યારથી જ તેને સંગ્રામમાં ઝૂઝવાનું આવ્યું. દુનિયામાં ચાલતાં જૂઠાણાં, અન્યાય, જુલમ, સ્વાર્થ સામે એ જીવનભર ઝઘડયો. એણે એ માટે ખૂબ વેઠયું, ભારે પરેશાની ભોગવી; એની જિંદગી જોખમમાં મુકાઈ. છતાં દેશપ્રેમથી ઝળહળી રહેલા તેના આત્માએ શૌર્યપૂર્વક સંગ્રામ ખેલ્યો. ભલે એ સંગ્રામમાં હાર્યો જોદ્ધો હોય, પણ એ સતત ઝૂમતો રહ્યો એ જ તેના વ્યક્તિત્વની વિશેષતા છે. વિશ્વનાથ મ. ભટ્ટે નોંધ્યું છે તેમ 'ભલે એ વીરકાવ્ય લખી ગયો ન હોય, પણ એ વીરકાવ્ય જીવી ગયો છે. નર્મદ વીરકાવ્યનો નાયક છે. ત્રેપન વર્ષની જિંદગીમાં તેણે વિવિધ ક્ષેત્રે કરેલી પ્રવૃત્તિઓનું મૂલ્ય ઘણું ઊંચું છે.'

ઈ. ૧૮૮૬ના ફેબ્રુઆરીની ૨૫મી તારીખે તેનું અવસાન થયું. (ચાલુ)

અનુસંધાન] જેટ બહાદુર [પૃ. ૨૩૬થી

છાપું વાંચ્યા પછી તો છાતી ફફડી ઊઠી હતી. નામ-વર્ણન બધું આપણા લાલુદાને જ બંધબેસતું. અને છતાં સમગ્ર બનાવ મારા માટે તો બિલકુલ ન સમજાય તેવો રહસ્યમય લાગે છે.' પછી સાન્યાલ વિષે સાંભળતાં જ તેમણે પૂછયું: 'કયો સાન્યાલ? અહીંનો છે? મધ્યમ હાઈટ, જરા અંદર ઊતરી ગએલી આંખો, ચિબુક પર એક ઘાનું નિશાન, આવો હતો?'

'ચિબુક પરના ઘાનું નિશાન તો જોયું નથી, કારણ એણે દાઢી વધારેલી હતી. પહેલાં કદાચ નહિ રાખતો હોય.' લાલમોહનબાબુએ કહ્યું.

'હું બેએક વર્ષ પહેલાંની વાત કરું છું. એટલે આ માણસ એ જ છે કે કોઈ બીજો તે કહી ન શકાય. પણ હું જે સાન્યાલની વાત કરું છું એ અગાઉ થોડો સમય બૉમ્બેમાં રહ્યો હતો. એકાદ બે પિક્ચર્સ પણ પ્રૉડયુસ કરેલાં, પણ તેમાં માર ખાઈ ગએલો. એ પછીના એના કંઈ ખબર નથી.'

'એ માણસ કેવો હતો?'

'એ પણ ચોક્કસ ન કહી શકું, લાલુદા. પણ એના વિષે કોઈ બદનામ વાત ક્યારે ય સાંભળી નથી'.

'તો તો પછી પેલા પૅકેટમાં કંઈ ગોલમાલ નહિ હોય.'

'જુઓ લાલુદા! એમ બહુ ભોળા ન રહેશો. આજકાલ આ સ્મગલિંગ-ફગલિંગ બહુ ચાલે છે એટલે કોઈનો એકદમ વિશ્વાસ કરવો નહિ. એમ તો એક જમાનામાં અમે ય ઘણા અજાણ્યા લોકોનાં સંપેતરાં લાવતા-લઈ જતા, પણ એમાં ક્યારે ય ગોલમાલ થયાનું જાણ્યું નથી. પણ હવે જમાનો બદલાઈ ગયો.' (ચાલુ)

—જેટ બહાદુર—

મુંબાઈની ફિલ્મી દુનિયા સાથે સંકળાએલી સત્યજિત રાય રચિત એક રહસ્યકથા (ગતાંકથી ચાલુ)

અનુવાદક · સુકન્યા ઝવેરી

∽

વીતી ગએલી વાર્તા : ડિટેક્ટિવ ફેલુદાના મિત્ર 'જટાયુ' ઉર્ફે લાલમોહનબાબુએ હિંદી ફિલ્મ માટે એક વાર્તા લખી. દસ હજારમાં એ વેચાઇ પણ ગઈ. તેના પરથી બનતી ફિલ્મના મુહૂર્તના શૂટિંગ વખતે ઉપસ્થિત રહેવા 'જટાયુ' મિત્ર ફેલુદા અને તપેશને લઇને મુંબાઈ આવવા નીકળ્યા ત્યારે એરપૉર્ટ પર એક અજાણ્યા મિ. સાન્યાલે એમને મુંબાઈ લઈ જવા માટે એક સંપેતરું આપ્યું. સાન્ટાક્રુઝ એરપૉર્ટ પરથી એ સંપેતરું લઈ જનાર લાલ શર્ટવાળા શખ્સમાં ફેલુદાને રસ પડતાં તેઓએ એનો પીછો પકડયો અને સૌ 'શિવાજી કૅસલ' નામના એક બહુમાળી મકાન સુધી પહોંચ્યા. ફેલુદાએ ખોળી કાઢયું કે પેલું સંપેતરું એ મકાનમાં સત્તરમા માળે ગયું છે. મુંબાઈમાં પગ મૂકતાં જ જાણે એક રહસ્ય ગૂંથાવા માંડયું . . . . અને પછી . . . .

શિવાજી કૅસલ છોડીને પાંચેક મિનિટમાં અમે શાલિમાર હોટેલ પર પહોંચી ગયા. ચોથે માળે ફેલુદા અને મારા માટે એક ડબલ રૂમમાં અને અમારી સામેની બાજુએ એક સિંગલ રૂમમાં લાલમોહનબાબુ માટે રહેવાની વ્યવસ્થા થઈ હતી. અમારા રૂમમાંથી નીચે રસ્તા પર દોડતી ભાતભાતની ગાડીઓનો અવિરત સ્રોત દેખાતો હતો. સામે બે ઊંચી ઈમારતોની વચ્ચેથી દૂર ઘૂઘવતા સમુદ્રનાં ઊછળતાં પાણી દેખાતાં હતાં. મુંબઈની ભરચક વસ્તી અને શહેરની સમૃદ્ધિનો અંદાજ આ રૂમમાં બેઠાંબેઠાં પણ આવી શકતો હતો.

પણ હવે ભૂખ લાગી હતી. હાથમોં ધોઈ જરા સ્વસ્થ થઈ પહેલે માળે હોટેલના ગુલમર્ગ રેસ્ટોરાંમાં ગયા. અત્યાર સુધી લાલમોહનબાબુના હોઠ પર જે સવાલ અટકી રહ્યો હતો તે હવે, જમવાનો ઑર્ડર આપ્યા પછી, અંતે બહાર આવી જ ગયો, 'તો પછી હવે તમને કોઈ રહસ્યની ગંધ આવે છે, ખરુંને ફેલુબાબુ?'

ફેલુદાએ એ પ્રશ્નનો ઉત્તર ન આપતાં સામો સવાલ કર્યો : 'લાલમોહનબાબુ, પેલા માણસે તમારા હાથમાંથી પુસ્તકનું પૅકેટ લઇને શું કરેલું એના પર તમે ધ્યાન આપ્યું હતું?'

'કેમ? પુસ્તક લઇને એ ચાલ્યો ગયો.'

'એટલે કે તમે માત્ર સ્થૂળ નજરે જોયું, બારીક નજરે નહિ. તમારાથી છૂટા પડી જરા આગળ જઈ એણે ખિસ્સામાંથી પરચૂરણ કાઢયું હતું.'

'ટેલિફોન માટે.' હું બોલી ઊઠયો.

'વેરી ગુડ, તોપસે! મને ખાતરી છે કે એણે એરપૉર્ટના પબ્લિક બૂથમાંથી શહેરમાં ટેલિફોન કર્યો હશે. એ પછી આપણે જ્યારે સામાનની રાહ જોતા હતા ત્યારે મેં એને ફરી જોયો.' 'ક્યાં?'

'આપણે જ્યાં ઊભા હતા તેની બરાબર સામે બહાર પ્રાઇવેટ કારના પાર્કિંગની જગ્યા હતી. એ યાદ છે?'

'હા, હા.' હું બોલી ઊઠયો. લાલમોહનબાબુ ચૂપ હતા.

'એ માણસ ત્યાં ઊભેલી એક બ્લ્યૂ ઍમ્બૅસેડરમાં ચડયો. ગાડીમાં ડ્રાઈવર તેની રાહ જોતો બેઠો જ હતો. પાંચ-સાત મિનિટ થઈ પણ એ ગાડી સ્ટાર્ટ ન થઈ. કદાચ બગડી જ હશે. કારણ પછી એ માણસ ગાડીમાંથી ઊતરી ગયો. લાગતું હતું કે એ ડ્રાઈવર પર ખૂબ ચિડાયો હતો. એની વાત તો સંભળાય તેમ નહોતી, પણ એના હાવભાવ પરથી એ સાફ સમજાતું હતું. પછી એ માણસ ગાડીની આશા છોડી ચાલતો થયો.'

'ટૅક્સી લેવા?' આ વેળા લાલમોહનબાબુ તુરત બોલી ઊઠયા.

'બરાબર, એમ જ. પણ આમાંથી શું સમજાયું?'

'એ જ કે એ માણસને બહુ જ ઉતાવળ હતી.'

'પરફેક્ટ. નજર અને ભેજું, આ બંનેને સજાગ રાખીએ તો ઘણું બધું અનુમાન કરી શકાય, લાલમોહનબાબુ. એટલે જ મેં પેલી ટૅક્સીને ફૉલો કરવાને કહેલું. તેની પાછળ એક કારણ હતું.'

લાલમોહનબાબુ હવે ટટ્ટાર થઈ ગયા. બંને કોણી ટેબલ પર ટેકવીને આગળ નમી એમણે પૂછ્યું : 'શી ધારણા છે તમારી, ફેલુબાબુ?'

'અત્યારે તો કશું જ નથી ધારતો.' ફેલુદાએ કહ્યું : 'કેવળ એક શક, એક ખટકો.' એ પછી ફેલુદાએ આ બાબત વિષે કંઈ જ વાત કરી નહિ.

જમ્યા પછી પોતાના રૂમમાં આરામ ફરમાવ્યા બાદ પાંચેક વાગ્યે લાલમોહનબાબુ અમારા રૂમમાં આવ્યા. અહીં ઉપર જ ચા મંગાવી અમે એ પીતા હતા ત્યાં બારણે ટકોરા મારી એક સજ્જન અંદર આવ્યા. એમની વય પાંત્રીસ-સાડત્રીસથી વધુ નહોતી લાગતી. પણ એમના માથા પરના વાંકડિયા વાળ નવાઈ લાગે એટલા પ્રમાણમાં પાકેલા હતા.

'ઓહ તમે અહીં જ છો, લાલુદા! હું તમારા રૂમ પર જઈ આવ્યો. કેમ, એવરીથિંગ ઑલરાઈટ? કોઈ તકલીફ નથી ને?'

લાલુદા! લાલમોહનબાબુને કોઈ આ રીતે સંબોધે એ મારા મગજમાં જ નહોતું ઊતરતું. સમજી ગયો કે આ જ પુલક ઘોષાલ હશે. ફેલુદાએ પહેલેથી જ કડક સૂચના આપી રાખેલી કે એમનો અસલ પરિચય કોઇને આપે નહિ, એટલે લાલમોહનબાબુએ પોતાના મિત્ર તરીકે પુલકબાબુને એમની ઓળખાણ કરાવી. થોડી પળો સુધી પુલકબાબુ ફેલુદાને નીરખી રહ્યા. પછી કહે, 'કમાલ છે ને? તમે લાલુદાના ખાસ મિત્ર. આટલા નજીકના જ માણસ, અને અમે હીરોની શોધમાં હેરાન થઇએ છીએ. તમને હિંદી બોલતું ફાવે છે?'

મુક્તપણે હસી પડી ફેલુદાએ કહ્યું : 'હિંદી તો આવડતું નથી, પણ અભિનય તો બિલકુલ ન ફાવે.' પછી પૂછ્યું : 'પણ હીરોની શોધ શાને માટે? તમારું તો શૂટિંગ પણ શરૂ થઈ જવાનું છે ને? અને સાંભળ્યું છે કે હીરોનો રોલ અર્જુન મેરહોત્રા કરે છે!'

'હા, પણ એ શું હવે પહેલાંનો અર્જુન છે? અત્યારે એ હજાર બહાનાં કાઢે. એવાને હું તો કંઈ હીરો ન કહું. પર્દા પર ભલેને ગમે તેવા સજ્જન દેખાય પણ અસલમાં આ બધા છૂપા વિલન છે. અહીંના પ્રોડયુસરોએ એમને બહુ માથે ચડાવીને બગાડી મૂક્યા છે.' પછી કહે : 'ખેર, જવા દો એ વાત. હવે પરમ દિવસને માટે હું તમને ત્રણેને ઈનવાઈટ કરી જઉં છું. અહીંથી સિત્તેર માઈલ દૂર શૂટિંગ છે. ડ્રાઈવરને એ જગ્યાની ખબર છે. સવારે વહેલા પરવારીને સીધા ત્યાં આવી પહોંચજો. મિસ્ટર ગોરે, અમારા પ્રોડયુસર અહીં નથી. ફિલ્મ વેચવા સારુ સાતેક દિવસ માટે દિલ્હી, મદ્રાસ, કલકત્તા ગયા છે. પણ તમારી મહેમાનગતિમાં કશી કચાશ ન રહે તે માટે ખાસ સૂચના આપતા ગયા છે.'

'શૂટિંગ ક્યાં રાખ્યું છે?' ફેલુદાએ પૂછ્યું.

'ખંડાલા અને લોનાવલાની વચ્ચે. ટ્રેઇનનો સીન છે. પૅસેન્જરો ઓછા પડશે તો તમને પણ ગાડીમાં બેસાડી દઈશું.'

'ભલે.' લાલમોહનબાબુ બોલ્યા અને પછી ઉમેર્યું : 'અરે, અમે તો શિવાજી કૅસલ પણ જોયો.'

સાંભળતાં જ પુલકબાબુનાં ભવાં સંકોચાઈ ગયાં. 'એમ! ક્યારે?'

'આજે જ. સાન્ટાક્રુઝથી અહીં આવતી વખતે, લગભગ બે વાગ્યે.'

'ઓહ! તો પછી એ બનાવ ત્યાર પછી જ બન્યો હશે.'

'બનાવ? કયો બનાવ, મોશાય?'

'ખૂનનો!' પુલકબાબુએ ટૂંકમાં જ કહ્યું.

'ખૂન!' આશ્ચર્યથી અમે ત્રણે બોલી ઊઠયા. 'ખ'ને દીર્ઘ ઉ 'ખૂ' અને 'ન' ને કંઈ નહિ 'ન'. બે જ અક્ષરો. પણ બંને એકબીજાને જોડાય તો સાંભળતાં જ ધ્રુજારી છૂટે!

'મને હમણાં અર્ધા કલાક પહેલાં જ ખબર પડી.' પુલકબાબુ બોલ્યા: 'એ મકાનમાં તો મારી રેગ્યુલર આવ-જા. મિસ્ટર ગોરે પણ શિવાજી કૅસલમાં જ રહે છે – બારમે માળે. એટલે જ તો તમારી વાર્તામાં મકાનનું નામ બદલ્યું. જો કે એ પોતે તો બહુ ભલા માણસ છે. ખેર, તમે મકાનમાં અંદર ગએલા?'

'હું ગયો હતો.' ફેલુદાએ કહ્યું, 'લિફ્ટના દરવાજા સુધી.'

'અરે, બાપ રે! લિફ્ટની અંદર જ તો ખૂન થયું છે. મરનાર હજી ઓળખાયો નથી, પણ સાંભળ્યું છે કે કોઈ ગુંડા જેવો લાગે છે. ત્રણેક વાગ્યાના સુમારે ત્યાં બીજા માળે રહેતા ત્યાગરાજન નામના એક માણસે લિફ્ટ માટે બટન દબાવ્યું. ઉપરથી લિફ્ટ નીચે આવી અને એનો દરવાજો ખોલી આ માણસ અંદર દાખલ થવા ગયો ત્યાં એની નજર લાશ પર પડી. પેટમાં છરો મારીને કોઇએ એનું ખૂન કર્યું હતું.'

'આ દરમિયાન લિફ્ટમાં ઉપર-નીચે આવતું જતું કોઈ દેખાયું નહોતું?' ફેલુદાએ પૂછ્યું.

'લિફ્ટ પાસે તો કોઈ હાજર નહિ હોય કદાચ, પણ બિલ્ડિંગની બહાર બે ડ્રાઈવરો હતા, તેઓએ એ ગાળામાં પાંચ-છ જણને મકાનમાં જતા જોયા હતા. એમાંના એકે લાલ શર્ટ પહેરેલું. બીજા એક જણના ખભે બગલથેલો અને કથ્થાઈ રંગનો...'

'એ હું હતો.' ફેલુદાએ એમને વચ્ચેથી જ અટકાવીને કહ્યું.

મારી છાતીના ધડકારા વધી ગયા. સર્વનાશ. ફેલુદાને શું આ ખૂનના મામલામાં સંડોવાવું પડશે?

'એની વે,' આશ્વાસક સ્વરે પુલકબાબુ બોલ્યા: 'એ વિષે તમારે કંઈ ફિકર કરવાની જરૂર નથી.' પછી લાલમોહનબાબુને કહે, 'અને તમે પણ લાલુદા, ચિંતા ન કરશો. શિવાજી કૅસલમાં સ્મગલર રહેતા હતા એમ તમે તમારી વાર્તામાં લખ્યું એટલે ડરવાનું કોઈ કારણ નથી. અહીં બૉમ્બેમાં કયા ઍપાર્ટમેન્ટમાં સ્મગલર નથી રહેતા? જે પકડાયા છે એ તો એમાંના અંશ રૂપ પણ માંડ છે. આખું શહેર જ સ્મગલિંગ પર નભે છે. કેટલાને પકડાય?'

પણ ફેલુદા ચિંતાતુર લાગતા હતા. પણ એ ભાવ એક જણના આગમનથી દૂર થઈ ગયો. બારણા પર ટકોરો સાંભળીને પુલકબાબુ બોલ્યા: 'વિક્ટર આવ્યો લાગે છે.' અને એમણે ઊભા થઈ બારણું ખોલ્યું. સોટા જેવા શરીરવાળો ને મધ્યમ હાઈટનો એક જણ રૂમમાં પ્રવેશ્યો.

'ઓળખાણ કરાવું, લાલુદા. આ છે વિક્ટર પેરુમલ, હૉંગકૉંગ ટ્રેન્ડ કુંગ-ફુ એક્સપર્ટ.'

સજ્જને ખુલ્લા દિલથી અમારી સૌની સાથે હાથ મિલાવ્યા.

'દક્ષિણ ભારતનો છે એટલે ભાંગ્યું-તૂટ્યું હિન્દી આવડે છે એને, અને અંગ્રેજી પણ થોડુંઘણું જાણે છે. પણ એ માત્ર કુંગ-ફુ જ નથી શીખવતો. સ્ટંટનો પણ એ રાજા ગણાય છે. આપણી ફિલ્મમાં ઘોડા પરથી ચાલુ ટ્રેઇનમાં કૂદી પડવાના સીનમાં હીરોના ભાઇનો મેક અપ કરીને એ જ કામ કરવાનો છે.'

શી ખબર કેમ, પણ મને આ માણસ બહુ ગમી ગયો. એના સ્મિતમાં ખરેખરી નિખાલસતા હતી. એમાં પાછું એ સ્ટંટમૅન હોવાનું જાણીને તો એના પ્રત્યે મારું માન વધી ગયું. મામુલી વળતરના બદલામાં જેઓ પોતાની જાતને જોખમમાં મૂકે, અને જેના બદલે હીરો વાહવા લઈ જાય એવા અનામી લોકોને તો ધન્યવાદ જ ઘટે.

વિક્ટરને કુંગ-ફુ આવડતું હતું એટલું જ નહિ, એણે કહ્યું: 'આઈ નો મોક્કાઈરી આલ્સો.'

મોક્કાઈરી? એ વળી શું. ફેલુદા, જેને આટઆટલું જ્ઞાન છે, તેને પણ આની જાણ નહોતી. અને લાલમોહનબાબુની તો વાત જ શી કરવી? કારણ એ તો પોતાનાં લખાણ સિવાય ખાસ કંઈ જ વાંચેબાંચે યે નહિ.

વિક્ટરે ફોડ પાડતાં કહ્યું: 'મોક્કાઈરી પણ એક પ્રકારની ફાઇટિંગ છે, પણ તેમાં હાથ પર ઊંધા માથે થઈ પગને હવામાં ફંગોળીને તેનો મારક ઉપયોગ થાય છે. હૉંગકૉંગમાં પણ એ હજી હમણાં જ આવ્યું છે, અને આનું યે ઉદ્‌ભવસ્થાન જાપાન જ છે.'

'તે આપણી ફિલ્મમાં એ પણ ઉમેર્યું છે?' લાલમોહનબાબુએ જરાક ડરતાંડરતાં પૂછ્યું. પુલકબાબુએ હસીને માથું ધુણાવી કહ્યું, 'અરે, લાલુદા! પહેલાં આ એક કુંગ-ફુમાંથી તો છૂટીએ. જાણો છો? રોજ સવાર-સાંજ અગિયાર જણને એની ટ્રેનિંગ અપાય છે. નવેમ્બરની શરૂઆતથી. તમે તો વાર્તા લખીને છૂટી ગયા. પણ હવે બધી ઝંઝટ અમારે ઉપાડવાની. જો કે તમે જે શૂટિંગ જોવાના છો તેમાં કુંગ-ફુ નથી. એમાં તો આપણા આ સુપરમૅનનું સ્ટંટ જોવા મળશે. બહુ જામશે આ સીન. ફિલ્મમાં ઉતારવો સરળ નથી, પણ કુછ પરવા નહિ.'

પુલક ઘોષાલ અને વિક્ટરના ગયા પછી ફેલુદા સોફા પરથી ઊભા થયા અને બારી ખોલી નાખી. એ ખૂલતાં જ નીચેથી રસ્તા પરના ટ્રાફિકનો ઘોંઘાટ રૂમમાં પ્રસરી ગયો. જો કે ચોથા માળે હતા તેથી વાતચીત કરવામાં અમને બહુ નડતો નહોતો. અસલમાં તો અમને ત્રણેયને એરકંડિશનિંગની ટેવ પણ નથી, અને એ ગમતું યે નથી. બહારનો અવાજ ભલે આવે, પણ સાથોસાથ ખુલ્લી હવા પણ મળતી હતી.

બારી પાસેથી પાછા ફરી સોફા પર બેસતાં ફેલુદા કંઈક ગંભીરતાપૂર્વક બોલ્યા: 'લાલમોહનબાબુ, આ ઘટનામાં રહસ્યની ગંધ જે રીતે ઉગ્ર બની રહી છે તે બહુ અકળાવે એવી છે. તમે પેલા પુસ્તકના પૅકેટને અહીં લાવવાની જવાબદારી ન લીધી હોત તો સારું થાત. એ વખતે હું ત્યાં હાજર હોત તો અચૂક એ સંપેતરું તમને લેવા ન દેત.'

'હું શું કરી શકત?' લાલમોહનબાબુ નરમ ઘેંસ જેવા બની બોલ્યા, 'એ સાન્યાલ હવે પછીની મારી વાર્તા પોતાને માટે જ રિઝર્વ કરી રાખવાનું કહે ત્યારે એને હું શી રીતે ના કહી શકું?'

'તમને કંઈ ખયાલ છે, લાલમોહનબાબુ? એરપૉર્ટ પર સિક્યોરિટી માટે જ્યારે ચેકિંગ થાય ત્યારે પૅસેન્જરની પાસે આવું કંઈ પૅકેટ હોય તો તે પણ ખોલીને તપાસે. આ એક નિયમ જ છે. તમને ભલાભોળા નિરુપદ્રવી માણસ સમજીને કદાચ તમારી તપાસ નહિ કરી હોય. પણ જો તમારી પાસેનું એ પૅકેટ ખોલીને તપાસાત તો તેમાંથી શું નીકળ્યું હોત એની આપણને ક્યાં ખબર છે? ગમે તેમ, પણ એ પૅકેટ અને આ ખૂનને સંબંધ નહિ હોય તેમ કેમ માની શકાય?'

લાલમોહનબાબુ હવે તદ્દન ઢીલા પડી ગયા હતા. ધીમેધીમે એ બોલ્યા: 'પણ એક ચોપડીના પૅકેટમાં વળી...'

'ચોપડી એટલે ચોપડી જ એમ કેમ કહેવાય? અગાઉ રાજાબાદશાહોના જમાનામાં વીંટીમાં ઝેર પણ છુપાવાતું હતું એ તો ખબર છે ને? આભૂષણ પણ ખરું અને વિષાધાર–વિષનો આધાર પણ ખરો. ખેર, જવા દો એ વાત. તમારું કર્તવ્ય જ્યારે નિર્વિઘ્ને પતી ગયું છે, ત્યારે હવે તમારા પોતાના માટે તો કોઈ મુસિબત નથી એમ મને લાગે છે.'

'લાગે છે ને?' ફેલુદાના એ છેલ્લા બોલ સાંભળી લાલમોહનબાબુના ચહેરા પર નિરાંતનો મરકાટ પ્રકટી ગયો.

'હા, એવું લાગે તો છે.' ફેલુદા બોલ્યા, 'અને તમારી મુસિબત એટલે અમારી પણ ખરી જ તો. આપણે ત્રણ જણ એક જ સૂત્રથી બંધાએલા છીએ. દોરી ખેંચાતાં જ ત્રણે જણ એકસાથે લાંબા થઈ જઈશું.'

લાલમોહનબાબુને હવે પૂરી ધરપત વળી. એકદમ પલંગ ઉપરથી ઊભા થઈ કુંગ-ફુની સ્ટાઈલથી હવામાં પગ વીંઝી બોલ્યા, 'થ્રી ચીઅર્સ ફૉર ધ થ્રી મસ્કેટીઅર્સ! હિપ...હિપ...'

ફેલુદાએ અને મેં સાદ પુરાવ્યો, 'હુર્રે!'

સાંજે છના સુમારે અમે હોટેલમાંથી બહાર નીકળ્યા. પગે ચાલીને ન જોઇએ તો નવું શહેર જોવાય જ નહિ, એવું અમે ત્રણે જણ માનીએ છીએ. જોધપુર, કાશી, દિલ્હી, ગંગટોક—બધી જગ્યાએ અમે આમ જ કર્યું છે તો મુંબાઈમાં કેમ ન કરીએ?

હોટેલમાંથી નીકળી જમણી બાજુ થોડે દૂર જતાં જેને 'કૅમ્પ્સ કૉર્નર' કહે છે ત્યાં પહોંચ્યા. અહીં જબરદસ્ત મોટા થાંભલાઓ ઉપર પુલ જેવો માર્ગ-ફ્લાય ઓવર બનાવેલો છે. તેની ઉપરથી અને નીચેથી વાહનો સડસડાટ આવતાંજતાં હતાં. અમે એ પુલની નીચેથી રસ્તો વટાવી ગિબ્સ રોડ પરથી દક્ષિણ બાજુ વળ્યા. અહીંથી જમણી તરફ એક ટેકરો બતાવી કહ્યું કે તેના પર થઇને 'હૅંગિંગ ગાર્ડન' જવાતું હશે. આ ટેકરો ને તેની પાસેનો વિસ્તાર 'મલબાર હિલ' નામે ઓળખાય છે.

એકાદ માઈલ આગળ ચાલ્યા ત્યાં સમુદ્ર આવ્યો. ઑફિસો છૂટવાનો સમય હતો એટલે ભાતભાતની મોટરગાડીઓનો અસ્ખલિત પ્રવાહ વહેતો હતો. તેની વચ્ચેથી રસ્તો પાર કરવો એ પણ જાણે કસોટી હતી. પણ અમે તેમાં સફળ થઈ કમર જેટલી ઊંચી પાળી પાસે જઈ પહોંચ્યા. ઉપર આરામથી બેસી શકાય એટલી પહોળી એ પાળની પાછળ જ દરિયાનાં મોજાં ઊછળતાં અફળાતાં હતાં. ગોળ વળાંક લઈ દક્ષિણમાં બહુ લાંબે સુધી જતા આ માર્ગના એ દૂરના છેડે સાંજના ઢળતા તડકામાં ગગનચુંબી ઈમારતો દેખાતી હતી. ફેલુદાએ આ માર્ગને 'મરીન ડ્રાઈવ' તરીકે ઓળખાવ્યો.

એકાએક લાલમોહનબાબુ કહે: 'સ્મગલર કે દાણચોર આ જે કહો તે, પણ તેના માટે આ સમુદ્ર અને આ પહાડી મળીને બૉમ્બે એકદમ યોગ્ય શહેર બની જાય છે.'

પણ મેં કે ફેલુદાએ કંઈ ઉત્તર આપ્યો નહિ. પથ્થરની એ પાળની બાજુમાં ફૂટપાથ પર અમે આગળ અને આગળ ચાલતા રહ્યા. ડાબી બાજુ કીડીની હારની જેમ મોટરો દોડી રહી હતી. થોડી વારે ફરી લાલમોહનબાબુ બોલ્યા, 'અહીં સી. એમ. ડી. એ. (કલકત્તા મ્યુનિસિપલ ડેવલપમેન્ટનું ખાતું) કામ કરતું લાગતું નથી.'

'રસ્તા પર ક્યાંય ખાડાખઈયા દેખાતા નથી એમ જ કહેવા માગો છો ને?' ફેલુદાએ પૂછ્યું.

'ઍરપૉર્ટથી આવ્યા ત્યારથી જોઉં છું કે મોટરમાં બેઠા હતા એ દરમિયાન રસ્તા પરના ખાડાને કારણે ક્યાંય ગાડી ઊછળતી જણાઈ નહિ. આ તો માની ન શકાય તેવો અનુભવ છે.'

આગળ જતાં દૂર લોકોની ભીડ દેખાઈ. કલકત્તામાં રવિવારે શહીદ મિનાર નીચે હોય છે તેવું કંઈક અહીં લાગતું હતું. વધુ નજીક ગયા પછી ફેલુદાએ કહ્યું, 'આ બૉમ્બેની ચોપાટી છે. અહીં કાયમ આમ રથયાત્રાના મેળા જેટલી ભીડ જામે છે.'

પછી તો દુકાનો પણ દેખાવા લાગી. જોતાં જ ખયાલ આવી ગયો કે ત્યાં પાણીપુરી અને ભેળ, આઈસક્રીમ અને એવુંએવું વેચાતું હશે. અને અમે છેક તેની નજીક પહોંચ્યા ત્યારે જોયું કે એમ જ હતું. લોકોની ઠઠ જામી હતી, કંઇ ને કંઈ ખાવાપીવા સૌ દોડાદોડી કરી રહ્યાં હતાં. લાલમોહનબાબુ હવે થોડા સમયમાં જ પૈસાદાર બનવાના હતા એટલે આજે અહીં એમના પર ભેળપુરીનો ખર્ચ નાખવામાં વાંધો નહોતો. હાથમાં એકએક પડીકું લઈ અમે લોકોના ઘોંઘાટથી દૂર દરિયાકાંઠે રેતીમાં જઈને બેઠા. સાંજના સાત થવા આવ્યા હતા પણ આકાશમાં હજી ગુલાબી પથરાએલી હતી. રેતીમાં અમારી જેમ બીજા ય ઘણા લોકો છૂટાંછવાયાં કે મંડળી જમાવી બેઠાં હતાં. લાલમોહનબાબુ મોજમાં હતા. ખાવાનું પૂરું કરી હાથ ખંખેરી એ કંઈ લલકારવા જતા હતા ત્યાં જ આજુબાજુમાંથી ક્યાંકથી છાપાનું એક પાનું ઊડી આવીને એમના ચહેરા પર ચીટકી ગયું.

લાલમોહનબાબુએ પોતાના ચહેરા પરથી હટાવી એ શાનું પાનું છે તે જોવા તેમાં નજર કરી. હજી તો એ 'ઈવનિંગ ન્યૂઝ' બોલવા જતા હતા ત્યાં જ ફેલુદાએ એકદમ એમના હાથમાંથી એ ખેંચી લીધું.

'છાપાનું નામ જુઓ છો, પણ એની નીચેની હેડલાઈન નજરે ન પડી?'

અમે એકસાથે એ પાના પર ઝૂકી પડયા. હેડલાઈન હતી, 'મર્ડર ઈન ઍપાર્ટમેન્ટ લિફ્ટ'—ઍપાર્ટમેન્ટની લિફ્ટમાં ખૂન. અને નીચે મરનારનો ફોટો હતો. બરાબર જોયો. ના, ના. આ પેલો લાલશર્ટવાળો નહોતો.

લાલમોહનબાબુ મોટેથી વાંચવા લાગ્યા, 'બેથી અઢીના સમયગાળામાં આ ખૂન થયું લાગતું હતું અને ખૂની હજી પકડાયો નહોતો, પણ પોલીસ તપાસ ચલાવી રહી છે. મરનાર માણસનું નામ મંગલરામ શેઠી હતું. દાણચોરો સાથે આ માણસ સંકળાએલો હતો અને ઘણા દિવસથી પોલીસ તેને શોધી રહી હતી. લિફ્ટમાં ઠીકઠીક ઝપાઝપી થઈ હશે એવો પુરાવો મળ્યો હતો. લાશ પાસેથી મળેલી કાગળની ચબરખીમાં એક નામ લખેલું હતું. એ નામ...આં...આં...આં...'

એ નામના બદલે લાલમોહનબાબુના ગળામાંથી એક અદ્ભુત જાતનો અવાજ નીકળ્યો. મને લાગ્યું કે એ કદાચ બેહોશ થઈ જશે. એટલે મેં એમને તુરત જ પકડી લીધા. પણ એમની આવી હાલત થાય તે તદ્દન સ્વાભાવિક હતું. કારણ પેપરમાં હતું કે એ ચબરખીમાં 'મિ. ગાંગુલી, ડાર્ક, શૉર્ટ, બૉલ્ડ, મસ્ટાશ (શામળા, ભટકા, ટાલવાળા અને મુછાળા)' લખ્યું હતું. નામ અને વર્ણન લાલમોહનબાબુનો જ નિર્દેશ કરતા હતા. આ ઉલ્લું લખાણ ફેલુદાએ વાંચ્યું ન વાંચ્યું ત્યાં તો લાલમોહનબાબુએ એના હાથમાંથી છાપું ઝડપી લઈ ફાડીને તેના ટુકડેટુકડા કરી ઉડાડી દીધા. આ જોઈ ફેલુદાએ કહ્યું, 'આવા સાફ મઝાના દરિયાકિનારાને કચરાથી ભરી દીધો!'

પણ લાલમોહનબાબુનું ચિત્ત હજી ઠેકાણે નહોતું. સરખી રીતે બોલી પણ શકતા નહોતા. ફેલુદાએ આ જોઇને એમને જરા ધમકાવતાં કહ્યું: 'શું તમે એમ ધારો છો કે આખા બૉમ્બેના લોકો તમને જોઇને ઓળખી જશે કે આ પેલી ચબરખીમાં વર્ણવેલો માણસ જ છે?'

પણ લાલમોહનબાબુને એટલાથી સાંત્વન મળ્યું નહિ. જેમતેમ થૂક ગળે ઉતારતા એ બોલ્યા, 'પણ...પણ...આનો અર્થ તમે સમજ્યા? કોણે ખૂન કર્યું છે એ...'

કંઈ પણ ન બોલતાં ફેલુદા એકીટશે એમના ભણી તાકી રહ્યા. પછી થોડી વારે માથું હલાવી કહ્યું, 'લાલુદા, ચારચાર વર્ષથી મારો સંગ કર્યા પછી યે હજી દિમાગ ઠંડો રાખીને વિચાર કરતાં આવડયું નહિ.'

'કેમ...કેમ...લાલ શર્ટ...?' લાલમોહનબાબુ હજી સ્વસ્થ થયા નહોતા.

'શું લાલ શર્ટ? કાગળની ચબરખી લાલ શર્ટના હાથમાંથી લિફ્ટમાં પડી ગઈ હતી એ વાત માની લઇએ તો પણ તેથી શું એવું ફલિત થાય છે કે એણે જ ખૂન કર્યું છે? એનો કોઈ પુરાવો છે? તમારી પાસેથી પેલું પૅકેટ મેળવી લીધા પછી એની સાથેનો તમારો સંબંધ પૂરો થઈ ગયો એ તો ખરું ને? અને એટલે પછી એને એ કાગળની ચબરખીની કોઈ જરૂર નહોતી, અને એટલે એણે ઉપર જતી વખતે લિફ્ટમાં ફેંકી દીધી એમ માનવામાં તમને કંઈ વાંધો છે?'

લાલમોહનબાબુ હજી યે ઠંડા પડી શકયા નહોતા. કહે: 'તમે ભલે ગમે તે કહો, પણ લાશની પાસેથી જ્યારે મારું નામ અને વર્ણન લખેલી ચબરખી મળી જ છે, ત્યારે મારા નસીબ હવે પૂરેપૂરું ભોગવવાનું જ લખ્યું છે એ હું સ્પષ્ટ જોઈ શકું છું. એક જ રસ્તો છે. માથે ટાલ છે તેમાં

તો કંઈ વાળ ઊગશે નહિ, અને તાત્કાલીક વિગ પણ ક્યાં શોધવી? ઊંચાઈ પણ વધારી ન શકાય અને કૉમ્પ્લેક્શન પણ ચેઈન્જ નહિ થાય. બાકી રહી મૂછ. કાલ સવારે જ હું એ સફાચટ કરી નાખીશ.'

'અને પછી હોટલના લોકો શું ધારશે? એ લોકોએ શું 'ઈવનિંગ ન્યૂઝ' નહિ વાંચ્યું હોય એમ માનો છો? અને ખૂનના સમાચાર તો સોમાંથી નેવું જણ વાંચે જ. માનવ-સ્વભાવ જ એવો છે. મારું માનવું છે કે જો તમે મૂછ કાઢી નાખશો તો તમને જોવાના કુતૂહલની સાથેસાથે તમારા પર શક પણ વધશે.'

આકાશની લાલી જ્યારે વેંગણી બની અંતે અંધારું ઊતરવા માંડ્યું અને પશ્ચિમ આકાશમાં આછાં વાદળો વચ્ચે શુક્ર તારકે પૂર્વમાં મરીન ડ્રાઈવની ઝળહળતી બત્તીઓ સામે એકલે પંડે સ્પર્ધા કરવા ધબકતે તેજે હિંમત આદરી ત્યારે અમે ઊભા થયા, અંગ પર લાગેલી રેતી ખંખેરી ફરી માણસોની ભીડ અને ખાટીમીઠી વાસ ફેલાવતી દુકાનો વચ્ચે થઈને મુખ્ય માર્ગ પરથી ટૅક્સી કરીને હોટલ ભણી રવાના થયા.

રીસેપ્શન કાઉન્ટર પર રૂમની ચાવી માગતી વખતે જોયું કે લાલમોહનબાબુએ જે બાજુ હાથ લંબાવ્યો હતો તેનાથી અવળી જ દિશા તરફ એમણે મોં ફેરવી રાખ્યું હતું. પણ એથી એમનો છુટકારો ન થયો. એ બાજુ લૉબીમાં છૂટાછવાયા સહેજે સાતઆઠ દેશીપરદેશી બેઠા હતા. એમાંના ત્રણેકના હાથમાં સાંજનું અખબાર દેખાતું હતું. અને એમાં ખૂનના સમાચાર તથા મરનારની લાશના ફોટો હતા જ. આની સાથે મિસ્ટર ગાંગુલીનું નામ અને વર્ણન પણ છપાયું ન હોય એવું તો બને જ નહિ.

બીજે દિવસે સવારે જોયું કે લાલમોહનબાબુએ મૂછ તો મૂંડી નહોતી નાખી પણ રાતના ઊંઘી શક્યા નહિ હોય એમ પહેલી નજરે જ દેખાઈ આવતું હતું. પૂછી જોતાં એમણે કહ્યું કે જ્યારે જ્યારે આંખોમાં જરાક ઊંઘ ઘેરાય કે એમને પોતાનો રૂમ લિફ્ટની જેમ ઉપરનીચે જતો-આવતો લાગતો હતો, અને એવું લાગે કે એમની નિદ્રા ઊડી જતી હતી.

પુલકબાબુએ કાલે રાતે જ ફોન કરીને કહી રાખેલું કે આજે સવારે દસ વાગ્યે તેઓ અહીં આવીને અમને સ્ટુડિયો પર લઈ જશે. એટલે વહેલા પરવારી જઈ આઠ વાગ્યે બ્રેકફાસ્ટ લઈને અમે જરા લટાર મારવા બહાર નીકળ્યા. પેડર રોડ પર થોડે દૂર સુધી જઈ થોડાં પાન બંધાવી લઈ નવેક વાગતાં હોટેલ પર પાછા ફર્યા ત્યારે ત્યાં વાતાવરણમાં કંઈક ઉત્તેજના ફેલાઈ ગઈ લાગતી હતી. કારણ બીજું કંઈ નહોતું, પોલીસ આવી હતી. કાઉન્ટર પાસે ઈન્સ્પેક્ટર જેવો એક માણસ ઊભો હતો. અમને અંદર પેસતાં જોઈને કાઉન્ટર પરના કર્મચારીએ એને જરા ઈશારો કર્યો. પેલા માણસે ફરીને લાલમોહનબાબુ ભણી જોયું. જો કે એની નજરમાં કડપ કે કડવાશ નહોતી, પણ મારી બાજુમાં કંઈક અવાજ થતાં જ સમજી ગયો કે લાલમોહનબાબુના ઘૂંટણ ટકરાઈ ગયા હતા.

પેલા અમલદાર હસતે મોંએ લાલમોહનબાબુ ભણી આગળ વધ્યા. ફેલુદાએ શાંત ભાવે લાલમોહનબાબુની પીઠ જરા હળવેથી દબાવીને સમજાવી દીધું કે નર્વસ ન થશો, ગભરાવા જેવું કંઈ નથી.

'ઇન્સ્પેક્ટર પટવર્ધન, સી. આઈ. ડી.માંથી આવું છું. આપ જ મિસ્ટર ગાંગુલી?'

'હા, યેસ!' જોઈ લો. આટલી વારમાં તો લાલમોહનબાબુએ ગભરાટમાં બે ભાષાનો ખીચડો કરી નાખ્યો. પછી પટવર્ધને ફેલુદા ભણી જોઈ પૂછ્યું, 'આપ...?' ફેલુદાએ કંઈ ન બોલતાં ખિસ્સામાંથી, 'પ્રાઇવેટ ઈન્વેસ્ટીગેટર' લખેલું પોતાનું કાર્ડ કાઢીને પટવર્ધનના હાથમાં મૂકી દીધું. એમાં નજર નાખતાં જ ઇન્સ્પેક્ટરના ચહેરા પર અહોભાવ ઊપસી આવ્યો, 'મિત્તર? આપે જ પેલી ઇલોરાની પ્રતિમાની ચોરીનો ભેદ...?'

ફેલુદાએ મોં મલકાવીને માથું હલાવી હા પાડી. માનથી હાથ લંબાવતાં પટવર્ધને કહ્યું. 'ગ્લૅડ ટુ મીટ યુ, સર.' અને ઉમેર્યું. 'આપે તો એ કેસમાં કમાલ કરી બતાવી હતી!' પછી તો ફેલુદાના મિત્ર તરીકે લાલમોહનબાબુનું માન પણ વધી ગયું. છતાં ઈન્સ્પેક્ટરે એમને કેટલાક સવાલો તો પૂછ્યા જ. અલબત્ત, આ બધી વાતો હોટલ-મૅનેજરના કમરામાં જ થએલી. પટવર્ધનના કહેવા પરથી જાણવા મળ્યું કે મરનારની લાશ પરથી ઘણી બધી આંગળાંની છાપ મળી હતી, પણ હજી ખૂની પકડાયો નહોતો. શિવાજી કૅસલ પાસે ઊભેલી ટૅક્સીઓના ચાલકો પાસેથી મળેલી માહિતીના આધારે પોલીસને એટલી જાણ થઈ હતી કે કોઈ લાલ શર્ટવાળો માણસ સાન્ટાક્રુઝ એરપૉર્ટથી શિવાજી કૅસલમાં આવ્યો હતો. પેલી ચબરખી પણ એના જ ખિસ્સામાંથી લિફ્ટમાં પડી ગઈ હશે યા એણે જ એ બેદરકારીથી ફેંકી દીધી હશે. અને પોલીસની ધારણા હતી કે કદાચ એણે જ ખૂન કર્યું હશે. લાલમોહનબાબુની વાત સાંભળીને પટવર્ધનની માન્યતા વધુ દૃઢ બની. તેમણે કહ્યું: 'એ તો સમજાઈ ગયું કે ગાંગુલી નામના કોઈ માણસને મળવા એ એરપૉર્ટ ગયો હતો. અમે ગઈ કાલે સવારથી બપોર સુધીમાં સાન્ટાક્રુઝ ઊતરેલાં બધાં પ્લેનના પૅસેન્જરોનાં લિસ્ટ તપાસી જોએલાં. એમાં કલકત્તાથી આવેલી ફ્લાઈટમાં મિ. ગાંગુલીનું નામ મળ્યું. પછી અહીંની હોટેલોમાં કાલે આવેલા મિ. ગાંગુલીની તપાસ કરી જોઈ, અને અહીં આ શાલિમાર હોટેલમાં કાલે બપોરે એક મિ. ગાંગુલી આવ્યાની જાણ થઈ.'

પટવર્ધનનો ઇરાદો માત્ર એટલું જ જાણવાનો હતો કે લિફ્ટમાંથી મળેલી ચબરખીમાં વર્ણવેલા મિ. ગાંગુલી તે આ જ છે કે બીજા, અને જો આ જ હોય તો ચબરખી સાથે એમને શો સંબંધ હતો. પટવર્ધનના આ સવાલના ઉત્તરમાં લાલમોહનબાબુએ સાન્યાલની વાત કરી.

'હુ ઈઝ ધીસ સાન્યાલ? આપ એનાથી કેટલા પરિચિત છો?'

લાલમોહનબાબુએ સાન્યાલ વિષે જે કંઈ કહેવા જેવું હતું તે કહ્યું. સાન્યાલનું ઠેકાણું પૂછતાં એમને એ કહેવું પડ્યું કે એની એમને ખબર નહોતી. બધી વાત પૂરી થતાં ઈન્સ્પેક્ટર પટવર્ધને પણ ફેલુદાની જેમ જ લાલમોહનબાબુને સાવચેત કરતાં કહ્યું: 'બરાબર આ રીતે જ આજકાલ દાણચોરો ભોળા-નિર્દોષ માણસોને ભોળવીને એમના દ્વારા દાણચોરીનો માલ પસાર કરી દે છે. અમને જણાવવામાં આવ્યું છે કે કાઠમંડુથી થોડું કિંમતી ઝવેરાત આ દેશમાં આવ્યું છે. મનાય છે કે આમાં નાનાસાહેબનો વિખ્યાત નવલખો હાર પણ છે.'

સિપાહી વિદ્રોહના સમયમાં એક નાનાસાહેબ અંગ્રેજોને ખૂબ હંફાવ્યા હતા એ હું ઇતિહાસમાં ભણ્યો છું. ઈન્સ્પેક્ટર એ જ નાનાસાહેબની વાત કરતા હતા કે નહિ તે હું ચોક્કસ કરી શક્યો નહિ.

'મને ખાતરી છે કે, મિ. ગાંગુલીને અપાએલા પૅકેટમાં પણ કંઈક ચોરાઉ માલ હશે જ.' પટવર્ધને વાત આગળ ચલાવી, 'હું માનું છું કે કલકત્તાથી અમુક ગૅંગ તરફથી આ માલ મોકલાયો હોવાની જાણ એની હરીફ ગૅંગને અહીં થઈ ગઈ હશે, અને એમણે પોતાના માણસને શિવાજી કૅસલની પાસે ગોઠવી દીધો હશે. પછી જ્યારે લાલ શર્ટવાળો માણસ સાન્ટાક્રુઝથી આવ્યો ત્યારે તેની સાથે લિફ્ટમાં ઘૂસી જઈ તેની પાસેથી પેલું પૅકેટ પડાવી લેવા કોશિશ કરી હશે. આ ઝપાઝપીમાં લાલ શર્ટના હાથે એનું ખૂન થયું હશે.'

લાલમોહનબાબુએ તો માની લીધું હતું કે એમનું નામ-વર્ણન લખેલી ચબરખી પોલીસને મળી છે એટલે હવે એમને જ ખૂની માની પકડવામાં આવશે અને પછી ફાંસી યા જનમકેદની એમને સજા થશે. પણ એના બદલે થોડાંક શિખામણનાં વાક્યો સાંભળીને જ એમનો છુટકારો થઈ જતાં હવે એ સજ્જનના ચહેરા પર નવું નૂર આવી ગયું.

પુલકબાબુ દસ વાગ્યે આવવાના હતા, પણ આવ્યા અગિયાર વાગ્યે. પોલીસપૂછપરછની વાત સાંભળી બોલ્યા: 'અરે વાત ન પૂછો. (અનુ. પૃ. ૨૩૨)


સદ્ગત બચુભાઈ રાવત

શ્રી બચુભાઈ રાવત જેવા પ્રતિભાસંપન્ન અને નિષ્ઠાવાન કાર્યકર્તા 'કુમાર કાર્યાલય લિમિટેડ'ને પ્રાપ્ત થવા એને એના ડિરેક્ટરો ગૌરવની વાત સમજે છે. આમ તો 'કુમાર'ના સર્જનમાં એમનો કાર્યભાગ સ્વ. શ્રી રવિશંકર રાવળના જેટલો જ હતો, એટલું જ નહિ, પણ એમના સાથથી જ શ્રી રવિશંકર રાવળે 'કુમાર'ના પ્રકાશનનું સાહસ આરંભ્યું હતું; અને આગળ જતાં જ્યારે શ્રી રવિશંકર રાવળે આ પ્રકાશન બંધ કરવાનો વિચાર કર્યો ત્યારે આ સંસ્કારપ્રેરક સામયિકને ચાલુ રાખી તેનું લિમિટેડ કંપનીમાં રૂપાંતર કરવાનું જે કેટલાક શુભેચ્છકોએ વિચાર્યું તેમાં 'કુમાર'ની સઘળી જવાબદારીઓ પોતાના શિરે ઉપાડી લેવાની શ્રી બચુભાઈની તૈયારીથી જ બળ પુરાયું હતું. એ વખતે નવા રચાએલા આ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ની આર્થિક સ્થિતિ કંઈ બહુ સધ્ધર ન હતી એટલે તદ્દન ઓછા વેતને પણ એમણે 'કુમાર'ના તંત્રીપદની અને મૅનેજિંગ ડિરેક્ટર તરીકેની, એમ બેવડી કામગીરી સંભાળી લીધી હતી. અને ત્યારથી આ બંને સ્થાને રહી એમણે પોતાની સંપાદકીય સૂઝ અને વહીવટીય દક્ષતાનો બેવડો પરિચય આપ્યો છે. આમ, પૂરાં છપ્પન વર્ષ અને સાત માસ, એટલે કે 'કુમાર'ના ૬૭૯ અંકો દ્વારા એમણે ગુજરાતી પ્રજામાં સતત જ્ઞાન-સંસ્કારનું સિંચન કર્યું.

'કુમાર' અને શ્રી બચુભાઈ રાવતનું એક એવું અદ્વૈત સધાઈ ગયું હતું કે આ બેમાંથી કોઈનો અલગ વિચાર ન થઈ શકે; પણ વિધિબળે આજ એવી પરિસ્થિતિ સર્જાઈ છે કે શ્રી બચુભાઈ રાવતના અસ્તિત્વ વગરના 'કુમાર'ની અસ્તિનો સ્વીકાર કરવો પડે છે. આ કંપનીમાં અને આ સામયિકમાં શ્રી બચુભાઈ તન મન અને ધનથી ઓતપ્રોત હતા. જીવનના છેલ્લા શ્વાસ સુધી એમણે 'કુમાર'નું સતત સેવન કર્યા કર્યું. અનેક લૌકિક ઊજળી તકોને જતી કરીને પણ આ આત્મજ શા 'કુમાર'ને જ પોતાની સર્વ શક્તિ સમર્પિત કરવાનું આવું દૃષ્ટાંત ગુજરાતના સામયિક પત્રકારત્વના ઇતિહાસમાં કદાચ વિરલ છે. આ એક જાહેર કંપની છે ને પોતે એના માત્ર કર્મચારી છે એવો ખયાલ એમણે કદી કર્યો નહોતો. આ તો 'કુમાર'ને ટકાવી રાખવાનો માત્ર વ્યવહારુ વ્યૂહ માની આ કંપની હોવા છતાંય એમણે એના એક ટ્રસ્ટીની જેમ કામ કર્યું હતું.

આ કંપનીની ભલે કોઈ લૌકિક સિદ્ધિ ન હોય, પણ ગુજરાતના સંસ્કારક્ષેત્રમાં 'કુમાર'ના નિયમિત પ્રકાશન દ્વારા શ્રી બચુભાઈએ ચિર કાલ ટકી રહે તેવું જે પ્રદાન કર્યું છે તે, અમે તો શું, ગુજરાત પણ ન ભૂલી શકે તેવી મોટી સેવા છે. અમને એ વાતનું ગૌરવ છે કે અદ્યાપિ અમે શ્રી બચુભાઈ રાવતના દૃષ્ટિસંપન્ન સંચાલન અને સંપાદનથી ગુજરાતની પ્રજા સમક્ષ યત્કિંચિત સંસ્કારધન રજૂ કર્યું છે. આજ શ્રી બચુભાઈની વિદાયે અમારે માટે એક મોટો આઘાત સર્જ્યો છે, પરંતુ એ કર્મશીલ સાધુપુરુષની કામગીરીનો જ્યારે વિચાર આવે છે ત્યારે અમને એમાંથી પ્રેરણા મળે છે અને એ જ રીતે, 'કુમાર' દ્વારા ગુજરાતના સંસ્કારક્ષેત્રની સેવા કરવાનો શ્રી બચુભાઈનો આજીવન પુરુષાર્થ જારી રાખવાના અમારા નિર્ણયથી અમે એમને ભાવભરી અંજલિ અર્પીએ છીએ.

હીરાલાલ હરિલાલ ભગવતી
ચેરમૅન, બોર્ડ ઑવ ડિરેક્ટર્સ, કુમાર કાર્યાલય લિમિટેડ



એકપાશી ઊતરતાં (ફોટો - જગન મહેતા)

'કુમાર'ના છેક આરંભથી માંડી આ અંક સુધીના પોતાના વૈવિધ્યપૂર્ણ સંપાદનકાર્ય વડે ગુજરાતની ત્રણત્રણ પેઢીના કિશોર-કુમારોનું સત્ત્વશીલ સંસ્કાર-ઘડતર કરનાર શ્રી બચુભાઈ રાવતનું છેલ્લા ત્રણેક માસથી શારીરિક અસ્વસ્થતા બાદ એકાએક આવેલા હૃદયરોગના હુમલાથી ગઈ ૧૨ જુલાઈએ નિધન થયું. અમર્ત્ય પ્રતિના એમના આ એકાએક પ્રસ્થાનથી આ માસિક પત્ર દ્વારા એમણે સર્જેલા એક યુગમાં કારમી સ્તબ્ધતા વ્યાપી ગઈ. ગુજરાતના એમની સતત ઝંખના સાથે એમનું સમગ્ર જીવન અને કાર્ય 'કુમાર'માં જે રીતે ઓતપ્રોત હતું એનાથી સૌ વાચકો સુપરિચિત છે જ. આ કર્તવ્યનિષ્ઠ 'નેપથ્ય'વાસીના નજીકના પરિચયમાં આવનાર કોઈ પણ વ્યક્તિ એમના લાક્ષણિક પોશાકથી માંડી એમની શુદ્ધ ઉચ્ચારોવાળી બાની, એમના સ્પષ્ટ સમતોલ ને વિનયપૂર્ણ વક્તવ્ય, એમના સુઘડ સુવાચ્ય હસ્તાક્ષરો ને તેમની લાઘવયુક્ત લેખનશૈલી, એમની તાજગીભરી જ્ઞાનપિપાસા, એમનો પ્રેમાળ સ્વભાવ ને એમની વિનમ્ર સાલસતા, જીવનનાં ઉચ્ચ મૂલ્યોનો એમનો આગ્રહ અને એમની અપેક્ષા-રહિત પરિશ્રમપૂર્ણ કાર્યનિષ્ઠા વગેરેથી પૂર્ણ એમના શીલસમૃદ્ધ આભિજાત્યને કદી નહિ વિસરે. અર્ધી સદીથી યે વધુ વર્ષો સુધીની એમની આ તપસ્યામાં 'આવતી કાલનાં નાગરિકોના ઘડતર'નું એક અચ્યુત ધ્યેય હતું. ગુજરાતમાં ઉચ્ચ કલારુચિપૂર્ણ મુદ્રણના એ એક પુરોધા હતા. 'કુમાર'માં પ્રકાશનાર્થે આવેલી સામગ્રીને વધુ ને વધુ રોચક બનાવવામાં એમની પ્રયોગશીલ સર્જકતાનું દર્શન થતું રહ્યું હતું. ગુજરાતી કાવ્યવિકાસના એ પ્રેરક અને પ્રોત્સાહક બળ હતા. લલિત સાહિત્ય ને કલાઓના સર્વ પ્રવાહોથી એમણે ગુજરાતને પરિચિત રાખવા સાથે તેનો રસાસ્વાદ કરાવ્યો હતો. સાંપ્રત ગુજરાતના સંસ્કાર-ઘડતરમાં એમનું આ સર્વદેશિક વ્યાપક પ્રદાન સદાય અવિસ્મરણીય રહેશે એ નિ:શંક છે. આગળનાં ત્રણ પૃષ્ઠો પર તત્કાલ પ્રાપ્ત છબિઓ સાથે એમની ને એમના જીવનકાર્યની આછેરી ઝાંખી કરાવવા સાથે અમે એમને અમારી ભાવપૂર્ણ નિવાપાંજલિ અર્પીએ છીએ. —બિ







◁ ઈ. ૧૯૨૨ના અરસાની શ્રી બચુભાઈની બે છબિ. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયમાં પ્રકાશન વ્યવસાયનો અનુભવ મેળવ્યા પછી 'હાજી મહમદ સ્મારક ગ્રંથ'નું સંપાદન કર્યું એ અરસામાં 'કુમાર'ના ઉદ્‌ભવનું બીજ પાંગરી રહ્યું હતું. નીચે: ડાબી બાજુ મિત્ર કવિ શ્રી દેશળજી પરમાર (ડાબી બાજુ બેઠેલા) ને શ્રી વિજયશંકર કામદાર (જમણી બાજુ બેઠેલા) સાથે ઈ. ૧૯૨૧માં રાજકોટમાં પડાવેલી છબિ. નીચે જમણી બાજુ: અમદાવાદમાં શ્રી રવિશંકર રાવળના નિવાસે 'કુમાર'ની સ્થાપના થઈ ત્યારે. શ્રી દેશળજી પરમાર અને શ્રી રવિશંકર રાવળ સાથે.

ઈ. ૧૮૯૮ની ૨૭ ફેબ્રુઆરીએ અમદાવાદમાં બચુભાઇનો જન્મ થયો. પિતા સૌરાષ્ટ્રમાં ગોંડળ રાજ્યની નોકરીમાં હતા એટલે થોડા પ્રાથમિક શિક્ષણ બાદ ગોંડલમાં અભ્યાસ કરી તેઓ ૧૯૧૪ના ડિસેમ્બરમાં મૅટ્રિક્યુલેટ થયા. તીવ્ર ઇચ્છા છતાં કૉલેજમાં તો ન જઈ શકાયું પણ પિતાની ઇચ્છાનુસાર ગોંડલમાં શિક્ષક બન્યા પછી ગાળેલાં પાંચ વર્ષમાં એમણે ત્યાંની સમૃદ્ધ લાયબ્રેરી અને ત્યાંના વિદ્વાન કવિ-લેખકો અને ચિત્રકારોની મૈત્રીથી જે આત્મવિકાસ સાધ્યો તેમાંથી, અને તે કાળના વિખ્યાત સચિત્ર પત્ર 'વીસમી સદી' તથા અન્ય વિદેશી સામયિકોમાંથી પ્રેરણા પામી સાહિત્ય ને સંસ્કારના ક્ષેત્રે કંઈ કરી બતાવવાનો થનગનાટ અનુભવવા માંડ્યો. જાતે જ લખી શણગારીને 'જ્ઞાનાંજલિ' નામે એમણે એક હસ્તલિખિત તૈયાર કરવા માંડ્યું. અકસ્માત એક દિવસ શ્રી રવિશંકર રાવળે એ જોયું અને ગોંડલ છોડી બહારના વિશાળ ક્ષેત્રમાં જવાની બચુભાઈની ઇચ્છા પણ જાણી. રવિભાઈ પોતે પણ આ પ્રકારનું જ કોઈ સાહસ કરવા વિચારતા હતા. એવામાં સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયમાં કામ કરવાની તક મળી જતાં ૧૯૧૯માં બચુભાઈ અમદાવાદ આવ્યા. અહીં એમને પુસ્તક પ્રકાશનનાં બધાં જ પાસાંઓનો અચ્છો અનુભવ મળ્યો. પછી તો 'વીસમી સદી'માં જોડાવાનું પણ નક્કી થયું, પરંતુ હાજી મહમદના અકાળ અવસાનથી એ ન બન્યું. રવિભાઇએ એમની પાસે 'હાજીમહમદ સ્મારક ગ્રંથ'નું સંપાદન કરાવ્યું. દોઢેક વર્ષ ત્યારે નવા જ સ્થપાએલા ગાંધીજીના 'નવજીવન'માં પણ કાઢયું. દરમિયાન 'કુમાર'ના પ્રકાશનની યોજના પાકી થઈ ચૂકી અને ૧૯૨૪થી તેના સંપાદન-સંચાલનની જવાબદારી બચુભાઇએ ઉપાડી લીધી. ૧૯૪૨માં રવિભાઇએ 'કુમાર'ની અંગત જવાબદારી સંકેલી લીધી. '૪૩માં 'કુમાર કાર્યાલય લિમિ.' સ્થપાયું અને ત્યારથી છેક આજ સુધી બચુભાઈએ 'કુમાર'ના સંપાદનની અને કંપનીના વહીવટની બેવડી જવાબદારી અદા કરી.











△ 'કુમાર' માસિકની સ્થાપના પછી તેના સંપાદક અને સંચાલક તરીકે (ડાબી બાજુ) તથા ઈ. ૧૯૫૩માં ૧૭ નવેમ્બરે કુમાર કાર્યાલયની સ્થાપનાને ૩૦ વર્ષ પૂરાં થયાં તે દિવસે, કુમાર કાર્યાલય લિમિટેડના મૅનેજિંગ ડિરેક્ટર તથા 'કુમાર'ના તંત્રી તરીકે (ફોટો • જગન મહેતા). અહીં વહેલી સવારથી મોડી રાત સુધી સતત કાર્યરત રહીને એમણે 'કુમાર'ના અંકો તૈયાર કર્યા, અહીં જ બેસી એમણે પૂરાં પચાસ વર્ષ સુધી બુધવારની સુખ્યાત કાવ્યસભાઓ ચલાવી, ગુજરાતના આજના અનેક ખ્યાતનામ કવિઓએ પોતાનાં કાવ્યસર્જનનો અહીંથી વિકાસ સાધ્યો હતો. ગુજરાતી ફોટોગ્રાફરોની વિખ્યાત 'નિહારિકા' ક્લબનાં મંડાણ પણ અહીં જ થએલાં. અહીં આ બેઠક પરથી જ એમણે ગુજરાતી લિપિને એક નવો મરોડ આપ્યો અને મુદ્રણ-કૌશલના અનેક અવનવા પ્રયોગો કરી છેક વિદેશ સુધી નામના મેળવી હતી. અમદાવાદ આવતા કલાકાર, કવિઓ, લેખકો અને 'કુમાર'ના ચાહકોને માટે અચૂક મુલાકાતનું આ એક સ્થાન હતું. અને અહીં જ શા માટે? બચુભાઈ માટે તો કોઈ પણ સ્થળ કામ માટે અનુકૂળ હતું. થોડાં વર્ષોથી સાયકલ છોડી દઈ એમણે બસમાં આવવા-જવાનું શરૂ કર્યું હતું. તે પછી બસસ્ટૅન્ડ પર કે બસમાં યે બચુભાઈ તક મળે તો કંઈ ને કંઈ લખવા-વાંચવા માંડે. એ રીતે પોતાના મકાન 'નેપથ્ય' પાસેના બસસ્ટૅન્ડ પર કોઈ સામયિક પર નજર નાખી લેતા (ફોટો • નરેન્દ્ર રાવલ). ઇંગ્લૅન્ડ અને અંગ્રેજ પ્રજાના એ અજબ ચાહક હતા. એમની અભિરુચિ પર અંગ્રેજી રસમો અને શિસ્તનો ઊંડો પ્રભાવ હતો. તાજેતરમાં બુધવારની કાવ્યસભાનું સંચાલન એમણે 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ને સોંપ્યું. તે પ્રસંગે શ્રી ઉમાશંકર જોષીએ એટલે જ તો એમને 'ગુજરાતમાં ભૂલા પડેલા અંગ્રેજ' કહ્યા હતા. જે ઇંગ્લૅન્ડને તેઓ નાનપણથી ચાહતા હતા તે દેશને પ્રત્યક્ષ જોવાની એમની એક મનેચ્છા હતી. લંડનમાં પ્રકટ થતા વિખ્યાત ગુજરાતી સાપ્તાહિક 'ગરવી ગુજરાત'ના માલિક અને તંત્રી શ્રી રમણિકલાલ સોલંકીએ યજમાન બની ઈ. ૧૯૭૭માં તેમને ઈંગ્લૅન્ડ બોલાવ્યા હતા. સ્વાભાવિક રીતે જ દેશદર્શનની સાથોસાથ બચુભાઈએ ત્યાંના નામી પત્રકારોની પણ મુલાકાતો લીધી. આ છબિ ઇંગ્લૅન્ડના જગવિખ્યાત દૈનિક 'ધ ટાઈમ્સ'ના તંત્રી ખાતામાં તેના 'હોમ ન્યૂઝ' વિભાગના તંત્રી ડેવિડ હ્યૂમ (એક સમયના ત્યાંના વડાપ્રધાન સર ઍલેક ડગ્લાસ હ્યૂમના ભત્રીજા) અને શ્રી રમણિકલાલ સોલંકીની સાથેની છે.











△ તા. ૨૯ માર્ચ ૧૯૭૫ના રોજ નવી દિલ્હીમાં રાષ્ટ્રપ્રમુખ ફખરુદ્દીન અલી અહમદના હસ્તે પદ્મશ્રી પુરસ્કાર અને (જમણી બાજુ) આ વર્ષે તા. ૨૯ માર્ચે ગુજરાતના રાજ્યપાલ શ્રીમતી શારદા મુખરજીના હસ્તે રાજ્ય લલિતકલા અકાદમીનો ઍવૉર્ડ સ્વીકારતા શ્રી બચુભાઈ. આ રાજસન્માનો ઉપરાંત, નાગપુરની ભારતીય લિપિ-વિચારણા સમિતિમાં તેમની વરણી (૧૯૩૮), પત્રકારત્વમાં આગવું પ્રદાન કરવા બદલ 'ગુજરાત સાહિત્ય સભા'નો રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૪૯), મુંબઈ રાજ્યની લિપિ-સુધાર સમિતિમાં સભ્યપદ (૧૯૫૩), મુંબઈ રાજ્યની વિધાન પરિષદમાં રાજ્યપાલ તરફથી ૭ વર્ષ માટે નિમણૂક (૧૯૫૪), અખિલ ભારતીય મુદ્રક મહાસંઘની કારોબારી સમિતિમાં વરણી (૧૯૫૪), મુંબઈ સરકારે નીમેલી રાજ્યના મુદ્રણ ઉદ્યોગ માટેની લઘુતમ વેતન નક્કી કરવા માટેની સમિતિમાં નિમણૂક (૧૯૫૫), પહેલી ગુજરાત મુદ્રક પરિષદમાં પ્રમુખપદ (૧૯૫૯), મુંબઈ રાજ્યની બીજી લઘુતમ વેતન સમિતિમાં નિમણૂક (૧૯૬૫), ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૩મા અધિવેશન (સૂરત)માં પત્રકાર વિભાગનું પ્રમુખપદ (૧૯૬૫), એમની દીર્ઘ સંસ્કારસેવા બદલ હરિ ૐ આશ્રમના શ્રી મોટા તરફથી અપાએલો સુવર્ણચંદ્રક અને ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળના સ્થાપના-કાળથી તેની કારોબારી સમિતિમાં તેમની વરણી, એ બધાં માન એમની વિવિધક્ષેત્રે કરેલી મૂક સેવા અને એમણે કરેલાં પ્રદાનોની સ્વીકૃતિઓ છે. (જમણી બાજુ નીચે) પત્ની સાકરબેન સાથે. શ્રી બચુભાઈનાં લગ્ન નાની વયે થએલાં. બે વર્ષ પહેલાં—૧૯૭૮ના માર્ચમાં સાકરબેનનું અવસાન થયું. દીર્ઘકાલીન દાંપત્યમાં ઉત્તરાવસ્થાએ એકાએક આવી પડેલી એ એકલતાને એમણે બે પુત્રો, પાંચ પુત્રીઓ અને તેમનાં સંતાનોના વિશાળ પરિવારના આધારે તથા સતત કાર્યરતતામાં મન પરોવીને જીરવી લીધી હતી. પરંતુ ત્યાર બાદ કદાચ વયના કારણે પોતાની શારીરિક શક્તિ ધીરેધીરે ક્ષીણ થતી હોવાનું ક્વચિત તેઓ કહેવા લાગ્યા હતા. પ્રથમ શ્રવણમાં અને પછી દૃષ્ટિમાં મંદતા આવવા લાગી. છતાં 'કુમાર' માટે આવેલી કૃતિઓ જો બહુ લાંબી ન હોય તો તેઓ અચૂક વાંચી જતા. કંપોઝ થએલા લેખોનાં પ્રૂફ્સ જાતે તપાસી જવાનો આગ્રહ પણ એમણે શક્ય તેટલો લંબાવ્યો રાખ્યો હતો. છેલ્લે છેલ્લે લેખકના હસ્તાક્ષરોના કારણે કોઈ કૃતિ વિગતે ન વાંચી હોય તો તેનાં સારાં ગૅલી પ્રૂફ્સ કઢાવીને પણ એ વાંચી લેતા. પરંતુ કાવ્યકૃતિઓ વાંચવાનો એમનો રસ છેક છેવટ સુધી એટલો જ તાજગીભર્યો રહ્યો હતો. આ જ રીતે એમની ચકોર અને સજાગ નજર અન્યત્ર પ્રકટ થએલી કૃતિઓ ઉપર પણ સદાય ફરતી રહેતી. એટલું જ નહિ, પોતાને ગમી ગએલી કૃતિના કર્તાને એ બદલ અભિનંદવાની તક પણ તેઓ ચીવટપૂર્વક ઝડપી લેતા. કાચી પણ આશાસ્પદ કૃતિના કર્તાને 'કુમાર' માટે તેના અસ્વીકારની જાણ કરવા સાથે પ્રોત્સાહન અને માર્ગદર્શનના બે શબ્દો પણ તેઓ અચૂક ઉમેરતા. આજના કવિ-લેખકોમાંના ઘણાએ એ શબ્દોથી પ્રેરણા પામીને સાહિત્યક્ષેત્રની પોતાની મજલ જારી રાખી ઉચ્ચ સ્થાનો સિદ્ધ કર્યાં છે. શ્રી બચુભાઈએ મેળવેલી બહોળી ચાહનાનાં આવાં અનેક કારણો છે.

આ સાથે આપેલી છબિઓમાંથી જેમનાં મળી શક્યાં તે છબિકારોનાં નામ તેની સાથે આપ્યાં છે. જેની જાણ નથી થઈ શકી તે નામો નહિ આપી શકવા બદલ તે છબિકારો દરગુજર કરશે તેવી આશા છે.

લેખક · પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર

જૂઇ (યૂથિકા)

જાઇ (ચમેલી)ની લતાભગિની. જૂઈ બંનેની વેલીઓને ઓળખવામાં ઘણી વાર ભૂલ થાય છે. ઘણા આ બન્નેની વલ્લરીઓને જાઈ-જૂઈના યુગલ નામથી ઓળખે છે. સામાન્યતયા બન્નેનાં પર્ણ નાનાં, લંબગોળ, અણીદાર અને દેખાવમાં સરખાં લાગે છે. પરંતુ જાઈની એક શાખા ઉપર સાત, નવ કે અગિયાર પાન હોય છે. જ્યારે જૂઈ ને એક ડાળખી ઉપર ત્રણ જ પાન આવે છે. એમાં બે નાનાં અને એક મધ્યવર્તી પાન દોઢથી બે ઇંચ જેટલું લાંબું અને એક ઇંચ પહોળું હોય છે. બંનેની વેલીઓમાં શ્વેત પુષ્પોની સુરભિ મોગરાની સુવાસને મળતી આવે છે. જાઈના ફૂલની કળી ઉપર બહુ આછી ગુલાબી છાંટ હોય છે, જ્યારે જૂઈની કલિકાઓ દુગ્ધ-ધવલ હોય છે. બન્ને ઉનાળાથી શિયાળા સુધી પુષ્પિત થાય છે. બંનેની લતાઓ ઘર-આંગણે વિવિધ રીતે ચઢાવી શકાય છે. જૂઈની એક પીળાં પુષ્પોવાળી જાત પણ થાય છે, તેને સ્વર્ણયૂથિકા કહે છે. એ અર્ધલતા જેવી દેખાય છે. એના છોડ કુંદને મળતા આવે છે. જૂઇને કેટલાક 'પહાડી ચમેલી' પણ કહે છે. એ હિમાલયના આંચલમાં કુદરતી રીતે પુષ્કળ ઊગે છે. જૂઈનાં પુષ્પોમાંથી પણ અત્તર કાઢવામાં આવે છે.

સમસ્ત ભારતમાં જૂઈ પણ લોકપ્રિય પુષ્પ છે અને તેનાં સુવાસિત પુષ્પોમાંથી અત્તર અને તેલ મેળવવા માટે ઉત્તર પ્રદેશ, બિહાર, બંગાલ અને દક્ષિણમાં વ્યવસ્થિત રીતે એની ખેતી પણ કરવામાં આવે છે. એક હેક્ટરમાં તેનુંથી એકસો પંચ્ચાશી કિલોગ્રામ જેટલાં પુષ્પો થાય છે.

જૂઈ પુષ્પની ડાંડલી એક ઇંચ લાંબી અને ફૂલનો વ્યાસ એક ઇંચ જેટલો હોય છે. ફૂલમાં સાત પાંખડીઓ અવશ્ય હોય છે. તેથી સંસ્કૃતમાં એને સપ્તલા (સપ્ત-પર્ણાત્ જાતિ ઇતિ સપ્તલા) કહે છે. જૂઈનાં પુષ્પો ખૂબ સુકુમાર હોવાથી ૮-૧૦ કલાકમાં જ કરમાવા લાગે છે. જૂઈની લતા આશ્રય પામતાં, ઘણે ભાગે વૃક્ષો પર વિંટળાઇને ૨૦ થી ૨૫ ફીટ ઊંચી વધે છે. વૃક્ષો, મંડપો, કમાનો અથવા મકાનનાં ધાબાં ઉપર છવાયેલી લતામાં જૂઈનાં પુષ્પો આકાશમાં વેરાએલા તારાઓની જેમ દીપી ઊઠે છે. તારાઓની માફક એ પણ સાંજે ખીલવા માંડે છે.

આ નાજુક સુંદર યૂથિકા (જૂઇ)નાં વર્ણનો સાહિત્યમાં ખૂબ મળે છે. 'મેઘદૂત'માં યક્ષ મેઘને કહે છે:

विश्रान्तः सन् व्रज वननदी-तीरजातानि सिंचन्
उदयानानां नवजलकणैः यूथिका-जालकानि ॥

અર્થાત્–થોડીક વાર વિશ્રામ લીધા પછી વનમાં વહેતી નદીઓના તીરે અકૃત્રિમ ઉદ્યાનોમાં ઊગેલી યૂથિકા કળીઓ પર તારા નવજલબિન્દુઓનો અભિષેક કરજે.

કવિવર ભવભૂતિના 'માલતી-માધવ' નાટકમાં આવે છે:


पर्यन्तेषु च यूथिका सुमनसां उज्जृंभितं जालकैः ॥

નદીના ઉન્નત પ્રદેશોમાં યૂથિકા પુષ્પોની નિકુંજો શોભી રહી હતી.

ઋતુસંહારમાં વર્ષાકાલ તરુણી વધૂઓનાં અંગોને નાનાવિધ પુષ્પોથી સજાવી રહ્યો છે એવું વર્ણન છે:

शिरसि बकुल-मालां माल्तीभिः समेतां
विकसित-नवपुष्पैर्यूथिका–कुड्मलैश्च।
विकच-नव-कदम्बैः कर्ण-पूरं वधूनाम्
रचयति जल्दौघः कान्तवत् काल एषः॥

અર્થાત્–જેમ કોઈ પ્રેમી પોતાની પ્રેયસીને વિવિધ પ્રકારના અલંકારોથી સજાવે છે, તેમ વર્ષાકાલ પણ પોતાની પ્રિયતમા માટે જૂઈની નવીન કલિકાઓ તથા માલતી અને બોરસલીનાં પુષ્પો ગૂંથી રહ્યો છે,



સંસ્કૃત નામ : યૂથિકા, માગધી, મુગ્ધી, સુચિમલ્લિકા, અંબષ્ઠા.
હિંદી અને ગુજરાતી : જૂઈ–જૂહી
વૈજ્ઞાનિક નામ : Jasminum Auriculatum

यूथिका नाल-पुष्पा च पुण्यगंधा गुणोज्ज्वला।
गणिका चारुमोदा च शिखंडी स्वर्ण-यूथिका॥
सुवर्ण-यूथा हरिणी पीतिका पीत-यूथिका।
प्रोक्ताऽन्या शंख-धवला नामतः शंख-यूथिका॥
(धन्वन्तरि निघंटु)

એના કાન માટે કદમ્બ પુષ્પનાં કર્ણ ફૂલો તૈયાર કરી રહ્યો છે.


જૂઈના ઔષધીય ઉપયોગો પણ છે. ૧) જે રોગો માટે જાઈ વપરાય છે તે રોગોમાં જૂઈ પણ ઉપકારક છે. ૨) પ્રમેહ અને મધુમેહમાં જૂઈનાં પંચાંગનું ચૂર્ણ પાણી સાથે લેવું. ૩) ખૂજલીમાં જૂઈના કાષ્ઠને ઘસીને લગાડવું. ૪) પગમાં ચીરા પડી ગયા હોય તો જૂઈના પાનની લૂગદી બાંધવી. ૫) શીતળામાં લીમડા અને જૂઇનો ઉપયોગ હિતકારી છે.

નેવારી (નેપાલી)

નેવારી એ ચમેલી પરિવારનું અર્ધ લતા જેવું દેખાવે અતિ રમણીય અને સદાબહાર ફૂલઝાડ છે. સીધી સોટી જેવી પાતળી શાખાઓથી ભરેલું આ ઝાડ સાતથી દસ ફૂટ જેટલું ઊંચું વધે છે. સારું પોષણ મળે તો એથી યે વધુ ઊંચું જાય છે. એનાં પાન ૫ થી ૬ ઇંચ લાંબાં, દોઢ ઇંચ પહોળાં અને અણીદાર ઘેરાં લીલાં, ચમકદાર અને સામસામાં ઊગેલાં હોય છે. ઉનાળો બેસતાં જ એનાં તારક જેવાં ઊજળાં શ્વેત પુષ્પ-ગુચ્છકો ખીલવા માંડે છે. નેવારીનાં પુષ્પોમાં પાંચ થી ૭ પાંખડીઓ અને ફૂલોનો વ્યાસ ત્રણ સેન્ટીમીટર જેટલો હોય છે. પુષ્પોમાંથી આવતી અતિશય મનભાવની સુગંધ સમસ્ત વાતાવરણને મઘમઘતું કરી મૂકે છે. હાર, વેણી અને ગજરાઓ માટ એની ખૂબ માગ રહે છે.

હિમાલયની તરાઈમાં અને ખાસ કરીને નેપાલમાં એ વનોમાં ચાર હજાર ફીટની ઊંચાઈ સુધી કુદરતી રીતે ઊગે છે. તેથી ઉત્તર ભારતમાં એને 'નેપાલી બેલા' પણ કહે છે. નેવારી નામ પણ નેપાલી ઉપરથી ઊતરી આવેલું છે. આ ફૂલઝાડ સમસ્ત ભારતમાં પ્રસાર પામ્યું છે.


સૌરાષ્ટ્ર અને ગુજરાતના પર્વતો, વનો અને ઉપવનોમાં થતી નેવરીથી આ નેવારી સર્વથા જુદું ફૂલઝાડ છે. એની લાક્ષણિકતા પરથી સંસ્કૃતમાં એનાં વાસન્તી, પ્રહસન્તી, સુવસન્તી, શોભના, સુશુક્લા, રાત્રિ પુષ્પિકા, દન્તોજ્જવલા, ભ્રમર બાંધવી વગેરે અનેક નામો છે. વૈજ્ઞાનિક લેટિન નામ–જેસમિનમ્ ઍાગસ્ટીફોલિયમ (Jasminum Augustifolium). ઘરઆંગણે ઉગાડવા જેવું આ પુષ્પઝાડ છે. વર્ષાકાલમાં દાબ કલમથી અથવા ભૂમિગત અંકુરોથી એનો વિસ્તાર થાય છે.




આપણી કાષ્ઠ-કોતરણીની કળા

ગુજરાતનાં સ્થાપત્યોમાં જોવા મળતી ઉત્કૃષ્ટ કોતરણીમાં પ્રકટતા કલા-કૌશલનો મૂળ પ્રેરણાસ્રોત કાષ્ઠ-કોતરણીમાંથી જ વહ્યો છે. અનેક ઐતિહાસિક પુરાવાઓ આ માન્યતામાં બળ પૂરે છે એટલું જ નહિ, આજે યે અમદાવાદ, પાટણ, સુરત, ખંભાત, રાધનપુર વગેરે સ્થળે ૧૪થી ૧૯મી સદીનાં કાષ્ઠનાં અતિસુંદર શોભનખચિત દેરાસરો અને આવાસો જોવા મળે છે. આવા કેટલાક ઉત્કૃષ્ટ નમૂનાઓ તો આખેઆખા છેક ન્યૂ યૉર્ક સુધી પહોંચી ગયા છે. ત્યાંના મૅટ્રોપોલિટન મ્યૂઝિયમમાં અણ-હિલવાડ પાટણનું પારસનાથનું એક આખું દેરાસર લઈ જવાયું છે. કૅન્સિંગ્ટન મ્યૂઝિયમમાં પણ અમદાવાદના એક મકાનનો સમગ્ર અગ્ર-ભાગ રાખવામાં આવ્યો છે. અને આ ઉપરાંત, ટુકડે ટુકડે તો ન જાણે કેટલીય સુંદર કાષ્ઠ-કોતરણી ખાનગી સંગ્રહો માટે પણ ઊપડી ગઈ છે. પણ આજે ઘરઆંગણે આ કલાકૌશલ લગભગ વિસરાઈ ગયું છે. અલબત્ત, એનાં અનેક કારણો પણ છે જ. વળી, જે કંઈ થોડુંઘણું કામ કલારસિક સ્થિતિસંપન્ન શ્રીમંતોના આધારે થાય છે તેમાં તેના પ્રયોજનનો અભિગમ આધુનિક બની ગૃહશોભન અને રાચરચીલાં વગેરેમાં સીમિત થઈ ગયો.


છતાં કાષ્ઠ-કોતરણીનું નોંધનીય ઉમદા કામ આ સદીના આરંભના દસકાઓ સુધી થતું હતું ખરું. અમદાવાદના મિસ્ત્રી સોમનાથ ભૂદર અને તેના ભાઈ ચકુ ભૂદરની તેમાં ખ્યાતિ હતી. એટલું જ નહિ, એનું કલાસુંદર કામ છેક યુરોપ–અમેરિકામાં પણ પ્રદર્શિત થઈ કદર પામેલું. ઈ. ૧૯૩૦માં ૭૦ વર્ષની વયે સોમનાથ ભૂદરનું અવસાન થયું. એના કામનો એક નમૂનો આ સાથે આપ્યો છે, જેમાં એણે ગુજરાતી સ્થાપત્યનું લાક્ષણિક તોરણ, ગોખના આકાર તથા અન્ય ઐતિહાસિક





△

ઉપર: અમદાવાદના મિસ્ત્રી સોમનાથ ભૂદરે અર્ધી સદી પહેલાં કોતરેલી જાળી સહિતની ફૂલપત્તીના શોભનથી ખચિત છાજલી. અમદાવાદની આસપાસના ઐતિહાસિક સ્થાપત્યોનાં શોભનોમાંથી પ્રેરણા લઈ એણે રોજિંદા વપરાશની ચીજોમાં કલામય રીતે ઉતારી હતી. ◁ બાજુમાં અને ઉપર ડાબી બાજુ કાષ્ઠ-કોતરણીના વ્યાસંગી રતિલાલ નાયકે કોતરેલા બે નમૂના. ઉપર-ટિપાઈ, જેમાં પિત્તળની નાનીનાની પ્રતિમાઓ પણ જડી લઈ તેના પર કાચ ચડાવેલો છે.



વૉલ ક્લૉકની આજુબાજુ રચેલું
કાષ્ઠ-કોતરણીનું સુશોભન
(સર્જક: રતિલાલ નાયક)


સ્થાપત્યોની ફૂલપત્તીનાં ભાતવાળી જાળી વગેરેમાંથી પ્રેરણા લઇને ત્રણ ફૂટ ઊંચી શોભનખચિત છાજલી બનાવી છે. આ છાજલીની કિનારે લગાડેલા ટચૂકડા ટેકાઓમાં એક એક ઇંચના ચોરસમાં પૈ એણે જાળીની નાનાવિધ ભાત કોતરી છે.

કાષ્ઠ-કોતરણીના આ કૌશલને એક વ્યાસંગ તરીકે વિકસાવીને, અમદાવાદના એક નિવૃત્ત ફેક્ટરી ઈન્સ્પેક્ટર શ્રી રતિલાલ નાયકે પોતાના આવાસને કલાખચિત કરી શણગાર્યો છે. એમના આ કલાસર્જનના કેટલાક નમૂના અગાઉ 'કુમાર'માં આપી ગયા છે. આ સાથે બીજા ચાર નવા નમૂના આપ્યા છે. જેમાંના બે ટિપાઈટેબલ માટેના છે. આમાંના એક અષ્ટકોણમાં તો એમણે કાષ્ઠ-કોતરણી સાથે ધાતુ પ્રતિમાઓ પણ સંયોજી છે. આ અંકના પૂઠા પર આપેલી જાળીને એમણે ઘરના દીવાનખંડના બારણામાં લગાડી છે. કલા, વ્યાસંગ અને ઉપયોગિતાનું એમણે પ્રેરણાત્મક ઐક્ય સાધ્યું છે. □

શતરંજનો કોયડો-૭ . . . . સુરેશ મોદી

કોયડા નં. ૧ની જેમ આ વખતનો કોયડો પણ રમાયેલી રમતમાંનું કૉમ્બિનેશન છે. અહીં સફેદે રમીને જીતવાનું છે. આશા છે વાચકોને ઉકેલ શોધવામાં મુશ્કેલી નહિ પડે.

અમુક વાચકોનું સૂચન છે કે કોયડાની આકૃતિઓ ઉપરાંત સ્થિતિ પણ બતાવવી જેથી આકૃતિમાં કોઈ મહોરું બહુ સ્પષ્ટ ન દેખાતું હોય તો મદદરૂપ થાય. આ સાથે સ્થિતિ આપી છે.



સફેદે રમવાનું અને જીતવાનું

સ્થિતિ : 2b-2r1k/1p2qp1p/p1rp-1b2/5p2/3BP2P/7B/PPPQ4/1K3-RR1.

ઉકેલ તા. ૨૦-૮-૧૯૮૦ સુધીમાં નીચેના સરનામે મોકલવો. Suresh M. Mody, H 6, Saraswati Society, Govadi Road, Chembur, Bombay-400 071.

કોયડા નં. ૪ (એપ્રિલ ૧૯૮૦)નો ઉકેલ

સ્થિતિ: k7/1p2B1b1/P7/3P4/k7/24.

કોયડો : સફેદે રમવાનું અને જીતવાનું.

ઉકેલ : 1 P–Q6, B–K4; 2 P–Q7, B–B2. સફેદનું પ્યાદું જે ખાના પર વઝીર બને છે તેના પર કાબૂ મેળવવા 3 K–N5, P×Pch. અહીં 3 ..., K–R2, પછી 4 B–B5chથી રાજાને પાછો ધકેલી શકાય છે.

4 K–B6 ! અહીં સફેદ 4 K×P ?થી પ્યાદું મારે તો જીતી શકે નહિ. જુઓ 4 ..., K–N1; 5 B–Q6, K–R1!, 6 B×B Stalemate-ડ્રૉ. આ વિકલ્પ રસમય છે, અને ઉકેલનો અગત્યનો ભાગ છે. ઘણાખરા વાચકો એ દર્શાવવાનું ચૂકી ગયા છે.

4 ..., B–R4; 5 B–B6. અહીં સફેદ 5 B–N5 કે 5 B–R4 પણ રમી શકત. સફેદ પાસે વૈકલ્પિક ચાલ હોય તો તે કોયડાની ખામી (double) ગણાય. પણ અંતને પરિસ્થિતિને લગતા કોયડામાં તે બહુ અગત્ય ન ગણાય.

5 ..., K–R2; 6 B–Q4. (જો પાંચમી ચાલે ઊંટ N5 કે R4 પર આવ્યો હોત તો આ ચાલે અનુક્રમે K3 કે B2 પર ચાલત.)

6 ..., K–R1; 7 B–N6 ! હવે સફેદ પ્યાદાને વઝીર બનતો અટકાવી શકાય તેમ નથી. તેથી તે જીતે છે.

આ સુંદર Miniature (સાત કે ઓછાં મહોરાંવાળા) End game studyના રચનાર G. M. Kasparyan આ જાતના કોયડાના રચનારમાં મોખરે છે.

ઉકેલ મોકલનારનાં નામ અને તેમણે મેળવેલા ગુણ : (૧) એ. એલ. ઝાલાવાડિયા, શારદાગ્રામ–૧૦ (૨) ધીરુભા ભીખુભા ગોહિલ, વડપંચાસરા–૮ (૩) લક્ષ્મણ કુરસીજી, અમદાવાદ–૭ (૪) અશોક શુક્લ, રાજકોટ–૪ (૫) મનોજ કોઠારી, ગાંધીનગર–૩ (૬) એચ એસ. દવે, સિદ્ધપુર–૨ (૭) વિજય શાહ, કલકત્તા–૧

ઘણા વાચકો ઉકેલ મોકલતી વખતે correspondence chess વિષે માહિતી પૂછાવે છે તો તે બાબત Correspondence Chess Associationના મંત્રી Mr. Mark W. Nelsonને લખવા વિનંતી. તેમનું સરનામું :

Mark W. Nelson,
10, Parvati Vihar, Shastri Nagar,
Dombivli (west) 421 202

એક સરતચૂક

કોયડા નં. ૫ (મે–૧૯૮૦)ના ઘણા ઉત્તરો મળ્યા છે, પણ તેમાં ઘણાખરાના ઉકેલ ખોટા છે. કેટલાકના ઉકેલ સાચા છે તો તેમણે આપેલા વિકલ્પો બરાબર નથી, આથી બહુ આશ્ચર્ય થયું. એ કોયડા સાથે આપેલી આકૃતિ તપાસતાં આનું કારણ સમજાયું. સરતચૂકથી એ આકૃતિમાં KB2 (f7) ખાનામાં કાળું પ્યાદું દર્શાવાયું છે ત્યાં ખરી રીતે કાળો ઊંટ હોવો જોઈએ. આ રીતે સુધારેલી સ્થિતિ આ પ્રમાણે છે :

3N3n / Kp3bpp / pRN3/ nk/ R4-Bp1 / 6PB / 2r5 / 1r6 / q6Q /

સફેદે રમવાનું અને ત્રણ ચાલમાં મ્હાત કરવાનું.

આ ભૂલ બદલ દિલગીર છું. હવે જુલાઈના કોયડા નં. ૭ સાથે સુધારેલા કોયડા નં. ૫ના ઉકેલ ૨૦ ઑગસ્ટ સુધીમાં મોકલવો.

પચ્ચીસ વર્ષ પહેલાં



જુલાઈ-૧૯૫૫ • સળંગ અંક ૩૭૯

આધુનિક જીવન પર કટાક્ષ કરતી, પંચતંત્રની શૈલીએ લખાએલી (સ્વ.) નવનીત સેવકની 'સપ્તતંત્રની વાર્તા' 'કુમાર'માં પ્રકટ થતી હતી. પચ્ચીસ વર્ષ પહેલાંની હોવા છતાં એમાંના કટાક્ષો પા સદી પછી આજે યે એટલી જ તાજગી અને ચોટ ધરાવે છે. એ વાર્તામાંની એક વાનગી 'હરીફાઈના હરીફની વાત'—

કોઈ એક ગામમાં રાવજી નામે પટેલ વસતો હતો. સમય ને સરકારના પ્રતાપે તમાકુના વેપારમાં નુકસાન ગયું છે જેને, એવા તે પટેલની છોકરી પરણાવવા જેવી થઈ, એટલે ફિકરમાં પડેલા એવા તે પટેલ વડે વિચારાયું : 'અહો ! હવે પૈઠણ વિના હું પુત્રીને કેવી રીતે પરણાવીશ ? કહ્યું છે કે—

રેલવેમાં (લગ્નગાળામાં) જગ્યા મળવી સહેલી છે, પરરાજ્યમાં જઈને બીજી વેળાએ લગ્ન કરવું સહેલું છે, રેશમી કપડાં પહેરી સામ્યવાદી ગણાવું સહેલું છે, પરંતુ પૈઠણ આપ્યા વિના દીકરી પરણાવવી મુશ્કેલ છે...૧

ત્યાર બાદ આ પ્રમાણે ચિંતામાં પડેલા એવા તે રાવજીની આ દશા જોઈ એક મિત્રે તેને કહ્યું : 'હે બંધુ, હિંદુ કોડ બિલ રજૂ થતાં જેમ સનાતનીઓ ચિંતામાં પડે એવી રીતે તું તો ચિંતામાં પડયો દીસે છે, પણ તેથી કંઈ વળવાનું નથી. માટે હે ભાઈ ! ફરિયાદો તરફ આંખ આડા કાન કરતા સરકારી ઑફિસરોની જેમ તું પણ આરામથી બેસ.'

તે પરથી (તે) પટેલે કહ્યું : 'ભાઈ, પોણા લાખની પહેરામણીવાળી ન્યાતમાં વસતા એવા મારા વડે ઉમરલાયક છોકરી હોવા છતાં નિરાંતથી બેસાવું યોગ્ય નથી. કહેવત છે કે—

ઈરાની હોટેલમાં ચા પીનાર માણસ, રાત્રે લાઉડસ્પીકર વગાડનારના પાડોશીઓ, પાઠયપુસ્તકોના પ્રકાશકો, પરીક્ષાની તૈયારી કરનાર વિદ્યાર્થીઓ તેમ જ (પટેલ) કન્યાના પિતા એ સર્વ સંસારમાં કદી સુખથી સૂઈ શકતા નથી...૨

માટે હે બંધુ, મારા વડે સારું એવું ધન કેમ પ્રાપ્ત થાય તે મને કહો.'

તેનાં આવાં વચનો સાંભળીને તે મિત્ર બોલ્યો : 'હે પટેલ ! એમ્પ્લૉયમેન્ટ એક્સ્ચેન્જ દ્વારા મળતી નોકરીની જેમ, સન્માર્ગે ચાલવાથી ધન પણ ઘણું મોડું જ મેળવાય છે. પરંતુ હે બંધુ ! તારે જો જલદીથી પૈસા મેળવવા જ હોય તો તું લૉટરીની ટિકિટો લે, કેમ કે તેના વડે કરીને તાત્કાલિક ધન મળશે.' તે પરથી રેલવેના પંખાના જેવો ખડખડાટ અવાજ કરીને હસતા એવા તે રાવજી નામે પટેલે કહ્યું : 'હે મિત્ર ! જેમ રાષ્ટ્રીય સરકાર જૂની અંગ્રેજ સરકારને મળતી આવે છે, તેમ તારી સલાહ પણ મારા વિચારને મળતી આવે છે; પરંતુ હે બંધુ, લૉટરી કરતાં શબ્દરચના હરીફાઈ ભરવી એ જ મને ઉત્તમ લાગે છે; કેમ કે—

ભવાઈ કરતાં જેમ રામલીલા સારી છે, જેમ રામલીલા કરતાં નાટક અને નાટક કરતાં સિનેમા સારું છે, એમ જુગાર કરતાં સટ્ટો, સટ્ટા કરતાં લૉટરી અને લૉટરી કરતાં શબ્દરચના હરીફાઈ સારી છે...૩

માટે મારા વડે હરીફાઈ ભરાય તે જ યોગ્ય છે.'

ત્યાર બાદ એક એક એન્ટ્રી ભરાતી હતી જેના વડે, એવા તે રાવજીને કંઈ પણ ઇનામ પ્રાપ્ત થયું નહિ. આમ થવાથી નિરાશ થએલા એવા તેને તે પછી (હરીફાઈના) એજન્ટ વડે આમ કહેવાયું : 'હે ભાઈ, પાકિસ્તાન જેમ અમેરિકાની મદદ લે છે એમ હરીફો વડે એજન્ટની મદદ લેવાવી યોગ્ય છે. તેથી કરીને મારી સલાહ તું શ્રવણ કર. ગોવાના સત્યાગ્રહીઓની જેમ એક એક એન્ટ્રી ભરનારા હરીફોનું પણ કંઈ વળતું નથી; પરંતુ ઓળખાણવાળો જેમ નોકરી મેળવી જાય એમ વધુ એન્ટ્રીઓ ભરનાર હરીફ જ ઇનામ મેળવી જાય છે. હે બંધુ, બાધાથી પ્રસન્ન થતા દેવોની જેમ વધુ એન્ટ્રીઓ ભરવાથી જ હરીફાઇદેવી પ્રસન્ન થાય છે, માટે તારા વડે અનેક એન્ટ્રીઓ ભરાય તે જ સાર્થ થશે.'

તે પછીથી એજન્ટની શિખામણ માની છે જેણે, એવા તે રાવજીભાઈ નામે પટેલ વડે હરીફાઇવાળા વડે ચાલતા કોઈ એક અઠવાડિકના ગ્રાહક થવાયું તથા એન્ટ્રીઓના સેટ ભરાયા. તે પછીથી જ્યારે ઉકેલ બહાર પડતાં હરીફો વડે ભૂલો ગણાતી હતી, ભૂલોમાં આવનારાઓ વડે મોં ઢીલાં કરીને ઘેર જવાતું હતું, એક-બે ભૂલોમાં આવનારાઓ વડે ચાના ઑર્ડરો અપાતા હતા, નિષ્ફળ જનારાઓ વડે બીજા વ્યૂહમાં વધારે એન્ટ્રીઓ ભરવાની પ્રતિજ્ઞાઓ લેવાતી હતી તથા એજન્ટો વડે હરીફોને પાણી ચડાવાતું હતું તે વેળાએ તે રાવજી નામે પટેલ એજન્ટને ત્યાં ગયો અને આ પ્રમાણે બોલ્યો : 'મૅટ્રિકના પરિણામ વખતે છોકરાઓ વડે આમતેમ ખેંચાતા છાપાના ફેરિયાની જેમ હરીફો વડે પકડાતા હે એજન્ટ, આ વ્યૂહનું પરિણામ જાણવાને વ્યાકુળ એવો હું તમારી પાસે આવ્યો છું.'

ત્યાર પછીથી ઉકેલ બતાવવામાં આવ્યો છે જેને એવો તે રાવજી નામે પટેલ આઠ ભૂલો પામીને અત્યંત નિરાશ થયો અને ચૂંટણીમાં હારેલા ઉમેદવારને જેમ એ મિથ્યા લાગે, એમ એને હરીફાઈ મિથ્યા લાગવા માંડી. પરંતુ ભારત સરકાર દ્વારા આશ્વાસન પામતી ગોવાની પ્રજાની માફક તે એજન્ટ વડે આ મુજબનું આશ્વાસન પામ્યો. એજન્ટ બોલ્યો : 'હે બંધુ, આવી રીતે સેટ ભરનાર અનેક હરીફો નિરાશ થયા છે, પરંતુ થોડી મૂડીથી ચલચિત્ર ઉતારનાર નિર્માતા નિષ્ફળ નીવડે, એમ થોડા સેટ ભરનાર હરીફો પણ નિષ્ફળ નીવડે છે; માટે કરીને હે ભાઈ, તારા વડે સંપૂર્ણ અંકપાશ થવો જ યોગ્ય છે.'

તે પરથી એક લાખનું પહેલું ઇનામ હતું એવો એક વ્યૂહ તે પટેલ વડે ભરાયો. ત્યાર બાદ જ્યારે સંપૂર્ણ અંકપાશનો વ્યૂહ ભરવા માટે ગીરો મૂકવામાં આવેલાં ઘર માટે લેણદારો વડે પૈસાની ઉઘરાણીઓ થતી હતી, વેચી નાખવામાં આવેલા દાગીના માટે ઘરમાં પત્ની વડે કંકાસ કરવામાં આવતો હતો, અને વધુ ઇનામ મળે તે માટે દેવોની બાધાઓ રખાતી હતી, ત્યારે તે પટેલ વડે વિચારાયું : 'અહો, આ વખતે સંપૂર્ણ અંકપાશ કરવાને લીધે હું મોટું ઇનામ મેળવીશ, તથા બંગલા વગેરે ચણાવીશ. કહ્યું છે કે—

સિનેમાની નટી, પ્રધાન થનાર નેતા, લાંચ ખાઉ ઑફિસર અને હરીફાઈમાં ઇનામ જીતનાર હરીફ એ સર્વ થોડા સમયમાં જ બંગલા બંધાવી શકે છે...૪

ત્યાર પછી ઉકેલ આવતાં તદ્દન ખરામાં આવેલો તે રાવજી હર્ષાતુર થઈ ગયો અને તેના વડે સત્યનારાયણની કથા કહેવડાવાઈ. ત્યાર બાદ ઇનામોની રકમ બહાર પડી ત્યારે માત્ર ચાર હજાર રૂપિયા મળ્યા છે જેને એવો તે અત્યંત નિરાશાને પામી ઉદ્વેગ કરવા લાગ્યો અને તેની તે પુત્રી પણ ઉમરલાયક થતાં લગ્ન નહિ થવાને લીધે અલોપ થઈ ગઈ.

સાર: હવેલી લેતાં ગુજરાત જાય, ડાંગ લેતાં મુંબાઈ જાય, અને ઇનામ લેતાં બધું જાય.

સાહિત્યસંપર્ક

કમનીય કિશોરકથા

ધીરુ પરીખ

તાજેતરમાં એક વિશિષ્ટ નવલકથા પ્રકટ થઈ છે, જેના લેખક છે શ્રી હરિકૃષ્ણ પાઠક. એ વિશિષ્ટ એટલા માટે છે કે એમાંનાં પાત્રો અમુક વયજૂથનાં છે. અમુક વયનાં એટલે કે કિશોર વયનાં. આથી આ નવલકથા* વાંચતાં કોઇને પણ આંગ્લ નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સનું સ્મરણ થઈ આવે તો નવાઈ નહિ. ચાર્લ્સ ડિકન્સે કિશોર નાયકવાળી અનેક નવલકથાઓ આપી છે. એમનામાં વિષમ સામાજિક પરિસ્થિતિ પ્રત્યેની સભાન સુધારક વૃત્તિ તાર સ્વરે પ્રકટતી જોવા મળે છે. એમનામાં જેટલો કથારસ જાગ્રત છે તેટલો સમાજરસ પણ જાગ્રત છે. આ નવલકથાને એ નવલકથાઓ સાથે તુલનાવવાનો કોઈ અર્થ નથી. ચાર્લ્સ ડિકન્સમાં સુધારક વૃત્તિની અને કથારસ પ્રત્યેની જે સભાનતા છે તે સભાનતાથી આ નવલકથા લખાઈ નથી. આનું જો એની સાથે થોડું પણ સામ્ય હોય તો તે પાત્રોની વયનું.

'ગુલાબી આરસની લગ્ગી'ની પાત્રસૃષ્ટિ કિશોરોની છે—બટુક, તેમુર, વિનુ, 'કવિરાજ', કાદરો, કનુ, વામન, અતુલ, ગોટુ અને એવા અનેકોની બનેલી છે. કોઈ ચોક્કસ કથાની આજુબાજુ અહીં પ્રસંગો ગૂંથાયા નથી; બલકે પ્રસંગોનું નિરૂપણ એ જ આનો વિશેષ છે. આથી લેખકને કથારસ સાથે નિસબત નથી, અને એટલે સમાજસુધારા સાથે ય નિસબત નથી. અહીં તો છે કેવળ કિશોરજીવનનાં તોફાનમસ્તીથી ભર્યાંભર્યાં નિર્દોષ પ્રસંગચિત્રો. આ પ્રસંગો પૂરી સંવેદનાથી આલેખાયાં છે, આથી એ સહજ બન્યા છે. પરિણામે કૃતક કથનાત્મક ભાષાનો લેખકને આશ્રય લેવો પડયો નથી, કે શૈલીનો ડોળ ઘાલવો પડયો નથી. જે સહજતાથી કિશોરજીવનમાં પ્રસંગો બને છે એ સહજતાથી અહીં એ નિરૂપાય છે. એક પ્રસંગમાંથી બીજો પ્રસંગ ફૂટતો હોય તેમ નહિ, પણ એક પ્રસંગ સાથે બીજો સંકળાઈ ગયો હોય તેમ તેની ગૂંથણી લેખકે કરી છે. આ બધા જ પ્રસંગો સુષ્ઠુ સુષ્ઠુ છે એમ નહિ, તે કિશોરસહજ નિર્દોષ નર્મમર્મથી રસાએલા પણ છે. લગભગ એકાદ વરસના ગાળામાં પથરાએલા આ પ્રસંગકથાનો પટ કિશોરજીવનની વિવિધ બાજુના પ્રસંગોને ઉપસાવી રહે છે. એમાં શેરીનાં તોફાનો છે તો શાળાનાં તોફાનો પણ છે. એમાં તહેવાર નિમિત્તનાં તોફાનો છે તો તરેહવાર પૂર્વયોજિત તોફાનો પણ છે. આ તોફાનોનો ભોગ અંદરોઅંદરના ગોઠિયાઓ પણ બને છે તો બ્યાસબાપા, અંબામા કે દોલજી દલીચંદ જેવા વડીલો પણ બને છે. એમાં 'બાવરીનો રોલો', 'એક પછી એક', '...અને ઉલ્લે ઉલ્લે' જેવાં સંવેદનશીલ પ્રકરણો છે તો 'મોરનું ઈંડું', 'ગાંધીજયંતી' જેવાં સંવેદનશૂન્ય પ્રકરણો પણ છે. પણ એક વાતની પ્રતીતિ થયા વગર રહેતી નથી કે લેખકને પ્રસંગ ચિતરામણની ફાવટ સારી છે. થોડા શબ્દોમાં આબેહૂબ પ્રસંગ કંડારી આપે છે. બધા જ પ્રસંગો કોઈ વિશિષ્ટ બાહ્ય ચમત્કાર સર્જતા નથી, પરન્તુ જે સંવેદનસૃષ્ટિ એ રચી આપે છે તેનાથી અદ્ભુત આંતર ચમત્કાર તો સર્જાય જ છે.

આનું પરિણામ એ આવે છે કે વાચક, જો ગ્રામસૃષ્ટિમાં જીવ્યો હોય તો, તેને પણ પોતાની કિશોરાવસ્થા સાંભરી આવે છે. એને પણ વારંવાર એમ થઈ આવશે કે 'આવું તો અમે ય કરતા. આ તો અમારી જ કથા!' કોઈ સુબદ્ધ કથાદોર વગરની પણ સુગમ પ્રસંગમાળા સર્જતી આ નવલકથા વ્યતીતનો વિહાર છે. કલાપીની પંક્તિ છે: 'માણ્યું તેનું સ્મરણ કરવું એ ય છે એક લ્હાણું', એટલે આ કથા કાકા કાલેલકરની 'સ્મરણયાત્રા'ની સોડમાં બેસે તેવી વધુ બની છે. બીજી રીતે જોવા જઇએ તો સૌરાષ્ટ્રના ગ્રામવિસ્તારની કિશોરસૃષ્ટિને યથાતથ સ્વરૂપે નિરૂપતી આ પ્રસંગ કથા છે, કમનીય કિશોરકથા છે. પુસ્તકમાં પૃ. ૨૧, ૨૭, ૨૮, ૪૦, ૫૯, ૬૦, ૬૧, ૭૦, વગેરે પર છે તેવા જોડણીદોષો,—'પુરેપુરી, ઉપડે, ઉડી, ધુંધવાટે, પૂરૂં, પુછવા, ઉઘમાંથી, મારૂં'—ભવિષ્યમાં નિવારવાથી શિક્ષણ સાહિત્યને લાભ થશે. પૃ ૩ ઉપર લથરવથરને સ્થાને 'લઘરવઘર', પૃ. ૯ પર ધામાં ને સ્થાને 'ધમાં', પૃ. ૧૮ પર બાધાને સ્થાને 'બાધા' અને ૧૬૨ ઉપર થોડી વારને સ્થાને 'ધોડીવાર' જેવી છાપભૂલો લેખક તરફથી આલેખાએલા નર્મમાં ઉમેરો કરે છે! તો પૃ. ૧૨ પર આવે છે તેવું વાક્ય કાવ્યાનંદની પણ અનુભૂતિ કરાવી જાય છે: '...કેમ કે જે ઘટના બની ગઇ એ તો કુકડાના પીંછા પરથી પાણી સરી જાય તેમ એમના મન પરથી સરી ગઈ હતી, ભુલાઈ ગઈ હતી'. (મૂળમાં જોડણીદોષે 'ભૂલાઇ' છે)

વચ્ચે વચ્ચે લેખકે આલેખેલાં રવિશંકર રાવળની શૈલીનાં ચિત્રાંકનો સાથેની આ કિશોર પ્રસંગકથા એની સરળ, સહજ સંવેદનશીલ લખાવટને કારણે અને લઘુ હોને કારણે એક બેઠકે રસપૂર્વક વાંચી જઈ શકાશે.

*'ગુલાબી આરસની લગ્ગી', પ્રકા૦ ગુજરાતી સાહિત્ય પરિષદ C/o હ. કા આર્ટસ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ ૯, પાકું, પૃ. ૧૬૨, રૂ. ૭.

નવાં પ્રકાશનો

વરાળ: શ્રી રામચંદ્ર પટેલની આ પ્રકટ બીજી નવલકથા છે. કથાનાયક વિદ્યાપીઠના પદવીદાન સમારંભે આજની પ્રમાણપત્રો વહેંચતી કેળવણીની વિફળતા વિષે ટૂંકું વક્તવ્ય કરીને, પોતાને એનાયત થએલું પ્રમાણપત્ર ફાડી નાખી ચાલ્યો જાય છે ત્યાંથી આરંભાતી આ કથા આજની કેળવણી અને આજનું જીવન એ બે વચ્ચે આજના શિક્ષિતની શી હાલત થતી હોય છે તે કટુ વાસ્તવનું ભાવનાવાદી નિરૂપણ કરે છે. કથા એની લખાવટ અને શૈલીબળે સુવાચ્ય બની શકી છે અને ઉચિત સંવાદો તથા પાત્રાલેખનની સજીવતાને કારણે આસ્વાદ્ય પણ બની સકી છે. ઉત્તર ગુજરાતનું વાતાવરણ એ આ નવલકથાનો વિશેષ છે તો કાવ્યાભાસી ભાષાશૈલી એનો સવિશેષ આસ્વાદ્ય અંશ છે. લેખક પાસેથી વધુ સિરિયસ કન્સર્નની વધુ કલાત્મક નવલકથાઓ પ્રાપ્ત થવાની આપણને આ કૃતિના વાચન પછી પતીજ પડે તેવું છે એ એની સફળતા છે. (લોકપ્રિય પ્રકાશન, ૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦૦૦૨, પાકું પૂંઠું, પૃ. ૨૨૨, રૂ. ૧૪-૫૦)

લોહીનાં વમળ: નવોદિત વારતાકાર શ્રી રશ્મિન્ પટેલની અગિયાર ટૂંકી વારતાઓનો આ પ્રથમ સંગ્રહ એમને સારા વાર્તાલેખક થવાનું ભાવિ છે એની ગવાહી પૂરશે. મુખ્યત્વે આજના જટિલ જીવનમાંથી એમણે કોઈ ને કોઈ ઘટના પસંદ કરી તેની આસપાસ વાર્તા વણવાનો પ્રયાસ કર્યો છે. એમણે કોઈ ચોક્કસ નિરૂપણરીતિનું અનુસરણ નથી કર્યું એ એમનામાંના પોતીકા વાર્તાકારનો ગર્ભપિંડ બંધાવાની અચ્છી એંધાણી છે. કેટલેક સ્થાને નૂતન અલંકારોનો મોહ અછતો રહેતો નથી. આવાં સ્થાનોએ ગદ્યશૈલી કાવ્યોન્મુખતા તરફ વળતી અનુભવી શકાશે. એકંદરે આ વાર્તાસંગ્રહ આશાસ્પદ લાગ્યા વગર રહેશે નહિ. (નવોદિત લેખક સહકારી પ્રકાશન, જળોવાળી પોળ સામે, રાયપુર ચકલા, અમદાવાદ–૪૮૦૦૦૧, પાકું પૂંઠું, પૃ. ૯૬, રૂ. ૬–૨૫)

હાસ્યરૂપ જૂજવાં: શ્રી રમેશ મ. ભટ્ટના હાસ્યલેખોના આ સંગ્રહમાં એમણે છેલ્લા દોઢેક દાયકા દરમિયાન વર્તમાનપત્રોમાં નિયમિત કટાર રૂપે લખેલાં લખાણો સંગૃહીત થયાં છે. કટારલેખકે લોકભોગ્યતાના અનિવાર્યપણે જાળવવા પડતા નિયમનો લોપ અહીં થયો નથી તે જોઈ શકાશે. રોજિંદા જીવન અને સમાજમાં બનતી નાનીશી ઘટના પરથી નિર્દંશ વ્યંગ દ્વારા હાસ્ય નિષ્પન્ન કરવાની આ હાસ્યલેખકની

આવકાર

નવભારત સાહિત્ય મંદિર
મુંબઈ–૨ અને અમદાવાદ–૧

અમલ પિયાલી: સં. સુરેશ દલાલ. પૃ. ૧૪૪, કાચું પૂઠું, રૂ. ૧૫.

કાળનું તખત: લે. રસિક મહેતા. પૃ. ૩૬૮, પાકું પૂઠું, રૂ. ૨૩.

સપનાંની જાળ: લે. યશવંત મહેતા. પૃ. ૧૭૬, પાકું પૂઠું, રૂ. ૧૩.

ચંદની સાથે: લે. ધીરજબેન પારેખ. પૃ. ૪૭૨, પાકું પૂઠું, રૂ. ૩૫.

દૂર મંઝીલ દૂર કિનારા: લે. પ્રિયકાન્ત પરીખ, પૃ. ૨૨૪, પાકું પૂઠું, રૂ. ૧૬.

પ્રેરક પ્રસંગ કથાઓ (ભા. ૧ થી ૪): લે. યશવંત મહેતા. સેટની કિં. રૂ. ૨૦.

અમૃત કથાઓ (ભાગ ૧ થી ૪): લે. યશવંત મહેતા. સેટની કિં. રૂ. ૧૬.

બાલમાધુકરી વાર્તામાળા (ભાગ ૧ થી ૫, પુનર્મુદ્રણ): લે. ઉપર મુજબ. રૂ. ૨૦.

દારૂડિયાએ ઇતિહાસ બગાડયો (ભાગ ૧): લે. રસિક મહેતા. પૃ. ૪૮, કાચું પૂઠું, રૂ. ૩.

દારૂડિયાએ દાટ વાળ્યો: લે. રસિક મહેતા. પૃ. ૮૦, કાચું પૂઠું, રૂ. ૫.

દારૂડિયાએ દી ઉઠાડયો: લે. રસિક મહેતા. પૃ. ૮૪, કાચું પૂઠું, રૂ. ૫.

સુખનો સૂરજ ઊગ્યો (પુનર્મુદ્રણ): લે. પ્રા. નરેન્દ્રભાઈ દેસાઈ. પૃ. ૩૨, કાચું, રૂ. ૨.

રીફ મરીના (પુનર્મુદ્રણ): લે. ચન્દ્રકાન્ત બક્ષી. પૃ. ૨૨૪, પાકું પૂઠું, રૂ. ૧૬.

અન્ય પ્રકાશકોનાં

સવા સો વર્ષ જીવવું છે?: અનુ. નટવરલાલ જાની. પ્ર. કુસુમ પ્રકાશન, નારાયણનગર, અમદાવાદ–૭. પૃ. ૬૦, કાચું, રૂ. ૨–૫૦.

સફળતાની ચાવી: અનુ. સ્વ. અંબાલાલ પટેલ. પ્ર. ઉપર મુજબ. પૃ. ૫૬, કાચું પૂઠું, રૂ. ૨–૫૦.

સંક્ષિપ્ત ગીતા: લે. શ્રીનિવાસ ભાષ્કર ગોડબોલે. પ્ર. સંસ્કાર મંડળ, કાકડે હનુમાન મંદિર, વ્યાયામશાળા પાસે, વડોદરા-૧. પૃ. ૮૨, કાચું પૂઠું, રૂ. ૨.

સંસ્કૃત આપણો અમૂલ્ય વારસો: લે. આચાર્ય ભાઈશંકર પુરોહિત. પ્ર. ભારતી વિદ્યાભવન, મુંબઈ-૭. પૃ. ૩૧, કાચું, રૂ. ૧–૫૦.

સોપાનિકા: લે. પૂજાલાલ. પ્ર. અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨. પૃ. ૧૪૬, કાચું, રૂ. ૧૦.

હું જ ખોવાઈ ગયો છું: લે. શ્રી પ્રિયદર્શન. પ્ર. વિશ્વકલ્યાણ પ્રકાશન ટ્રસ્ટ, સંઘવી પોળ, મહેસાણા. પૃ. ૧૮૧, કાચું, રૂ. ૫.

સ્કાય સ્ક્રેઇપર: લે. સુરેશ દલાલ. પ્ર. એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., મુંબઈ-૨. પૃ. ૨૭૨, કાચું પૂઠું, રૂ. ૪૫.

ઠાવકાઈ અહીં દૃષ્ટિગોચર થયા વગર રહેતી નથી. સરળતાથી ચાલી જતી એમની કલમમાં બુદ્ધિના તેજસ્વી ચમકારા ભલે ન હોય, પણ નિર્ભેળ વિનોદસર્જનની ક્ષમતા તો છે જ એ વાતની પ્રતીતિ અહીં થયા વગર રહેશે નહિ. કટારની સ્થળમર્યાદાએ આ લખાણોને લઘુ રાખ્યાં છે, પણ એથી એમાંના વિનોદવ્યંગને આંચ ભાગ્યે જ આવી છે. (પ્રકાશક- આદર્શ પ્રકાશન, ૨૪-૯૮/૧, રાયખડ રોડ, અમદાવાદ–૩૮૦૦૦૧, પાકું પૂઠું, પૃ. ૨૫૬, રૂ. ૧૫)

વન્ય પ્રાણીસૃષ્ટિ: પ્રકૃતિ સાથે મનુષ્યનો ઉત્પત્તિકાળથી સંબંધ રહ્યો છે. પણ આજે તો નગરનિવાસી સંસ્કૃત-સભ્ય ઈન્સાન વન્ય-સૃષ્ટિને ભૂલવા લાગ્યો છે ત્યારે શ્રી કનૈયાલાલ ‹ામાનુજે સ્વાનુભવને આધારે, શાસ્ત્રીય પરિભાષા અને અન્ય પળોજણથી પર રહી, સરળ શૈલીમાં કસ્તુરીમૃગ, સાબર, ચિત્તળ, સિંહ, વાઘ, જરખ, જંગલી સાંઢ, દીપડા આદિ ૬૬ પ્રાણીઓનો સચિત્ર પરિચય કરાવ્યો છે તે સામાન્ય જનને રસપ્રદ થઈ પડે તેવો છે. લેખકે પ્રસ્તાવનામાં પોતાની આ કૃતિને આ પ્રકારનું ગુજરાતી સાહિત્યમાં પ્રથમ પુસ્તક કહ્યું છે ત્યારે તે પહેલાં શ્રી હરિનારાયણ આચાર્ય ('વનેચર')ની 'વનવગડાનાં વાસી'ની 'કુમાર'માં પ્રકટ થએલી લેખમાળાનું, અને પછી તે પુસ્તકાકારે પ્રકટ થઈ છે તેનું, વાચકોને સ્મરણ કરાવવું અનિવાર્ય બને છે. (પ્રકા. નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪, કાચું પૂઠું, પૃ. ૨૦૫, રૂ. ૮).

લોકકવિ મીર મુરાદ: પ્રા. ડૉ. ચંદ્રકાંત મહેતાએ ગુજરાતના ઓછા પરિચિત લોકકવિ મીર-મુરાદની હિંદી તેમ જ ઉર્દૂ ભાષાની રચનાઓનો ગુજરાતી વાચકોને અહીં એમના શોધપ્રબંધ નિમિત્તે, પરિચય કરાવ્યો છે. પ્રથમ પ્રકરણમાં કવિના જીવનવૃત્તાંતને રજૂ કર્યા બાદ નિબંધકારે કવિના કાવ્યસર્જનની પશ્ચાદ્‌ભૂ એમના કવિ-વ્યક્તિત્વનો સોદાહરણ પરિચય આપ્યો છે. ત્રીજા પ્રકરણમાં કવિની રચનાઓનું આસ્વાદમૂલક વિવરણ રજૂ કરી અંતે મુરાદની થોડી કાવ્યરચનાઓ પણ આપવામાં આવી છે. (આદર્શ પ્રકાશન, જુમ્મા મસ્જિદ સામે, ગાંધી રોડ, અમદાવાદ-૧, પા. પૂ. પૃ. ૧૬૩, રૂ. ૧૨).

કુદરતી ઉપચાર

—— ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી ——

કુદરતી તત્ત્વો અને શરીરનાં સંરક્ષક બળોના સંયોગથી રોગોપચાર કરવાની બધી રીતો કુદરતી ઉપચાર (નૅચરોપથી) કહેવાય છે. ઓષધોના ઉપયોગ વિના રોગો મટાડનાર અને આરોગ્યના નિભાવ માટે ભૌતિક, રાસાયનિક જૈવ અને બૌદ્ધિક નિયમોના આધારે યોજેલા કુદરતી ઉપચાર એક કળા, જ્ઞાન, વિજ્ઞાન અને વ્યવસાય પણ છે. એક રીતે એ કોઈ 'ઉપચાર પદ્ધતિ' નથી, પણ જિંદગી જીવવાની રીત છે.

છેક આદિ કાળથી માણસને કુદરતની રોગનિવારક શક્તિનો ખયાલ આવતો રહ્યો હશે. પ્રાણીઓ પોતાની શારીરિક તકલીફો દૂર કરવા સ્વયંસ્ફુરણાથી કુદરતી ઉપચારો કરવા પ્રેરાય છે. માંદો કૂતરો ઉપવાસનું મહત્ત્વ જાણે છે, તો બિલાડી સૂર્યસ્નાનનો લાભ લે છે. સંસ્કૃત પ્રજા કરતાં આદિવાસીઓ કુદરતી રીતે જીવતા હોવાથી તેમને ઓછા રોગો પીડે છે. આધુનિક જિંદગીની અકુદરતી રીત-રસમો, તેના કારણે વધતાં બોજ અને તાણ, ઘોંઘાટ તથા માદક પદાર્થોના મારા હેઠળ માનસિક ને શારીરિક શક્તિ તૂટવાથી વિધવિધ રોગોનો વ્યાપ વધ્યો છે.

ભારતવાસીઓ માટે કુદરતી ઉપચારો નવા નથી. શરીર અને મનની શુદ્ધિ માટે ઉપવાસ, એક ટાણું અને ધ્યાનથી આપણે અજાણ નથી. સામાન્ય માણસો યે આજે વાર-તહેવારે ફળાહાર કે ઉપવાસ કરતા હોય છે. તેની પાછળ માત્ર ધાર્મિક લાભનું જ લક્ષ હોય છે એમ ન કહી શકાય.

શરીરનું અગમ્ય જીવનબળ આરોગ્ય ભણી ઢળેલું છે. શરીરમાં રોગહર બળો ભર્યાં પડ્યાં છે, જે માંદગી હઠાવે છે. માંદગી વખતે આરોગ્ય અક્ષનારા ઈલાજો યોજાય કે તુરત જ શરીર પુનર્રચનાના કામમાં પડે છે અને આરોગ્ય પ્રાપ્ત કરે છે.

રોગનાં અનેક રૂપ ભલે દેખાય, પણ ઈજા અને જિંદગીને ભયરૂપ એવા સંજોગો બાદ કરતાં રોગો થવાનું એક જ કારણ છે—કુદરતી નિયમોનો ભંગ. એ થતાં કોઈ ને કોઈ રોગ થઈ આવે છે. શરીરમાં રોગવિકારી દ્રવ્ય, જીવાણુ કે વિજાણુ તથા આરોગ્યને હાનિકર્તા ઝેર દૂર કરવાના કુદરતી પ્રયત્નોમાં રોગ થતા હોવાનું નૅચરોપથી (કુદરતી ઉપચાર-પદ્ધતિ) માને છે. આજની નૅચરોપથીના આદ્ય પ્રણેતા ડૉ. હેન્રી લિન્ડલેહર આવું જ કહે છે: 'શરીરને શુદ્ધ કરવાના અને રોગ શમાવવાના કુદરતના પ્રયત્નોમાં દરેક રોગ થઈ આવે છે.'

નૅચરોપથી જીવાણુઓમાં નથી માનતી એમ નહિ, પણ શરીરમાં વિકારી દ્રવ્ય હોય તો જીવાણુઓ વૃદ્ધિ પામતા હોવાનું કહે છે. જીવાણુઓ ફૂલીફાલી શકે એવી શરીરની સ્થિતિ હોય ત્યારે જ ચેપી રોગો થાય છે.

એટલે નૅચરોપથીનું કહેવું છે કે શુદ્ધિ કરવાના કુદરતના સંવેગ અને પુનર્રચનાની ક્રિયાને પૂરતી રીતે કામ કરવા માટે શરીરનાં બળોને વધારવા, રોગો અટકાવવા કે નિવારવા અને તે મટવામાં નડતાં વિઘ્નો દૂર કરવાના ઉપાયો (ઈલાજો) કરવા જરૂરી છે. કુદરતી ઉપચાર કરનાર વૈદ્ય-દાક્તરે તો માત્ર આ ક્રિયા સારી રીતે થઈ શકે તેવા ઈલાજ પ્રયોજવાના છે.

આરોગ્ય જાળવવા, સુધારવા અને નિભાવવા માટે છ બાબતો જાળવવાની છે. ચોખ્ખી હવા, સૂર્યપ્રકાશ, આહાર, ઉપવાસ, કસરત અને આરામ. આ વિજ્ઞાનના અમલ માટે કુદરતનાં મહાતત્ત્વો—વાયુ, અગ્નિ (ગરમી), તેજ અને પૃથ્વી (ખોરાક)નો આશરો લેવાનો છે. આ ઉપચાર-પદ્ધતિમાં હાઇડ્રોથેરપી (જલોપચાર), ઇલેક્ટ્રોથેરપી (વિદ્યુત ઉપચાર), માલિસ અને કસરત છે. કુદરતી રીતે સાજા થવાના આ બધા ઉપચારની સામાન્ય સંજ્ઞા 'ફિઝિયોથેરપી' (અનૌષધ ચિકિત્સા) છે. કુદરતી ઉપચાર ખરી રીતે ઔષધ અને શસ્ત્રક્રિયા વિનાના ઉપચાર છે, પણ તેને વિશાળ અર્થમાં લેનાર આ પદ્ધતિનો એક વર્ગ વનૌષધિઓ અને શસ્ત્રક્રિયા સ્વીકારે છે. અલબત્ત, જો તે કુદરતી ઉપચારના સિદ્ધાંતો સાથે સુસંગત અને વિધાયક હોય તો જ.

નર્મદચંદ્રક

સુરતની નર્મદ સાહિત્ય સભા દ્વારા અપાતો નર્મદ ચંદ્રક ઈ. ૧૯૭૨ થી ૧૯૭૬નાં પાંચ વર્ષ દરમિયાન પ્રકાશન પામેલા નાટક વિષયક ગુજરાતી ગ્રન્થોમાંથી ચન્દ્રકને પાત્ર સર્વોત્તમ ગ્રન્થ 'કુમારની અગાશી'ના લેખક શ્રી મધુ રાયને મળે છે.

ભૂલ-સુધાર

'કુમાર' ફેબ્રુઆરી '૮૦ના અંકની સ્વીકાર નોંધમાં 'નિમિષ' કાવ્યસંગ્રહના કવિનું નામ—પીયૂષ પંડ્યા 'જ્યોતિ' વાંચવું.

કુમાર' જૂન '૮૦ના અંકમાંની 'સૌરભની ભેટ' જાહેરખબરમાં (૧) 'લવાજમ ક્ષેત્રે... ૨૦ વરસનો છપાયું છે તેને બદલે 'લવાજમ ક્ષેત્રે ...૨૭ વરસનો' વાંચવું, (૨) હિન્દી મેગેઝીનના કૉલમમાં સુધાબિંદુ... રૂ. ૧૫, બાલ સ્પુટનિક... રૂ. ૧૮ વાંચવું.

'સૌરાષ્ટ્રની રસધાર' સસ્તી કિંમતે

સ્વ. ઝવેરચંદ મેઘાણીએ 'સૌરાષ્ટ્રની રસધાર' પુસ્તક સંપુટમાં પ્રેમ, શૌર્ય અને સ્વાર્પણની જે એક સો જ્વલંત કથાઓ આલેખી છે તે આજે યે વાચકોને રસતરબોળ કરી દે તેવી બળુકી છે. આ 'રસધાર'ના પ્રકાશનની અર્ધ શતાબ્દીની ઉજવણી રૂપે, આવતી ૨૮ ઑગસ્ટે—મેઘાણી જયંતીના રોજ લેખકના કુટુંબ તરફથી તેની સુવર્ણ-જયંતી આવૃત્તિ પ્રકટ થશે. આજના બજાર ધોરણે પંચોતેર રૂપિયામાં પડે એવો આ પુસ્તક સંપુટ તા. ૧૦ ઑગસ્ટ સુધીમાં આગોતરા ગ્રાહક બનનારને માત્ર ૨૫/- રૂ. (રવાનગી ખર્ચ સાથે ૨૯/- રૂ.)માં મળશે. એક સાથે દસ કે વધુ સંપુટ માટે સંપુટ દીઠ રૂ. ૨૪/- મોકલવા. આમાં રવાનગી ખર્ચ પ્રકાશક પોતે ભોગવશે. આગોતરી રકમ મોકલવાનું સરનામું:

'પ્રસાર', ૧૮૮૮ આતાભાઈ એવન્યુ, ભાવનગર ૩૬૪૦૦૨

ધાર્મિક સંજ્ઞાઓ - તિલક

ભારતીય સંસ્કાર-પરંપરામાં તિલકનું આગવું મહત્ત્વ રહ્યું છે. આ પ્રથા ચોક્કસ ક્યારથી અને કઈ રીતે સ્વીકાર પામી હશે તેની તો ખબર નથી પણ આજે એનું ચલણ ઓછું થઈ ગયું હોવા છતાં હજી યે અનેક ધર્મ-સંપ્રદાયોમાં તથા ખાસ કરીને દક્ષિણ ભારતમાં તે સારા પ્રમાણમાં પ્રચલિત છે. આપણે યે પૂજા-અર્ચના, સંસ્કાર અને મંગલ કાર્યપ્રસંગોએ હજી યે કુંકુમનો ચાંદલો તો કરીએ જ છીએ.

શૈવ, વૈષ્ણવ ને અન્ય અનેક સંપ્રદાયોમાં લોકો સાંપ્રદાયિક ચિહ્ન તરીકે વિવિધ આકારનાં તિલકો કરે છે. કેસર, કસ્તૂરી, ચંદન, કુંકુમ, ગોરોચન, ગોપીચંદન, હરતાલ, મનશીલ, તીર્થસ્થળની માટી, તુલસીકાષ્ઠ અને ભસ્મ ઇત્યાદિ વિધવિધ દ્રવ્યો તિલક કરવામાં વપરાય છે. આ તિલકોના વિશિષ્ટ અર્થ પણ છે. લલાટ સહિત શરીરના બાર ભાગ પર તિલક કરવાનો મહિમા છે. કેટલાંક તિલક કરવાનો અધિકાર માત્ર અમુકને જ હોય છે. વૈષ્ણવોના ઊર્ધ્વપુંડ્ર માટે તો સ્વતંત્ર ઉપનિષદ્ લખાયું છે જેમાં તે તિલક ધારણ કરવાનો વિધિ કહ્યો છે.



ત્રિપુંડ

ત્રિપુંડ કે ત્રિપુંડ્ર એ શિવપંથીઓનું બહુ જાણીતું તિલક છે. લલાટ પર ગંધ યા ભસ્મની ત્રણ આડી રેખા ને મધ્યમાં ચાંદલા રૂપે તે કરાય છે. ત્રિપુંડની ત્રણમાંની પ્રથમ રેખા ઓમકારના 'અ' વર્ણ, ગાર્હપત્યાગ્નિ, ક્રિયાશક્તિ, ઋગ્વેદ અને પ્રાતઃસ્તવનના પ્રતીક રૂપ છે અને મહેશ્વર તેના દેવતા મનાય છે. બીજી રેખા ઓમકારના 'ઉ' વર્ણ, દક્ષિણાગ્નિ, સત્ત્વ, અંતરીક્ષ, અંતરાત્મા, ઇચ્છાશક્તિ, યજુર્વેદ અને માધ્યહ્નિનસ્તવનનું પ્રતીક છે. સદાશિવ તેના દેવતા છે. ત્રીજી રેખા ઓમકારના 'મ' વર્ણ, આહ્વનીયાગ્નિ, દ્યુલોક, પરમાત્મા, જ્ઞાનશક્તિ, સામવેદ અને સાયંસ્તવનનું પ્રતીક છે. મહાદેવ તેના દેવતા છે. વાસુદેવોપનિષદમાં ત્રિપુંડને ત્રણ વ્યાહૃતિ, ત્રણ છંદ, ત્રિમૂર્તિ ઇત્યાદિનું એકરૂપ કહ્યું છે. ભસ્મના ત્રિપુંડ અને રુદ્રાક્ષની માળા ધારણ કર્યા વિના શિવપૂજા ફલપ્રદ થતી નથી. ત્રિપુંડ ધારણ કરવાથી સર્વ પાપ નષ્ટ થાય છે અને ત્રિપુંડધારી શિવ સાથે એકરૂપ બને છે એવી એની ફલશ્રુતિ કહી છે.



મધુકરી

ખુદનો ભરોસો જેને હોય નહિ રે તેનો ખુદાનો ભરોસો નકામ :
છો ને એ એકતારે ગાઇગાઇને કહે, 'તારે ભરોસે, રામ!'
એ તો ખોટું રે ખોટું પિછાણીએ
હો ભેરુ મારા, આપણે ભરોસે આપણે હાલીએ.
('બારી બહાર'માંથી) —પ્રહ્લાદ પારેખ

સમર્થ સાહિત્ય-શિલ્પી પ્રા. અનન્ત કાણેકર

મરાઠીના પ્રતિભાવંત સાહિત્યશિલ્પી અને કુશળ પ્રાધ્યાપક અનન્ત આત્મારામ કાણેકર ૪થી મે (૧૯૮૦)ને દિવસે મુંબાઈમાં ૭૫ વર્ષની ઉમરે અક્ષરધામ-વાસી થયા છે.

એમનો જન્મ ૨ ડિસેમ્બર, ૧૯૦૫માં ગિરગામ-મુંબાઈમાં થયો હતો. મુંબાઈની સેન્ટ ઝેવિયર કૉલેજમાં વિદ્યોપાસના કરી એ ૧૯૨૬માં બી.એ. અને પછી એમ.એ. થયા હતા.

શિક્ષણ સમાપ્ત કર્યા બાદ એમણે પોતાના સાહિત્યિક જીવનની શરૂઆત પત્રકાર રૂપે કરીને 'ચિત્રા' સાપ્તાહિક પત્રના સંપાદકત્વની જવાબદારી એમણે મોટી હિમ્મત સાથે સ્વીકારી હતી. લગભગ દસ વર્ષ સુધી વૃત્તપત્રના ક્ષેત્રમાં એમણે એક યશસ્વી પત્રકાર રૂપે સારી નામના મેળવી હતી. ચિત્રા સિવાય 'આશા' અને 'સાહિત્ય સ્વપ્ન' નામક સાપ્તાહિકોમાં પણ એમની પત્રકાર-પટુતા જાણીતી થઈ હતી. 'સંજીવની' સાપ્તાહિકના સંપાદક શ્રી કોલ્હટકરની વિનંતીથી એમણે લખેલા લઘુનિબંધો મરાઠી સાહિત્યમાં ચિરંજીવી બની ગયા છે.

પત્રકારત્વ પછી તેઓ શિક્ષણક્ષેત્રમાં પ્રતિષ્ઠ થયા. થોડો સમય ખાલસા કૉલેજ, માટુંગામાં પ્રાધ્યાપક હતા. ત્યાંથી ૧૯૪૬માં ડૉ. બાબાસાહેબ આંબેડકર એમને સ્વસંસ્થાપિત સિદ્ધાર્થ કૉલેજ (જોગેશ્વરી-મુંબાઇ)માં આદરપૂર્વક ખેંચી ગયા. ત્યાં મરાઠી સાહિત્યના પ્રાધ્યાપક તરીકે કામ કરતાંકરતાં ૧૯૭૦માં નિવૃત્ત થયા અને તે જ કૉલેજની સંચાલક સમિતિના ઉપાધ્યક્ષ બન્યા. અધ્યાપન કાળ દરમિયાન એમની સર્જક પ્રતિભા ખૂબ પાંગરી.

લલિત લઘુનિબંધ, લઘુકથા, નાટક, કવિતા, એકાંકિકા, યાત્રા-વર્ણન, રૂપક, વૈજ્ઞાનિક નિબંધ આદિ સાહિત્ય પ્રકારોમાં એમની વિશિષ્ટ સર્જક પ્રતિભા અને પ્રસ્તુતિ-પટુતાનો કસબ તરી આવે છે. લઘુનિબંધોમાં તો મરાઠી સાહિત્યમાં એમનું પ્રદાન અનોખું છે. એ નિબંધોમાં એમનું વિલોભનીય વ્યક્તિત્વ ઉત્કટ રીતે ઊપસી આવે છે. તેમાં ભાષા ને શૈલીની સહજતા છે. જીવનના વિવિધ ક્ષેત્રોના આનંદ અને સૌન્દર્યને તેઓ સહજતાથી લુટાવતા હોય અને પોતાની લેખન-કળા દ્વારા અન્યોને પણ તેમાં પોતાના સહભાગી બનાવતા હોય, તેવું જ લાગે.



'ધુકયાતુન લાલ તાર્યા કડે,' 'આમચી માટી', 'આમચા આકાશ', 'નીલે ડોંગર તાંબડી માટી' વગેરે પોતાનાં પ્રવાસવર્ણનોમાં તેઓ વાચકના માનસને બાંધી રાખે છે. 'ધુકયાતુન લાલ તાર્યા કડે' દ્વારા તો એમણે મરાઠી પ્રવાસવર્ણનોમાં એક નવો ઘાટ શરૂ કર્યો છે. પોતાના જ પૈસાથી એમણે વિશ્વની યાત્રા પણ કરી હતી.

'પિકલી પાને', 'મોર પીસે', 'શિંપલે આણિ મોતી', 'તુટલેલે તાર', 'નવે કિરણ', 'ઉઘડયા ખિડકયા', 'વિજે ચી વેલ', 'પાંઢરી શિડે', વગેરે લલિત નિબંધોમાં એમનું વ્યક્તિત્વ અને લેખન નૈપુણ્ય ખૂબ જ આકર્ષક રીતે જોવામાં આવે છે. 'રૂપેરી વાળુ' નામક રૂપકકથા સંગ્રહમાં

એમના વિવેચનશ્રમાં રાજકીય વ્યંગચિત્રોની છટા પણ દર્શનીય છે.

પોતાની છાત્રાવસ્થાથી જ એમને કવિતા લખવાનો છંદ હતો. 'ચાંદરાત' એમનો પ્રખ્યાત કવિતાસંગ્રહ છે. કાવ્યોમાં પણ એમના પ્રસન્ન વ્યક્તિત્વનાં દર્શન થાય છે.

'નાટ્યમન્વતર' (૧૯૩૩) સંસ્થાના તેઓ પ્રતિષ્ઠાપક સદસ્ય હતા. આ સંસ્થાએ પ્રસ્તુત કરેલા 'આંધળ્યાચી શાળા' માટે લખેલાં એમનાં ગીતો ખૂબ લોકપ્રિય થયાં હતાં. આ નાટ્યમન્વન્તર સંસ્થાના માધ્યમથી મરાઠી ભાષી શિક્ષિત મધ્યમ વર્ગની સ્ત્રીઓને મરાઠી રંગમંચ પર લાવનારા તેઓ પ્રથમ નિર્માતા હતા. એમની નાટ્યરચનાઓમાં 'નિશ્ચિંત ચી નવરી', 'ઘરકુલ', 'ફ્રાસ', 'પતંગાચી દોરી', 'મુંજ' વગેરે વિખ્યાત છે. ઈ. ૧૯૩૯માં સોવિયેત રશિયાની જ્ઞાનયાત્રા પછી એમણે લખેલાં પ્રવાસવર્ણનો તો મરાઠી ગદ્યને નવું પરિણામ અને નવી દિશા આપી ગયાં છે.

ઈ. ૧૯૫૭માં ઓરંગાબાદ મુકામે મળેલા મરાઠી સાહિત્ય-સમ્મેલનના સભાધ્યક્ષ પદે તેઓ અભિષિક્ત થયા હતા. 'મુંબાઈ મરાઠી ગ્રંથ સંગ્રહાલય' તથા 'મુંબઈ મરાઠી સાહિત્ય સંઘ'ના તેઓ ઉપાધ્યક્ષ હતા. એમની ઉદાત્ત સાહિત્ય સેવાઓ બદલ ભારત સરકારે એમને 'પદ્મશ્રી'ની ઉપાધિ આપી હતી. સાહિત્ય–અકાદમી–નવી દિલ્હીના પણ તેઓ સદસ્ય હતા. ૧૯૬૬માં તેઓ મરાઠી નાટ્ય-સમ્મેલનના અધ્યક્ષ ચૂંટાયા હતા.

વિશ્રુત ચિત્રપટ નિર્માતા વ્હી. શાંતારામના પ્રખ્યાત ચિત્રપટ 'માણૂસ' (હિન્દી 'આદમી') માટે કાણેકરે પટકથા લખી આપી હતી. અને તેના દિગ્દર્શન માટે પણ કીમતી સલાહ આપી હતી.

સ્વભાવથી તેઓ પ્રસન્નચેતા, મિલનસાર અને ઉપકારક વૃત્તિના હતા. શિક્ષકના રૂપમાં વિદ્યાર્થીઓના હિતો પ્રત્યે વિશેષ કાળજી રાખતા. સમાજમાં તેઓ અજાતશત્રુ મનાતા હતા. હૃદયની ઉદારવૃત્તિ, સ્વચ્છ વૈચારિકતા અને સ્નેહશીલતાને લીધે એક રીતે તેઓ 'વિશ્વ-નાગરિક' જણાતા હતા. સમાજમાં એવા ઉદારચેતા લોકો ઘણા ઓછા હોય છે. હિંમત મહામનીષી મહામહોપાધ્યાય શ્રી દત્તોપંત વામન પોતદારની જેમ તેમને સભા-સમ્મેલનો ખૂબ જ ગમતાં. તેઓ આનંદીવિનોદી ને ગમ્મત–પ્રિય હતા. પરન્તુ વાગ્ વ્યવહારમાં કોઈને કશું પણ અજુગતું ન લાગી જાય તેની ઉત્કટ કાળજી રાખતા. કેટલાક વિચારવંત પ્રબુદ્ધ મિત્રો એમને 'આનન્દયાત્રી કાણેકર' કહીને બિરદાવતા હતા.

'દોન મીણબત્યા' (બે મીણબત્તીઓ) જેવા એમના અતિસુંદર લલિત નિબંધોમાં એમના સ્ફટિકોજ્જવલ સ્વચ્છ માનસનાં દર્શન થાય છે. (વર્ષો પહેલાં 'કુમાર'ના રસિક વાચક સમુદાયને શ્રી કાણેકરના અતિ સુંદર, સ્વચ્છ અને પ્રેરક અનેક લઘુનિબંધોનો આસ્વાદ મળતો રહ્યો છે.)

કોઈ પણ સમસ્યા, અથવા ઘટના પ્રત્યે તેઓ સ્વચ્છ, સ્વતંત્ર, તટસ્થ અને પ્રબુદ્ધ મનથી વિચાર કરતા. આમ તેઓ એક પ્રજ્ઞાવંત–સાહિત્ય–સર્જક અને સ્નેહાળુ માનવ હતા.

ત્રણત્રણ પેઢીઓ સુધી પોતાની સાહિત્યિક લોકપ્રિયતા ને કાયમ રાખવાનું શ્રેય ઘણા ઓછા સાહિત્યકારોને પ્રાપ્ત થાય છે. કાણેકરની સાહિત્યિક ગુણવત્તા અને પ્રફુલ્લતા (તાજગી) એમને ચિરંજીવી બનાવી ગઈ છે. એમના કૃતિત્વ ને અમારી સપ્રેમવંદના. —શંકરદેવ વિદ્યાલંકાર

આદુ

કાનમાં ચસકા મારતા હોય કે દુખાવો હોય ત્યારે આદુનો રસ, થોડુંક તેલ, થોડું મધ અને સિંધાલૂણ, આ ભેગું કરીને સહેજ ગરમ કરી, હૂંફાળું હોય ત્યારે કાનમાં ટીપાં નાખવાં.

'ખાંસી, દમ, સળેખમમાં એક તોલો આદુના રસમાં મધ મેળવી રોગ કાબૂમાં ન આવે ત્યાં સુધી રોજ સવારે લેવું. હેડકી ખૂબ આવતી હોય તો સૂંઠ અને ગોળ ઘસી નાકમાં બે-ત્રણ ટીપાં મૂકવાં તરત જ

નાણેલા નુસખા-૧

પાયોરિયામાં ધૂમયોગ

ચોમાસાની ઋતુમાં વગડામાં ભોંયરીંગણી ગમે ત્યાં ઊગી નીકળે છે. તેનાં પાન રીંગણીનાં પાન જેવાં હોય છે અને તે જમીન ઉપર પ્રસરતી હોવાથી તેને ભોંયરીંગણી કહે છે. તેનાં પાન ઘાટા લીલા રંગનાં અને કાંટાવાળાં હોય છે. તેને ભૂરાં ફૂલ આવે છે, જેમાં પીળા પુંકેસરો હોય છે. ફૂલ ખર્યા પછી આછા લીલા રંગનાં ગોળ બોર જેવાં ફળ આવે છે, જેના ઉપર સફેદ રેખાઓ હોય છે. આ ફળ પાકતાં પીળાં થઈ જાય છે. તેની અંદરનાં સૂકાં બી ભેગાં કરવાનાં.

કોલસા સળગાવી તેના ઉપર આ બી નાખતાં ધુમાડો નીકળશે. તેના ઉપર લોખંડની ગળણી ઊંધી પાડી, તેની જોડે પ્લાસ્ટિકની નળી જોડી ધૂમાડાને મોં સુધી લાવી દાંત પેઢા ઉપર ફેરવવો. મોં કડવું થઈ જશે. પરંતુ દસ-પંદર દિવસ આ પ્રયોગ કરવાથી પાયોરિયા મટશે.

પેઢાં સડી જવાં, તેમાંથી લોહી અને પરુ નીકળવું, મોંમાં વાસ આવવી, દાંત હલવા, પેઢાં પચપચી કે ખદખદી જવાં, દાંત કળવા, દાંત દુખવા વગેરે પાયોરિયાનાં લક્ષણો છે. તે મટાડવો મુશ્કેલ છે, પણ આ ધૂમયોગના પ્રયોગથી તે ઝડપથી મટે છે.

—વૈદ્ય નવીનભાઈ ઓઝા—

આરામ થશે. શિયાળામાં જૂના ગોળ સાથે આદુનો રસ લેવો.'

એક બહેનના પેટમાં દુઃખ રહે. ખૂબ દવા કરી. ન મટ્યું. છેવટે થાકીને તેમણે સૂંઠનો પ્રયોગ કર્યો. સૂંઠને ઝીણી ખાંડી તેમાં ઘી, ગોળ ભેળવી લીંબુ જેવડી લાડુડી બનાવીને સવાર સાંજ ખાવી. ચારેક દિવસમાં તો પેટમાંથી મરેલા કૃમિ નીકળી જશે.

સારા પાકટ આદુને ચૂલાની કે છાણની ભરહાળમાં બાફી તેને છોલીને તે ખાવાથી તાવ તરત ઊતરી જાય અને શરદી મટી જાય છે.

લોહીના ઓછા દબાણમાં ચક્કર આવીને દરદી બેભાન બનવા માંડે છે ત્યારે આદુનો બે-ત્રણ તોલા રસ કાઢી તેમાં થોડું મધ ઉમેરી પીવડાવતાં તરત જ રાહત થાય છે.

(સ્વસ્થ માનવ) —વૈદ્ય ધર્મિષ્ઠા ભટ્ટ

બટાટા

દુનિયાભરમાં શાકભાજીમાં બટાટા જેટલા પ્રમાણમાં ભાગ્યે જ બીજું કોઈ શાક વપરાતું હશે. દક્ષિણ અમેરિકામાં એન્ડીઝ અને ચીલીના ઉચ્ચ પ્રદેશોમાં હજાર વર્ષથીયે લાંબા સમયથી તેની ખેતી થાય છે. ત્યાંથી બટાટા યુરોપમાં ગયા અને પછી ત્યાંથી ભારતમાં આવેલા ગણાય છે. દુનિયામાં બીજા કોઈ પણ શાક કરતાં બટાટાનું વાર્ષિક ઉત્પાદન ઘણું વધારે છે. ભારતમાં તે સર્વત્ર થાય છે. નીલગિરિ, ખાનદેશ, પૂના, મહાબળેશ્વર વગેરે ઠેકાણે બટાટાનો ઘણો પાક થાય છે. આંખોવાળી–અંકુરવાળી ગાંઠો રોપીને તેનું વાવેતર કરાય છે. બટાટાના વેલા થાય છે. તેનાં પાન લંબગોળ આકારનાં અને રૂવાંદાર હોય છે. ફૂલ વાદળી અથવા ધોળા રંગનાં અને કલગી રૂપે હોય છે. બટાટા લગભગ કોઈ પણ પ્રકારની જમીનમાં ઊગે છે. વધુ પડતી કાળી જમીન બટાટાના પાકને માફક આવતી નથી. પણ નદીના ભાઠામાં બટાટાનો ઉત્તમ પાક લઈ શકાય છે. ગુજરાતમાં આસો વદ કે કારતક સુદમાં બહુ ગરમી પડતી બંધ થાય ત્યારે તેનું વાવેતર કરવામાં આવે છે. ઉત્તર ગુજરાતમાં ડીસા બટાટાની પેદાશ માટે ખૂબ જાણીતું છે. સામાન્યતઃ એક એકરે ચાર હજારથી દશ હજાર રતલ સુધી બટાટા થાય છે.

બટાટાની લાલ-ધોળી તથા નાના-મોટા કદ પ્રમાણે ઘણી જાતો ભારતમાં થાય છે. જે બટાટાની આંખો ઊંડી ના હોય, જે મોટા, લાંબા ગોળ, અને બાફીને તોડતાં જેનો માવો જલદી છૂટો થઈ જતો હોય

ન્યૂટન, ઝેર અને ઍગાથા ક્રિસ્ટી

ઈંગ્લૅન્ડનો પ્રખર ગણિતજ્ઞ, ભૌતિકશાસ્ત્રી, ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતો તેમ જ ગતિના ત્રણ નિયમોનો શોધક, પરાવર્તી દૂરબીનનો પિતા, પ્રકાશશાસ્ત્રમાં અનેરો ફાળો આપનાર અને જર્મન ગણિતશાસ્ત્રી લિબ્નિત્ઝ (Leibnitz: ૧૬૪૬-૧૭૧૬)થી યે સ્વતંત્રપણે વિકલન તેમ જ સંકલન જેવા કલન ગણિત (calcunus)નો શોધક સર આઇઝેક ન્યૂટન (૧૬૪૨-૧૭૨૭) ભાગ્યે જ કોઈથી અસ્પૃશ્યો હશે.

આ વૈજ્ઞાનિક ૧૬૯૨ની સાલમાં એની જિંદગીના છેલ્લા તબક્કામાં પ્રવેશી ચૂક્યો હતો. આ અરસામાં એની જિંદગી બહુ દયામય બની ગઈ હતી. અનિદ્રા, અપચો, વિસ્મૃતિ તેમ જ ગમગીનીની ઊંડી ગર્તમાં એ ઝોલાં ખાઈ રહ્યો હતો. એ પછીનાં બે વર્ષો દરમિયાન એ બહુ જ ઓછા લોકોના સંપર્કમાં આવેલો. પત્રવ્યવહાર પણ મર્યાદિત સંખ્યામાં અને પુરાણા થોડાઘણા મિત્રો સાથે જ કરતો. આમાંનો ઘણો પત્રવ્યવહાર કોઈ બુદ્ધિહીન માનવીએ લખ્યો હોય તેવો અસંબદ્ધ રહેતો.

ન્યૂટનના જીવનકથાકારો તેમ જ ઇતિહાસકારો એની આ વિચિત્ર મનોદશાના વ્યાધિ અંગે ઘણા વખતથી ચર્ચા કરતા આવ્યા છે, પણ એમાં ઝાઝી સફળતા મેળવી શક્યા નથી. ૧૮૬૩માં એક અનામી લેખકે આ અંગેનું કારણ ન્યૂટનની માતાનું મૃત્યુ જણાવ્યું છે. પણ આમાં બહુ વજૂદ નથી, કારણ કે ન્યૂટનની મા તો ખાસ્સાં ૧૩ વર્ષો અગાઉ મૃત્યુ પામી હતી! ન્યૂટનના અન્ય ચરિત્રલેખકો કહે છે કે એનો આ માનસિક વિકાર 'Principia Mathematica' નામના પોતાના પ્રખ્યાત ગ્રંથ પાછળ લીધેલા માનસિક તેમ જ શારીરિક શ્રમના પરિણામે હોવો જોઇએ. પણ આ માન્યતા યે ખોટી છે, કારણ કે હકીકતે એની આ માંદગીનાં પાંચ વર્ષ અગાઉ એણે આ પુસ્તક પૂરું કરી નાખેલું. તો કેટલાક વળી પેલી જાણીતી વાત યાદ કરે છે. એના અગત્યના શોધપત્રો અને તારણો આગમાં બળી ગયાં તેનો આઘાત એ માટે કારણભૂત ગણે છે. પરંતુ ફરી પાછો એમાં સમયનો ફેર નડે છે: કારણ આગનો એ પ્રસંગ પણ ઘણાં વર્ષો પૂર્વે બનેલો.

પણ તાજેતરમાં 'Notes and Records of the Royal Socity of London'માં બે સંશોધન અહેવાલો પ્રસિદ્ધ થયા છે, તે જણાવે છે કે ન્યૂટનના આ માનસિક વ્યાધિ માટે કેટલાંક ઝેરી રસાયણોનો સતત સંપર્ક જવાબદાર હતો. આ બંને સંશોધકોના જૂથે એકમેકથી અલગ રીતે આ વાદ આગળ કર્યો છે. ન્યૂટન રાસાયણિક તેમ જ પ્રકાશ અંગેના પ્રયોગોમાં જે ધાતુઓ અને રસાયણો વાપરતો હતો, એની ઝેરી અસરનું આ સીધું પરિણામ હતું એવું આ સંશોધક દૃઢપણે માને છે. ઘણાં વર્ષોથી ન્યૂટન સીસું, આર્સેનિક, ઍન્ટિમની તેમ જ પારા સાથે પ્રયોગો કરતો હતો. આ બધી ધાતુઓને મોટાં ખુલ્લાં પાત્રોમાં મૂકીને ગરમ કરતી વખતે એની વરાળ ન્યૂટનના શ્વાસોચ્છ્વાસમાં ગઈ હોવી જોઇએ, એની માંદગીનાં ચિહ્નો આ બધી ધાતુઓના ઝેરીકરણથી થાય એવાં જ હતાં, આ ઉપરાંત પોતે તૈયાર કરેલા પદાર્થોને ચાખવાની એને ટેવ હતી. આવી રીતે એણે ૧૦૮ જુદાજુદા પ્રસંગોએ ચાખવાની વૃત્તિના પોતાની નોંધપોથીમાં ઉલ્લેખ કર્યા છે. વળી, આવા પદાર્થો બે આંગળી વચ્ચે ઘસવાની પણ એને ટેવ હતી. આમ, ફેફસાં

તથા જેનો રંગ સફેદ હોય એ બટાટા સારા ગણાય છે. મહાબળેશ્વર બાજુના બટાટા મોટા અને લાલ રંગના થાય છે તે ઘણા પૌષ્ટિક ગણાય છે. આપણા દેશમાં પરદેશથી પણ બટાટાની આયાત થાય છે; પરંતુ પરદેશી કરતાં દેશી બટાટા વધુ સારા ગણાય છે. એકલા બટાટાનું શાક થાય છે તેમ જ બટાટાના શાક સાથે બીજાં અનેક શાકોનું મિશ્રણ પણ થાય છે. તેમાં યે કાંદા-બટાટાનું કે રીંગણ-બટાટાનું મિશ્રણ ખૂબ સ્વાદિષ્ટ બને છે. રીંગણ-બટાટાના મિશ્રણમાં એક વિલક્ષણ સ્વાદ જોવા મળે છે. બટાટાને છાણાના દેવતાની રાખમાં શેકીને કે બાફીને પણ ખવાય છે. બટાટાની કાતરી, વેફર, ભજિયાં, વડાં, ખીર, પૂરી, શીરો વગેરે બને છે. બટાટા ફરાળી ચીજ ગણાય છે. ઉપવાસના દિવસે લોકો તેને હોંશથી ખાય છે. બટાટાને બાફીને સૂકવી તેનો લોટ બનાવે છે, જેનાં શીરો, પૂરી વગેરે પણ બને છે. દિનપ્રતિદિન બટાટાની નવીનવી વાનગીઓ પ્રચારમાં આવતી જાય છે. જેની પાચનશક્તિ સારી હોય તેને માટે બટાટાનું સેવન લાભદાયી છે.

ઘણા બટાટાની છાલ કાઢી નાખે છે, પરંતુ તેમાં કેટલાંક પોષક તત્ત્વો ચાલ્યાં જાય છે. તેમ જ તેને બાફતાં વધેલા પાણીમાં પણ પ્રજીવક તત્ત્વો–વિટામિન ભળેલાં હોય છે. તેથી એ પાણી પણ ફેંકી ન દેતાં તેને બીજાં શાકોમાં કે દાળમાં ઉમેરી લેવું હિતકારી છે. બટાટા કંદમૂળ હોવાથી જૈનોને ધાર્મિક રીતે અનુકૂળ નથી. પણ બીજા લોકો બટાટાનું સેવન વિપુલ પ્રમાણમાં કરે છે. અને તેથી તેને અનાજના પૂરક ખોરાક તરીકેનું સ્થાન મળી ગયું છે. પશ્ચિમના તો કેટલાય દેશોમાં બટાટાનો માથા દીઠ વાર્ષિક વપરાશ લગભગ ચારસો રતલ જેટલો છે.

સઘળી જાતના બટાટા ઠંડા, મળને રોકનાર, મધુર, ભારે, મળ તથા મૂત્રને ઉત્પન્ન કરનાર, રુક્ષ, માંડ પચે તેવા અને રક્તપિત્તને મટાડનાર છે. તેમ જ એ કફ તથા વાયુને કરનાર, બળ આપનાર, વીર્યને વધારનાર અને અગ્નિને ઘણો જ ઓછો વધારનાર છે. બટાટાનું શાક સ્વાદિષ્ટ ને રુચિકર થાય છે, પરંતુ પૂરતો મસાલો ન હોય તો વાયુ કરે છે. બટાટા ગૅસ–બાદી કરનાર છે. યુનાની મત પ્રમાણે બટાટા રુક્ષ, શીતલ, કામોત્તેજક, વીર્યવર્ધક, પચવામાં ભારે અને ઉદરવર્ધક છે. બટાટામાં પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ, ફૉસ્ફરસ, પોટૅશ્યમ, ગંધક, તાંબુ અને લોહ ઓછાવત્તા પ્રમાણમાં છે. વિટામિન 'એ' અને 'સી' પણ થોડા પ્રમાણમાં છે. મોટા બટાટામાં એ દ્રવ્યો વધારે હોય છે ને નાનામાં ઓછા પ્રમાણમાં.

બટાટા નરમ થયા હોય કે ઉપર દુર્ગંધવાળું પાણી આવી ગયું હોય તો તેનો ઉપયોગ કરવો ન જોઇએ. મંદાગ્નિવાળાએ, ગૅસના દર્દીએ કે માંદા માણસોએ બટાટા ખાવા હિતાવહ નથી. મધુમેહના રોગી માટે પણ બટાટા હિતકારક નથી. અગ્નિમાંદ્ય, આફરો, વાતપ્રકોપ, જ્વર, મળાવરોધ, ખૂજલી વગેરે ત્વચારોગ, પ્રમેહ, રક્તવિકાર, અતિસાર, પ્રવાહિકા, આંતરડાંનો ક્ષય, અર્શ, અપચો અને ઉદરકૃતિ, એ રોગોથી પીડાતા રોગીઓએ બટાટા ઓછી માત્રામાં જ ખાવા જોઇએ. બટાટા પરિશ્રમી, પરિશ્રમથી નિર્બળ બનેલા, રક્તપિત્તથી પીડાતા, શરાબી ને તેજ જઠરાગ્નિવાળાઓ માટે અતિ પોષક છે.

(સ્વસ્થ માનવ) —માધવ મો. ચૌધરી

અવાજનું પ્રદૂષણ

પ્રદૂષણોની સમસ્યામાં સામાન્યમાં સામાન્ય માનવીને પણ અસર કરતા બળોમાં ઘોંઘાટ કે વધુ પડતા અવાજની સમસ્યા પણ એક મુખ્ય બળ સમી છે. પરંતુ આજની દુનિયામાં તેની સામે રક્ષણ મેળવવાનું મુશ્કેલ છે. દુનિયામાં થતા અનેક પ્રકારના ચિત્ર-વિચિત્ર નાના-મોટા અવાજો આ પ્રદૂષણમાં વધારો કરી રહ્યા છે. હાલમાં દુનિયામાં અવાજની માત્રા વધવાનું પ્રમાણ એક વર્ષે એક ડેસિબલનું છે. જો આ જ દરથી અવાજનું પ્રમાણ વધતું રહેશે, તો આવતી સદીમાં લોકોને સામાન્ય વાતચીત માટે પણ ઘાંટા પાડવા પડશે.

સ્કૂટર–મોટર વગેરે વાહનોના અવાજો, કારખાનાંના ધમધમાટ,

વાટે તેમ જ ત્વચા વાટે આ બધી ઝેરી ધાતુઓ એના શરીરમાં ગઈ હોવાનું મનાય છે. એની માંદગીની શરૂઆતમાં જ એની લંડન ખાતેની ઓરડી ઘેરા લાલ રંગના સિંદૂર (mercury sulfide)થી રંગવામાં આવેલી. આ હિંગળો પણ એક કારણ હોવાનું મનાય છે.

ન્યૂટન ધાતુના ઝેરીકરણથી રિબાતો હતો એ પુરવાર કરવા માટે આ સંશોધનકારોએ ન્યૂટ્રોન-ઍક્ટિવેશન પૃથક્કરણ તેમ જ ઍટમિક ઍબસોર્પ્શન સ્પૅક્ટ્રોફોટોમેટરી જેવી આધુનિક સંવેદી પદ્ધતિઓની મદદ લીધી હતી. આ પદ્ધતિઓ દ્વારા ન્યૂટનના વાળનો અભ્યાસ કર્યા પછી એમણે આ તારણ કાઢ્યું છે. આજે દુનિયામાં ન્યૂટનના વાળના ચાર ગુચ્છા સચવાએલા છે. આ બધા જ નમૂનાઓમાં આ ધાતુઓનું એકસરખું ઊંચું પ્રમાણ નોંધાયું છે. પણ પ્રશ્ન એ થાય કે શું સાચે જ આ વાળ ન્યૂટનના જ હશે? આ પૈકી બે વાળના ગુચ્છા અંગે શંકા કરવાનું કશું પ્રયોજન નથી, કારણ કે એ ન્યૂટનના વંશજો તરફથી જ મળ્યા છે. આ વંશજો હજી આજે યે ન્યૂટનની હસ્તલિપિઓ તેમ જ અન્ય સ્મૃતિ-અવશેષોનો ઠીકઠીક સંગ્રહ ધરાવે છે. ધાતુના ઝેરની વાત નીકળી છે તો સાથોસાથ આપણે અહીં એક આડવાત પણ કરી લઈએ.

ઍગાથા ક્રિસ્ટી (૧૮૯૧-૧૯૭૬)ની રહસ્યકથાઓ તો ઘણાએ વાંચી હશે. આ લેખિકા ઘણાંબધાં ઝેરની જાણકાર હતી, કહો કે નિપુણ હતી. એની રહસ્યકથાઓનાં અનેક પાત્રો વખતોવખત ઝેરનાં શિકાર બને છે. એની 'The Pale Horse' નામની રહસ્યકથા ઘણાએ વાંચી હશે.

થોડા સમય પહેલાં 'બ્રિટિશ જર્નલ ઑાવ હૉસ્પિટલ મૅડિસિન'માં આ સત્યકથા આવેલી. બન્યું એવું કે એક ૧૯ માસની નાની આરબ બાળકી અર્ધમૂર્છિત અવસ્થામાં પર્શિયન અખાતમાંથી હવાઈમાર્ગે સારવાર માટે લંડન આવેલી. લંડનની હૅમરસ્મિથ હૉસ્પિટલમાં તેને દાખલ કરાઈ. જરૂરી અને પૂરતી તાત્કાલિક સારવાર અને સાવચેતી છતાં એ ઝડપથી મોત તરફ હડસેલાતી જતી હતી. ડૉક્ટરોને નિદાનમાં ઝાઝી ગમ પડતી ન હતી. એક વાર નિદાન થાય તો યોગ્ય સારવાર થઈ શકે.

એ પછી સવારે માર્શા મેઈટલૅન્ડ (Marsha Maitland) નામની નર્સ ડ્યૂટી બજાવવા આવી ત્યારે એણે જોયું કે આ બાળકી તો થેલિયમ (Thallium)નો ભોગ બની હોય એવાં લક્ષણો જણાય છે. આ થેલિયમ એ ભૂખરા શ્વેત રંગની ઝેરી ક્ષારો ધરાવતી ધાતુ છે. આ નર્સ એ અરસામાં ઍગાથા ક્રિસ્ટીની ઉપરોક્ત નવલકથા વાંચતી હતી. એમાં પણ થેલિયમના ઝેરની જ વાત આવે છે. ડૉક્ટરોને જઈને એણે પોતાનું મંતવ્ય દર્શાવ્યું. બ્રિટનમાં થેલિયમનું વેચાણ બહુ નિયંત્રિત ધોરણે થાય છે. એટલે ત્યાં એના ઝેરના કિસ્સા ભાગ્યે જ જોવા મળે, એટલે એની ચકાસણી કરતાં ઉપકરણો તથા રસાયણો પણ હૉસ્પિટલની પ્રયોગશાળામાં ન હતાં. સ્કૉટલૅન્ડ યાર્ડની મદદ માગવામાં આવી. શાબાશ નર્સ! શાબાશ ઍગાથા! તપાસમાં એ જ કાતીલ ઝેર જણાયું. પછી તો યોગ્ય સારવાર આપતાં બાળકી સાજીસમી થઈ ગઈ.

આ કિસ્સો દર્શાવે છે કે ઍગાથા ક્રિસ્ટીનું લખાણ અને વર્ણન કેટલું વૈજ્ઞાનિક હશે, તો સામે પક્ષે નર્સનું નિરીક્ષણ પણ દાદ માગી લે છે. માત્ર પ્રયોગશાળાનાં ઉપકરણોમાં જ નહિ, વ્યવહારમાં પણ ચોકસાઈ ભર્યું નિરીક્ષણ એ જ વિજ્ઞાન.

કાશ, ન્યૂટનના છેલ્લા દિવસોમાં એની સાથે ઍગાથા કે માર્શા હોત!

—ડૉ. સુશ્રુત પટેલ

રેડિયો, રેકૉર્ડ્સ વગેરેનો અવાજ માનવજીવનને જે નુકસાન કરે છે, તે અંગે આપણા દેશમાં કશું જ થઈ શક્યું નથી. તાજેતરમાં થએલા અભ્યાસો બતાવે છે, કે મોટા અવાજો ગર્ભવતી સ્ત્રીના ગર્ભને એટલું મોટું નુકસાન કરે છે, કે જે ક્યારેય સુધારી શકાતું નથી. બિનજરૂરી અવાજના અર્થમાં ઘોંઘાટ માનવજીવનની શરૂઆતથી જ શરૂ થયો છે. છેક ઈસવીસનની પહેલી સદીમાં પણ પાણીના સુંદર ધોધના અવાજથી માણસ બહેરો બન્યો હોવાનું ઇતિહાસમાં નોંધાયું છે. પરાપૂર્વથી નદીના ધોધ પાસે રહેતી વ્યક્તિઓ સાંભળવામાં કંઈક મુશ્કેલી અનુભવે છે.

ભારતમાં સૌથી વધુ ઘોંઘાટવાળાં શહેરો દિલ્હી અને કલકત્તા છે. આ શહેરોમાં વધુમાં વધુ ઘોંઘાટવાળા વિસ્તારોમાં અવાજનું પ્રમાણ ૯૫ ડેસિબલ જેટલું રહે છે. એમ કહેવાય છે કે ૮૫ ડેસિબલ જેટલો અવાજ પણ માનવીની શ્રવણ-શક્તિને નુકસાન પહોંચાડી શકે છે.

મોટા અવાજ કે ઘોંઘાટની ગંભીર અસરોનો સૌથી વધુ ભોગ, કારખાનાંઓ કે બાંધકામ વિભાગમાં કામ કરતા મજૂરો, વિમાનના પાયલોટ તેમ જ લશ્કરમાં તોપદળના સૈનિકો બને છે. આ ઉપરાંત, બૅન્ડ, કે તેવો મોટો અવાજ કરનાર, સંગીતનાં સાધનો સાથે કામ કરનાર, પોપ સંગીતના ચાહકો તેમ જ પશ્ચિમી સંગીત અને પશ્ચિમી ઢબ નૃત્ય અને મહેફિલ માટેની હોટેલો–ડિસ્કોમાં જતા માણસોને ઘોંઘાટની ખરાબ અસરો સૌથી વધુ થાય છે.

દિલ્હીમાં જ્યારે સૌપ્રથમ ૧૯૭૦માં ડિસ્કોની શરૂઆત થઈ, ત્યારે ત્યાંનાં અનેક યુવક યુવતીઓમાં બહેરાશની ફરિયાદ શરૂ થઈ હતી. ત્યાર પછી ડિસ્કોમાં અવાજની માત્રાની મોજણી કરતાં જણાયું કે ત્યાં ૧૦૪ થી ૧૧૨ ડેસિબલ અવાજ થતો હતો. ધ્વનિમુદ્રિત કરેલા સંગીત કરતાં ડિસ્કોનું પ્રત્યક્ષ સંગીત વધુ ઘોંઘાટિયું અને નુકસાનકારક પુરવાર થયું છે. શહેરી વિસ્તારના અવનવા કોલાહલની અસરોના અભ્યાસમાં એમ જાણવા મળ્યું છે કે શહેરી વિસ્તારમાં મોટી ઉંમરને કારણે આવતી બહેરાશ ૪૫ વર્ષની વયે જ શરૂ થઈ જાય છે. જ્યારે ગ્રામ વિસ્તારમાં આ તકલીફ ૬૦થી ૬૫ વર્ષની વયે થાય છે. ઓચિંતો કે એકાએક થતો ધડાકો કે અવાજ કાનને સૌથી વધુ નુકસાન પહોંચાડે છે. લશ્કર દ્વારા થએલી એક મોજણી અનુસાર તોપો ચલાવનાર લશ્કરી ટુકડીના ૫૦ ટકા સૈનિકોની શ્રવણશક્તિને ક્ષતિ પહોંચેલી હોય છે.

કેટલાક અંદાજો મુજબ અવાજના સ્તરમાં દર વર્ષે ૧૦ ટકાનો વધારો થાય છે. અવાજની તીવ્રતા, એ હવાનાં રજકણોનાં કંપનો દ્વારા કાનને પહોંચાડવામાં આવતી કાર્યશક્તિનો જથ્થો છે. અવાજની તીવ્રતાના આંકને લઘુગુણકીય માપ એકમમાં માપવામાં આવે છે, જેને ડેસિબલ્સ (ડી. બી.) કહેવામાં આવે છે. ઘોંઘાટ, સાઉન્ડ લેવલમીટર અથવા 'અવાજ મીટર' દ્વારા માપવામાં આવે છે. અમુક સામાન્ય સરેરાશ અવાજ સ્તર ડેસિબલમાં આ પ્રમાણે છે: ઘડિયાળનો અવાજ ૨૦, સરેરાશ શાંત ઘર–૪૫, ૩ ફૂટ દૂર થતી વાતચીત ૬૦, ટાઈપરાઈટરોનો અવાજ ૬૫, જ્યારે વધુ અવાજના સ્તરમાં ૨૦ ફૂટ દૂરના અંતરેથી પૅસેન્જર મોટર ૭૫, કૌટુંબિક ચર્ચા ૮૦, ૧૦ ફૂટ દૂરથી શહેરનો ટ્રાફિક ૮૫, સ્ટેશન પરથી પસાર થતી ટ્રેન ૯૦, ૩૦ ફૂટ દૂરની ટ્રક ૯૫, લાકડાં કાપવાનું મશીન ૧૦૫, ૨૫ ફૂટ દૂરથી જેટ વિમાન ઊપડતી વખતે ૧૩૫, ૧૦૦ ફૂટના અંતરેથી ૫૦ હોર્સપાવરની સાયરન, ૧૪૦ ડી. બી. અને ૩૦૩ રાયફલનો અવાજ ૧૬૦ ડેસિબલ થાય છે.

('યોજના') —દિગંત દવે

અજમાવી જુઓ


ધતૂરાનાં પાનનો રસ કાઢી તેમાં જરૂર પૂરતો ઘઉંનો લોટ તથા જરાક ખાંડ મેળવી લૂગદી બનાવવી. અને રાતે ખરજવા પર મૂકી પાટો બાંધી સવારે છોડી નાખવો. આ પ્રયોગથી જૂનું ખરજવું મટે છે.

ઈસબગુલ દૂધમાં ઉકાળી પીવાથી ગર્ભાશયનો સોજો દૂર થાય છે.

('આયુ ડાયજેસ્ટ') —નીલા વ. વસાણી

આકાશ-દર્શન

તારા-દર્શનના રસથી કે મંગળ, ગુરુ ને શનિ એ ત્રણ ગ્રહોના નિરીક્ષણથી આ ઉનાળાની રાતે ખુલ્લા આકાશ તળે સૂવાનું રાખવાથી સિંહ તારામંડળ ને તેની નજીકનો આકાશ-વિસ્તાર હમણાં ઠીકઠીક પરિચિત બની ગયો હશે. આ સિંહ હવે મધરાત થતાંમાં તો પશ્ચિમ ક્ષિતિજમાં ઊતરી જવા લાગશે, પણ તેની પાછળ કન્યા, તુલા અને વૃશ્ચિકનાં તારામંડળોને, જો આકાશ નિરભ્ર હોય તો નીરખવાની હવે સારી તક રહેશે. આ ત્રણે રાશિ મંડળોનાં છે અને તે ક્રાંતિવૃત્ત પર આકાશના દક્ષિણ ગોળાર્ધમાં દેખાય છે.



કન્યા (Virgo)નું તારામંડળ ઝાંખા તારાઓવાળું હોવા છતાં જાણીતું છે. આકાશમાં વાસુકી (Hydra) તારામંડળ પછી વિસ્તારની દૃષ્ટિએ કન્યાનો ક્રમ બીજો આવે છે. આ મંડળનો મુખ્ય તારો છે 'ચિત્રા'. ક્રાંતિમાર્ગ પર એનું સ્થાન હોવાથી તથા મંડળના અન્ય તારાઓના મુકાબલે ઘણો તેજસ્વી હોઈ તેને ઓળખવો સરળ છે. ને 'ચિત્રા'ને ખોળી કાઢયા પછી તો સમગ્ર તારામંડળ સહેલાઈથી પરખી શકાય છે. આપણાથી ર૬૦ પ્રકાશ વર્ષ દૂર છે. સૂર્ય કરતાં લગભગ ૨૦૦૦ ગણી તેની તેજસ્વિતા છે અને તે પ્રથમ વર્ગના વીસ તેજસ્વી તારાઓમાંના એકનું સ્થાન ધરાવે છે. ચિત્રા સત્યાવીસમાંનું એક નક્ષત્ર છે.

કેટલાક દેશોમાં કન્યા તારામંડળ એ કાપણી (harvest)નું સૂચક મનાય છે. એટલે એના આકારમાં હાથમાં ઘઉંની કણસલી લઈને ઊભેલી કન્યાની આકૃતિ કલ્પી છે. ઘઉંની કણસલીને Spica કહે છે, અને એ પરથી ચિત્રાને એ નામ અપાયું છે, એનું એક નામ Azimech પણ છે. ક્યાંક વળી આ કન્યાને ન્યાયની દેવી Astraea કલ્પી છે અને એટલે એની પાસે ન્યાયની તુલા (Libra) પણ હોવી જોઈએ. જે કન્યાની બાજુના જ નાનકડા તારામંડળમાં કલ્પવામાં આવી છે.

ચિત્રાની પશ્ચિમે જે તારો સ્પષ્ટ દેખાય છે તે છે 'ગામા વર્જિનિસ.' એને Porrima પણ કહે છે. દૂરબીનમાંથી જોતાં બે પીળાશ પડતા શ્વેત તારા રૂપે એ દેખાય છે, એટલે કે એ યુગ્મ તારક છે. આ બંને તારાને એકબીજાની ફરતે એક પ્રદક્ષિણાચક્ર પૂરું કરતાં ૧૭૨ વર્ષ લાગે છે. કન્યા તારામંડળમાં ૪૦૦ લાખ પ્રકાશવર્ષ દૂર અનેક તારાવિશ્વોનું જૂથ છે. દૂરબીન વડે તેમાં કેટલીક તેજસ્વી વમળ નિહારિકાઓ જોવા મળે છે. આમાંની એકના ફોટોગ્રાફો લેતાં જણાયું છે કે તેમાંથી સ્ફોટ સાથે તેનું દ્રવ્ય બહાર ફેંકાઈ રહ્યું છે. ખગોળશાસ્ત્રીઓએ તાજેતરમાં શોધ્યું છે કે તેની મધ્યમાં 'બ્લૅક હૉલ' હોવાની શક્યતા છે.

'તુલા' પણ રાશિમાં ગણાય છે. ઝાંખા તારાઓવાળું આ નાનકડું મંડળ નકશાના આધારે પારખી શકાશે. એના ચાર મુખ્ય તારાથી રચાતા ચોરસ આકારમાં તુલા એટલે કે ત્રાજવાની આકૃતિની કલ્પના છે. આમાં એની દાંડીના બે ચળકતા તારા 'વિશાખા' નક્ષત્રના ગણાય છે.

તુલા પછી ક્રાંતિવૃત્ત ઉપર આવે છે 'વૃશ્ચિક' (Scorpius) રાશિનું તારામંડળ. યથાનામ આકારવાળું આ તારામંડળ દક્ષિણ આકાશનું એક અનોખું આકર્ષણ છે. એના આકારમાં કલ્પેલી વૃશ્ચિક એટલે કે વીંછીની આકૃતિમાં મુખ પાસેના ત્રણ સાધારણ અને એક ઝાંખો તારો મળીને ચાર તારા 'અનુરાધા' નક્ષત્રમાં ગણાય છે. તે પછી વીંછીના પેટ કે પીઠના સ્થાન પરના ત્રણ તારાના જૂથનો ભાગ 'જયેષ્ઠા' નક્ષત્રનો છે. જયેષ્ઠામાં વચ્ચે ઝળહળતો રતૂમડો તારો તે 'પારિજાત' (Antares). તેજ અને વર્ણને લીધે એ ઘણી વાર 'મંગળ' હોવાનો ભ્રમ કરાવે છે. પારિજાત સૂર્ય કરતાં સાડા ત્રણ કરોડ ગણો મોટો તારો છે, પણ એનું દળ એટલું પાંખું છે કે એનું વજન સૂર્ય કરતાં માત્ર ૩૦ ગણું જ વધારે થાય છે. મતલબ કે એના દ્રવ્યનું ઘટત્વ એટલું ઓછું છે કે આપણા વાતાવરણમાં એક ઘનફૂટ જેટલી જગ્યામાં જેટલું વાયુદ્રવ્ય સમાય એટલું દ્રવ્ય પારિજાત પર ૧૫૦૦ ઘન માઈલમાં ફેલાઈ રહેલું છે. પારિજાત સૂર્ય કરતાં ૧૯૦૦ ગણો તેજસ્વી છે ને આપણાથી ૫૨૦ પ્રકાશ વર્ષ દૂર છે. એને આછા લીલા વર્ણનો એક સાથીદાર પણ છે.

આ વીંછીની પૂછડી પાસેનો ભાગ 'મૂળ' નક્ષત્રનો ગણાય છે તેની પાસે બે તારાગુચ્છો છે. જેમાંનું એક નરીઆંખે પણ કળી શકાય છે. બીજું દૂરબીનમાંથી 'પતંગિયાની પાંખ' જેવું દેખાય છે. વૃશ્ચિકના મુખ પાસે પણ બે તારા-ગુચ્છો છે ને ત્યાંની એક નિહારિકા પણ નોંધનીય છે.

આ ત્રણે તારામંડળો માથા પર આવે તે પહેલાં હજી મધરાત પૂર્વે ગુરુ, શનિ અને મંગળ ગ્રહની ત્રિપુટીનું દર્શન થઈ શકશે. મંગળ હવે કન્યા રાશિમાં પહોંચ્યો છે. થોડા જ સમયમાં એ મઘા પાસેથી તે આટલે દૂર પહોંચી ગયો. ત્યારે ગુરુ હજી મઘાથી થોડે દૂર સુધી જ પહોંચ્યો છે. શનિ પણ હવે સિંહ રાશિ છોડીને કન્યા રાશિ તરફ જઈ રહ્યો છે. જ્યારે બુધ ને શુક્ર હવે વહેલી સવારે પૂર્વાકાશમાં જોવા મળશે. —બિ.

ગણિતગમ્મત

(૧૧,૮૨૬)² = ૧૩,૯૮,૫૪,૨૭૬. આ વર્ગની સંખ્યામાં ૧ થી ૯ સુધીનો દરેક આંકડો એક જ વાર વપરાયો છે. આ પ્રકારનો આ નાનામાં નાનો વર્ગ છે. જ્યારે—

૯૮,૭૬,૫૪,૩૨૧ નહીં પણ ૯૨,૩૧,૮૭,૪૫૬ [=(૩૦,૩૮૪)²] એ આ જ રીતે એક જ વાર વપરાએલા ૧ થી ૯ સુધીના આંકડાવાળા મોટામાં મોટા વર્ગની સંખ્યા છે.

હવે ૦-શૂન્ય સહિત ૧ થી ૯ સુધીના દસેય આંકડા એક જ વખત વપરાયા હોય તેવી દસ આંકડાની નાનામાં નાની વર્ગની સંખ્યા—

૧,૦૨,૬૭,૫૩,૮૪૯ = (૩૨,૦૪૩)² અને

૯,૮૧,૪૦,૭૨,૩૫૬ = (૯૯,૦૬૬)²

એ મોટામાં મોટો વર્ગ છે.

—કિશોર ગોરધનદાસ


આગામી માસ (ઑગસ્ટ) ઇતિહાસમાં

તા.૧/૧૭૧૪ જર્મનીમાં હૅનોવરના અર્નેસ્ટ ઑગસ્ટના પુત્ર જ્યૉર્જને, એની માતા સોફિયા જેમ્સ પહેલાની પુત્રી હતી એ નાતે, ગ્રેટ બ્રિટન અને આયર્લૅન્ડની ગાદી મળી. આ જ્યોર્જને અંગ્રેજી ભાષાનું જરા પણ જ્ઞાન નહોતું એટલે રાજકાજમાં એને પ્રધાનો પર આધાર રાખવો પડતો. પરંતુ રાજકારણમાં એ સદા જાગ્રત અને સક્રિય રહેતો. ઈંગ્લૅન્ડમાં આ રાજા જ્યોર્જ પહેલાથી હૅનોવર રાજવંશનો આરંભ થયો.

તા. ૭/૧૯૪૧ કવિવર રવીન્દ્રનાથ ઠાકુરનું અવસાન અને યોગાનુયોગે આ જ તારીખે ઇ. ૧૮૭૧માં આ ઠાકુર કુટુંબમાં વિખ્યાત ચિત્રકાર અવનીન્દ્રનાથનો જન્મ થએલો.

તા.૧૨/૧૭૬૫ વાર્ષિક ૨૬ લાખ રૂપિયામાં અંગ્રેજોએ બંગાળ, બિહાર અને ઓરિસ્સા મેળવ્યા.

તા. ૨૪/૭૯ વિસુવિયસ જ્વાળામુખી ફાટવાથી પૉમ્પીઆઈ નગરનો મહાવિનાશ. ઈટાલીમાં વિસુવિયસ પર્વતની તળેટીમાં લગભગ બે માઇલના લંબગોળાકાર ઘેરાવામાં વસેલા એ નાના પણ સુયોજિત નગરમાં મનાય છે કે પ્રથમ ઓસ્કન, પછી એટ્રુસ્કન અને કાળાંતરે ઉત્તર



રોમન વર્ચસ્વ હતું. ઈ.૭૯ની ૨૪મી ઑગસ્ટે એકાએક વિસુવિયસ જ્વાળામુખી ફાટ્યો અને તળેટીમાં વસેલાં પૉમ્પીઆઈ અને હર્ક્યુલેનિયમ રાખ અને પથરાના ઢગલામાં બિલકુલ દટાઈ ગયાં. ધીરેધીરે પૉમ્પીઆઈ તદ્દન વિસરાઈ ગયું. સોળમી સદીમાં કંઈ કામ અંગે ખોદકામ કરતાં થોડા અવશેષો મળ્યા. ઈ. ૧૭૬૩માં સંશોધનાર્થે ખોદકામ થયું ને પછી તો ઉત્તરોત્તર વધુ ઉત્ખનનો થતાં રહી અંતે એ સમગ્ર નગરી પ્રકાશમાં આવી. આ અવશેષો પરથી એ સમયના ત્યાંના સમગ્ર જીવનની જાણ થઈ શકી છે.

આ જ ઑગસ્ટ માસમાં ૨૭મી તારીખે ઈ. ૧૮૮૩ સાલમાં પણ આવો જ એક અન્ય મહાવિનાશક વિસ્ફોટ થયો હતો. જાવા-સુમાત્રા વચ્ચે સુન્દની સામુદ્રધુનીમાં આવેલા ક્રકતાવ ટાપુ પરનો જ્વાળામુખી ફાટવાના ધડાકા જેટલો ભયંકર એક પણ ધડાકો હજી સુધી માનવઈતિહાસમાં નોંધાયો નથી. અગાઉના કોઈ વિસ્ફોટના અવશેષરૂપ બેત્રણ ટાપુઓમાંના એક આ ક્રકતાવનું ૨૬૨૩ ફૂટ ઊંચું શિખર ઈ. ૧૬૮૦માં જ્વાળામુખી ફાટતાં ઊડી ગએલું. એ પછી ૧૮૮૩માં ત્યાં ફરી ધરતીકંપો થવા લાગ્યા ને અંતે ૨૭ ઑગસ્ટે તો સવારના પહોરમાં ઇતિહાસમાં અદ્વિતીય એવા ભયાનક ધડાકા સાથે એ ચઢ્યો. માઈલના ટાપુના બે તૃતીયાંશ ભાગના ફુરચા ઊડી જઇ ત્યાં ઊંડાં સાગરજળ ફરી વળ્યાં. જ્વાળામુખીનો એ ધડાકો ૩૦૦૦ મા. દૂર સુધી સંભળાયો હતો. વીસ માઇલ ઊંચે સુધી તો એની વરાળ ને ધૂળરાખ ઊડેલી ને વાતાવરણમાં ૧૮૦ માઈલ જેટલા ઘેરાવામાં એનાથી અંધારું વ્યાપી ગએલું. આ વિસ્ફોટથી સમુદ્રમાં ખળભળાટ મચી ઉત્પન્ન થયેલાં પચાસપચાસ ફૂટથી યે ઊંચાં મોજાંઓએ જાવા-સુમાત્રાની કંઠાર પર ઊંડે સુધીનાં ૩૦૦ જેટલાં ગામડાં ધોઇ નાખેલાં.

અને ત્રીજો મહાવિનાશક વિસ્ફોટ પણ આ જ માસમાં ઇ. ૧૯૪૫ની ૬ ઑગસ્ટે અમેરિકાએ જાપાનના હિરોશીમા પર અણુબૉંબ ઝીંકીને કરેલો.



એક માણસ: આ જમણી બાજુથી ટ્રામ આવે છે તે ક્યાં જાય છે?

બીજો માણસ: ડાબી બાજુ.

'પપ્પા, સરકસમાં એક માણસ ઘોડા પર બેઠો હતો તે પછી ઘોડાની ગરદન પકડીને લટક્યો, પછી પેટ નીચે લટકી ગયો ને પછી ઘોડાની પૂછડીને વળગી પડેલો. અને એ બધો વખત ઘોડો તો દોડતો જ હતો.'

'એમાં શી ધાડ મારી? પહેલી જ વખત હું ઘોડા પર બેઠેલો ત્યારે મેં પણ એમ જ કરેલું.'

'સાંભળ્યું છે કે તમે તમારી હોટેલમાં ઉપર નીચે બધા રૂમમાં ગરમ પાણીની સગવડ ઉમેરી છે. પણ ઉપરના કરતાં નીચેના માળના રૂમનું ભાડું અર્ધું જ કેમ રાખ્યું?' બે હોટેલમાલિકો વાત કરતા હતા.

'ઉપરની રૂમોનું ગરમ પાણી નીચેની રૂમોમાં ચાલે ને? નીચેનો ખર્ચ ઓછો એટલે અર્ધું ભાડું પરવડે.'

'આ બસ ચાર રસ્તા ઊભી રહેશેને, મારે ત્યાં ઊતરવાનું છે.'

'હા, હા. મારે મણિનગર ઊતરવાનું છે. હું ઊતરું એ પહેલાંના સ્ટૅન્ડ પર ઊતરી જજો.'

'બગલાં એક પગ ઊંચકી લઈને શા માટે ઊભાં રહેતાં હશે?'

'બીજો પગ પણ ઊંચકી લે તો પડી ન જાય?'



(જનસત્તામાં સ્વ. 'શિવ')

નામી નરમાં નમ્રતા જગ કદી કમી ન જોય,
જુઓ ત્રાજવું તોલતાં નમતું ભારી હોય.

લાહોરનો એક વિદ્યાર્થી ૧૮૯૩માં કૉલેજની પરીક્ષામાં બેઠો. પોતાની બૌદ્ધિક પ્રતિભા વડે એમણે પરીક્ષકને વિસ્મયમાં નાખી દીધા. ગણિતના પ્રશ્નપત્ર પર એક નોંધ હતી: 'તેરમાંથી કોઇ પણ નવ પ્રશ્નો કરવા.' વિદ્યાર્થીએ તેરેતેર દાખલા ગણીને પોતાની ઉત્તરવહી નીચે લખ્યું : 'તેરમાંથી ચાહો તે નવ ઉત્તરો જોઈ લ્યો.' અને પરિણામ જાહેર થતાં એ વિદ્યાર્થી આખા પંજાબમાં તે પરીક્ષામાં સૌથી પ્રથમ આવ્યો! એ યુવકનું નામ હતું — તીર્થરામ, જે આગળ જતાં સ્વામી રામતીર્થ નામથી દેશ અને પરદેશમાં વિખ્યાત બની ગયા.

કહેવતોના અર્થ : 'ગોરિયો ગમાણે આવ્યો.' કણબીનો હરાયો બળદ રખડી-રવડી તથા હારી-થાકીને રાત્રે પાછો ગમાણમાં આવી ઊભો રહે (અને બળદનું એક સામાન્ય નામ 'ગોરો'–ગોરિયો હોય છે) એ પરથી પડેલી આ કહેવત, આપમેળે ઠેકાણે આવતા અકોણા માણસો, તથા રોઇરોઇને થાકી પોતાની મેળે મનાતાં રીસાળ છોકરાંઓ વગેરેને માટે વપરાય છે. 'વાર્યા ન કરે તે હાર્યા કરે' વગેરે કહેવતો આવા જ ભાવની ગણાય.

અનેકાર્થી શબ્દ : ચીણ=સ્ત્રીઓની ડોકનું એક જાતનું ઘરેણું; ઘાઘરાના નેફા આગળની કરચલીઓ; ચાકડા પર વાસણ તૈયાર થયેથી કાપી લેવાનો દોરો; પંખીઓનો ખોરાક-ચણ; માટી કે મીઠું વગેરે ખોદવાનું હથિઆર.

હરડે

હરસમાં દરરોજ ખાધા પહેલાં ગોળ સાથે હરડે ખાવી. ઝાડામાં હરડે આપવી. ગોળામાં ગોળ સાથે હરડે લેવી. કફણ ઝાડો થતો હોય તો ગોમૂત્રમાં પલાળેલી હરડે લેવી. નીરોગી રહેવા બારે માસ હરડે લેવી. મુખપાકમાં હરડે ઘસીને ચોપડવી. જખમમાંથી લોહી નીકળે તો હરડેનું ચૂર્ણ દાબવું.

अति-परिचयादवज्ञा
सन्तत-गमनादनादरो भवति ।
लोकः प्रयाग-वासी
कूपे स्नानं समाचरति ॥

અતિ-પરિચય હોવાથી અવજ્ઞા અને ઉપેક્ષા થાય છે. બીજાને ત્યાં વારંવાર જવાથી અનાદર થાય છે. પ્રયાગ-વાસી લોકો ઘણા ભાગે કૂવા ઉપર સ્નાન કરતા હોય છે.

ગણિત-ગમ્મત :

૧૨૩૪૫૬૭૮૯	૯૮૭૬૫૪૩૨૧
૧૨૩૪૫૬૭૮	૮૭૬૫૪૩૨૧
૧૨૩૪૫૬૭	૭૬૫૪૩૨૧
૧૨૩૪૫૬	૬૫૪૩૨૧
૧૨૩૪૫	૫૪૩૨૧
૧૨૩૪	૪૩૨૧
૧૨૩	૩૨૧
૧૨	૨૧
૧	૧
૧૦૮૩૬૭૬૨૬૯	૧૦૮૩૬૭૬૨૬૯

વીંછીના ડંખ ઉપર દાડમડીના પાંદડાં છૂંદીને બાંધી દેવાથી થોડી વારમાં ઠંડક થશે ને ઝેર ઊતરી જશે. પાંદડાં વાટતી વખતે તેમાં પાણીનો જરા યે ઉપયોગ કરવો નહિ. વીંછીના ડંખ ઉપર ચીરો કરી અંદર મધ નાખવાથી પણ ઝેર ઊતરી જાય છે. કરી જોજો.

પેટી પૅક કરતી વખતે દરેક ખીલા નીચે લાકડાની પાતળી ચીપ કે જાડા પૂઠાનો નાનો કટકો મૂકવો. પેટી ખોલતી વખતે તે કટકો તોડી નાખવાથી ખીલો ખેંચી કાઢવા માટે પકડ પૂરતી જગ્યા થઈ રહેશે ને પેટીનું લાકડું ફાટયા કે બગડયા વિના ખીલા ખેંચી શકાશે.

ધ્યાન દઈને સાંભળજો. અગાઉ કદી ન સંભળાયું હોય તેવું કશુંક તમને સાંભળવા મળશે.




ટિકિટકથા : એક સદી પૂર્વે કૅનેડાની ઉત્તરે ઉ. ધ્રુવ પ્રદેશની કેટલીક જમીન મેળવવા માટે અરજી કરેલી. બ્રિટિશોએ એમની એ માગણીને ઉત્તેજિત રાખી. પણ હકીકતે એ તરફના ટાપુઓ પર કાયદેસર કોઈની માલિકી સ્થપાઈ જ નહોતી, પણ અમેરિકા આ ભેદ જાણી ન જાય તેની કાળજી બ્રિટને રાખી. પછી આ ટાપુઓ કૅનેડાના કબજામાં લેવાયા, પણ ઈ. ૧૮૯૬માં યુકૉનમાં સોનું મળી આવ્યું ત્યાં સુધી કૅનેડાની સરકારે તે ટાપુઓના વિકાસમાં ખાસ કંઈ રસ બતાવ્યો નહોતો. આ ટાપુઓ કૅનેડાના શાસનમાં લીધાની શતાબ્દી નિમિત્તે કૅનેડાએ આ ખાસ ટિકિટ બહાર પાડી છે, જેમાં આ ટાપુઓ સહિત કૅનેડાનો નકશો આપ્યો છે.

ચોમાસામાં સોય અથવા લોખંડની પિનો સાચવવા માટે મીણ કે સાબુના કટકામાં ખોસી રાખજો; એથી કટાશે નહિ.

આંબાનાં બળતાં પાંદડાંનો ધુમાડો આપવાથી હેડકી બંધ થઈ જાય છે.

મનુષ્યના માથાના વાળ એક વર્ષમાં ૧૬ ઈંચ લાંબા વધે છે, અને નખ ૨॥ ઈંચ.



કલાકણિકા : આજે જેની 'ફૅશન' બંધ થઈ ગઈ છે એ, ખિસ્સા-ઘડિયાળોનાં ઘરાંની પાછલી બાજુનું શોભનવૈવિધ્ય.

જાદુપટુઆ લોકકલા

રંગાઈનો કસબ અને આપણો સાંસ્કૃતિક કલાવારસો.

જાદુપટુઆ એટલે 'જાદુઈ ચિત્રકાર'. સૈકાઓ સુધી, જાદુપટુઆ કહેવાતા લોકગાયકોની મંડળીઓ, બિહારનાં એક ગામડેથી બીજે ગામ ભ્રમણ કર્યા કરતી. અને સર્જન, વિસર્જન તથા અલૌકિક વિષયોનું દર્શન કરાવતાં વીંટા-ચિત્રો(Scroll Paintings) દ્વારા લોકોનું મનોરંજન કરતી.

આ ચિત્રાંકિત કથાઓ સળંગ પટ્ટાપરનાં ચિત્રો દ્વારા કહેવાતી. ચિત્રોનું વિભાજન આડી રેખાઓ દ્વારા થાય છે.



જાદુપટુઆ ચિત્રોની આકૃતિઓ સામાન્ય રીતે એકજ સાદી સપાટી પર દર્શાવવામાં આવતી હોય છે અને સાંથાલ લોકોનાં નૃત્યોની મોહક અદાઓ પ્રતિબિંબિત કરે છે.

જાદુપટુઆ કલાકારો, ચિત્રો દોરવા માટેની પીંછી, બકરીના વાળનો નાનો ગુચ્છો લઇને તેને નાનકડી લાકડી અથવા પીંછા સાથે બાંધીને બનાવી લેતા. આ ચિત્રો વનસ્પતિનાં અથવા ખનિજોનાં રંગદ્રવ્યોમાંથી બનાવેલા કુદરતી રંગોથી દોરવામાં આવતાં હતાં—કાળા રંગ માટે કાજળ અથવા મેંશ, લાલ માટે કંકુ અને ખુલતા, લાલાશવાળા તપખીરિયા માટે નદીકાંઠાની માટીનો ઉપયોગ કરતા.

ત્યાર પછી તો ભારતીય રંગ-દ્રવ્યોએ ઘણી પ્રગતિ કરી છે. આજે, અતુલમાં તરેહ તરેહનાં રંગદ્રવ્યો (ડાઈઝ) રાસાયણિક રીતે તૈયાર થાય છે. આ ડાઈઝની મદદથી સુતરાઉ, શણના, ઊનના, રેશમી, આર્ટસિલ્કના તેમજ માનવસર્જિત સિન્થેટિક કાપડથી માંડીને ચામડું તથા કાગળ પર પણ સુંદર રંગકામ કરી શકાય છે.

આ ઉપરાંત, અતુલ ડાઈ-ઈન્ટરમીડિયેટસનું ઉત્પાદન પણ કરે છે, જેની મદદથી ડાઈઝ તથા સફેદને અધિક ઉજ્જવલ કરી 'ઑપ્ટિકલ બ્લાઈટનિંગ એજંટ' બનાવી શકાય છે. રંગ હોય ત્યાં રંગ-દ્રવ્ય હોય જ.

"રંગો રાસાયણિક, આધુનિક સો ચીજો સોહાય. અતુલના સર્વોત્તમ રંગો, સૌ કોઈ મોહાય."

ધી અતુલ પ્રૉડક્ટ્સ લિ.

અતુલ-વિરાટ રાસાયણિક સંકુલ
પો. ઑ. અતુલ,
જિલ્લો : વલસાડ-૩૯૬૦૨૦
ગુજરાત (ભારત)
ફોન : ૬૧ તાર : "TULA" અતુલ
ટેલેક્સ : "૦૧૭૩-૨૩૨ અતુલ ઇન"

Adroit-2027 GUJ